અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

Regd. Ministry of Minority Affairs Haj Divison
IATA SINCE : 2007
અલ-નિમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હજ્જ-૨૦૨૫
દિવસ ૩૮ થી ૪૦
DELUXE PACKAGE ₹6,50,000/- + TCS Extra
SEMI DELUXE PACKAGE ₹6,00,000/- + TCS Extra
અમદાવાદ થી અમદાવાદ
9537847917, 8320992700

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૭૨ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# સૈફ અલી પર હુમલો આંતરરાષ્ટ્રીય કાવતરૂં હોવાની શંકા

## મુંબઇ પોલીસે બોલીવૂડ અભિનેતા સૈફ અલી ખાનને તેમના બાંદ્રા નિવાસસ્થાને તેઓને છરીના ઘા મારવા બદલ વિજય દાસ જેને બિજોય દાસ અને મોહમ્મદ ઈલિયાસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેની ધરપકડ કરી છે, છત્તીસગઢમાં ટ્રેનમાં શોધખોળ બાદ દાસની ધરપકડ કરવામાં આવી હતી, તપાસમાં જાણવા મળ્યું છે કે, આ હુમલો ચોરી અથવા કોઈ લક્ષિત હુમલો હોઈ શકે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

બોલીવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર છરીના અનેક ઘા મારવાના આરોપીની રવિવારે થાણેમાં ધરપકડ કરવામાં આવી હતી. આ વ્યક્તિની ઓળખ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદ તરીકે થઈ છે, જેને વિજય દાસ તરીકે પણ ઓળખવામાં આવે છે, જેની ઉંમર ૩૦ વર્ષ છે. તે બાંગ્લાદેશી નાગરિક છે અને તે છ મહિના પહેલા પશ્ચિમ બંગાળ સરહદ દ્વારા ભારતમાં પ્રવેશ્યો હતો. પોલીસે કહ્યું છે કે, એવા પ્રાથમિક પુરાવા છે કે, આરોપી બાંગ્લાદેશી છે. તેની પાસે માન્ય ભારતીય દસ્તાવેજો નથી. કેટલાક વસ્તુ મળી છે જે દર્શાવે છે કે, તે બાંગ્લાદેશી નાગરિક છે. અત્યારે અમને લાગે છે કે, આરોપી પહેલીવાર સૈફ અલી ખાનના ઘરમાં પ્રવેશ્યો છે. પ્રાથમિક રીતે આ આરોપી બાંગ્લાદેશી છે અને ભારતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ્યા પછી તેણે પોતાનું નામ બદલ્યું હતું. તે પોતાના વર્તમાન નામ તરીકે વિજય દાસનો ઉપયોગ કરી રહ્યો હતો. તે ૫-૬ મહિના પહેલા મુંબઈ આવ્યો હતો. તે થોડા દિવસો માટે મુંબઈમાં રહ્યો અને પછી મુંબઈની આસપાસ રહ્યો. આરોપી હાઉસકીપિંગ એજન્સીમાં કામ કરતો હતો. તે હાલમાં ખાર પોલીસ સ્ટેશનમાં અટકાયતમાં છે. અગાઉ મુંબઈમાં એક શંકાસ્પદ વ્યક્તિની પૂછપરછ કરવામાં આવી હતી પરંતુ તેને આ ઘટનામાં સંડોવણીમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. અન્ય એક શંકાસ્પદ વ્યક્તિ આકાશ કનોજિયાની છત્તીસગઢમાં ધરપકડ કરવામાં આવી હતી અને તેને મુંબઈ પોલીસને સોંપવામાં આવ્યો હતો. પોલીસે ખાનના નિવાસસ્થાને હુમલામાં વપરાયેલા હથિયારનો એક ભાગ જપ્ત કર્યો છે. આરોપીના વકીલે પોલીસના એવા નિવેદનને પડકાર્યું હતું કે, બાંગ્લાદેશી નાગરિક શહેઝાદ છ મહિના પહેલા ભારતમાં પ્રવેશ્યો હતો અને કહ્યું હતું કે, આરોપી તેના પરિવાર સાથે સાત વર્ષથી વધુ સમયથી મુંબઈમાં રહે છે. પોલીસ પાસે એવા કોઈ પુરાવા નથી કે તે બાંગ્લાદેશી છે. તેમણે કહ્યું કે, તે ૬ મહિના પહેલા અહીં આવ્યો હતો, તે ખોટું નિવેદન છે. તે ૭ વર્ષથી વધુ સમયથી અહીં રહે છે. આરોપીને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે.

આરોપી મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદને મુંબઈની બાંદ્રા હોલિડે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જેણે પાંચ દિવસની પોલીસ કસ્ટડી મંજૂર કરી હતી. બચાવ પક્ષના વકીલે ધરપકડની કાયદેસરતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી, પરંતુ મેજિસ્ટ્રેટે આ દલીલોને ફગાવી દીધી હતી, કારણ કે, તેમાં પૂરતા તર્કનો અભાવ હતો. ફરિયાદ પક્ષે દલીલ કરી હતી કે, આરોપી બાંગ્લાદેશી નાગરિક, મોટા આંતરરાષ્ટ્રીય કાવતરામાં સામેલ હોઈ શકે છે, જેને મેજિસ્ટ્રેટે પોલીસ કસ્ટડી મંજૂર કરતી વખતે ધ્યાનમાં લીધો હતો. સૈફ પર હુમલાના સંબંધમાં ધરપકડ કરાયેલ વ્યક્તિને રવિવારે મુંબઈની કોર્ટમાં પોલીસ રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યો હતો. આરોપીને બપોરે ૧:૩૦ વાગ્યે બાંદ્રાની હોલિડે કોર્ટમાં લાવવામાં આવ્યો હતો. થાણે શહેરમાં ધરપકડ બાદ પોલીસે તેના રિમાન્ડની માગણી કરી હતી.



### બાંગ્લાદેશી આરોપીને બાંદ્રા કોર્ટ દ્વારા પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં સોપાયો, આરોપીના વકીલ કહે છે કે એ બાંગ્લાદેશી નથી

પ્રાથમિક તપાસ મુજબ શહેઝાદ ૧૬ જાન્યુઆરીના રોજ વહેલી સવારે ખાનના બાંદ્રા સ્થિત નિવાસસ્થાન, સતગુરુશરણ બિલ્ડિંગમાં ચોરી કરવાના ઈરાદાથી પ્રવેશ્યો હતો.

ધરપકડ કરાયેલ શંકાસ્પદ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ, બિજોય દાસ અને મોહમ્મદ ઈલિયાસ સહિત અનેક ઉપનામો હેઠળ કામ કરતો હોવાનું કહેવાય છે. તેણે થાણે જતા પહેલા થોડા સમય માટે મુંબઈમાં એક હાઉસકીપિંગ એજન્સીમાં કામ કર્યું હતું. ગુનો કર્યાના ૧૫ દિવસ પહેલા તે મુંબઈ પાછો ફર્યો હતો. ડીસીપી દીક્ષિત ગેદમે જણાવ્યું હતું કે, પાસપોર્ટ એક્ટ અને ફોરેનર્સ એક્ટની સંબંધિત કલમો ઉપરાંત અન્ય બીએનએસ કલમો ઉમેરવામાં આવશે. ડીસીપીના જણાવ્યા અનુસાર આરોપીની ઓળખ બાંગ્લાદેશી તરીકે થઈ હતી અને તેની પાસેથી એક દસ્તાવેજ અથવા ઓળખપત્ર મળી આવ્યું હતું.

અધિકારીઓ તપાસ કરી રહ્યા છે કે, આ છરાબાજીનો પ્રયાસ ચોરીનો પ્રયાસ હતો કે, અભિનેતા પર પૂર્વયોજિત હુમલો હતો. શરૂઆતના અહેવાલો સૂચવે છે કે, ઘૂસણખોર ઈમારતના લેઆઉટ અને સુરક્ષા ખામીઓથી પરિચિત હોઈ શકે છે, જેના કારણે તેના ઈરાદા વિશે અટકળો શરૂ થઈ હતી. તપાસકર્તાઓએ સીસીટીવી ફૂટેજ પર આધાર રાખ્યો હતો, જેમાં શંકાસ્પદ વ્યક્તિ ઈમારતમાંથી પસાર થતો અને પછી નજીકની દુકાનમાંથી ઈયરફોન ખરીદતો દર્શાવવામાં આવ્યો હતો. અભિનેતાના સ્ટાફ અને પડોશીઓના નિવેદનોથી પણ પોલીસને હુમલાની રાત્રે શંકાસ્પદ વ્યક્તિની ગતિવિધિઓ એકત્રિત કરવામાં મદદ મળી હતી. ફિલિપે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, તે વ્યક્તિએ તેને ચૂપ રહેવાની ધમકી આપી હતી અને જ્યારે તેણીએ પ્રતિકાર કર્યો ત્યારે હુમલો કર્યો હતો, જેનાથી તેના હાથ અને કાંડામાં ઈજા થઈ હતી. સૈફ અલી ખાને તેના પરિવારને બચાવવા માટે દરમિયાનગીરી કરી હતી પરંતુ ઝઘડા દરમિયાન તેને ઘણી વખત છરી મારવામાં આવી હતી. અભિનેતાને ગંભીર ઈજાઓ થઈ હતી, જેમાં થોરાસિક કરોડરજ્જુમાં ૨.૫ ઈંચની બ્લેડ વાગી હતી અને તેમને લીલાવતી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમની પત્ની કરીના કપૂર અને સ્ટાફ સભ્ય ગીતાને પણ નાની ઈજાઓ થઈ હતી. મુંબઈ પોલીસે ઘટનાની તપાસ માટે ૨૦ ટીમો એકત્ર કરી હતી, જેમાં ક્રાઈમ બ્રાન્ચ અને બાંદ્રા પોલીસ સ્ટેશનના અધિકારીઓનો સમાવેશ થાય છે. બળજબરીથી ઘૂસવાના કોઈ સંકેતો મળ્યા નથી, જે સૂચવે છે કે, ઘૂસણખોરે સુરક્ષાની ખામીનો લાભ લીધો હતો. ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE)એ મુંબઈ પોલીસ કમિશનરને પત્ર લખીને અભિનેતા માટે સુરક્ષા વધારવાની વિનંતી કરી છે. લીલાવતી હોસ્પિટલના ડોક્ટરોએ ખાનની કરોડરજ્જુમાંથી છરીનો ઘા સફળતાપૂર્વક દૂર કર્યો છે. અભિનેતા પર સર્જરી કરવામાં આવી હતી અને તેને ICUમાંથી નિયમિત રૂમમાં રાખવામા આવ્યા છે. ન્યુરોસર્જન દ્વારા તેની ગરદન અને હાથ પર ઊંડા ઘાવની પણ સારવાર કરવામાં આવી હતી, જેના માટે પ્લાસ્ટિક સર્જરીની જરૂર હતી. હોસ્પિટલના ચીફ ઓપરેટિંગ ઓફિસર ડૉ.નીરજ ઉત્તમણિએ જણાવ્યું હતું કે, સૈફનું સ્વાસ્થા સ્થિર છે અને તે સ્વસ્થ થઈ રહ્યો છે. તે નિરીક્ષણ હેઠળ છે પરંતુ ટૂંક સમયમાં સંપૂર્ણ સ્વસ્થ થવાની અપેક્ષા છે.

## પોલીસે સૈફના હુમલાખોરની કસ્ટડી મેળવી, કોર્ટે આંતરરાષ્ટ્રીય કાવતરાની શંકાનો ઉલ્લેખ કર્યો

### મુંબઈની કોર્ટે અભિનેતા સૈફ અલી ખાન પર ચાકુ મારનાર આરોપીને પાંચ દિવસની પોલીસ કસ્ટડી આપતા કહ્યું કે, હુમલાખોર બાંગ્લાદેશનો હોવાથી આંતરરાષ્ટ્રીય કાવતરાની શંકાને નકારી શકાય નહીં

સૈફ અલી ખાન હુમલા કેસના આરોપી મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદને આજે બપોરે બાંદ્રા કોર્ટમાં ધરપકડ બાદ લાવવામાં આવ્યો હતો. પોલીસે ૧૪ દિવસની કસ્ટડી માંગી હતી, જેનો બચાવ પક્ષના વકીલે વિરોધ કર્યો હતો. તપાસ અધિકારીએ કહ્યું હતું કે, સૈફ અલી ખાનને ગંભીર ઈજાઓ થઈ હતી. અમને એ તપાસ કરવાની જરૂર છે કે, આરોપી અભિનેતાના નિવાસસ્થાનમાં કેવી રીતે પ્રવેશ્યો અને હુમલા પાછળના તેના હેતુઓ શું છે. તે બાંગ્લાદેશી નાગરિક છે અને તે નક્કી કરવું મહત્ત્વપૂર્ણ છે કે, તે દેશમાં કેવી રીતે પ્રવેશ્યો. અમને ૧૪ દિવસની કસ્ટડીની જરૂર છે. બચાવ પક્ષના વકીલે જણાવ્યું હતું કે, આ મામલો બિનજરૂરી રીતે પ્રચારિત કરવામાં આવી રહ્યો છે કારણ કે, તેમાં સૈફ અલી ખાન પર હુમલો છે. નહિંતર તેને સામાન્ય કેસ તરીકે ગણવામાં આવ્યો હોત. રિમાન્ડ અરજીમાં કસ્ટડીના કારણો સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યા ન હતા. આરોપી એક નાનો છોકરો છે જેનો અગાઉ કોઈ ગુનાહિત રેકોર્ડ નથી અને તેને બલિનો બકરો બનાવવામાં આવી રહ્યો છે. કેસની સુનાવણી પછી મીડિયા સાથે વાત કરતા શહેઝાદના વકીલ સંદીપ શેખાણેએ કહ્યું કે, કેસનો દૃષ્ટિકોણ ફક્ત એટલા માટે બદલાઈ ગયો છે કારણ કે, તે બાંગ્લાદેશી છે. સૌ પ્રથમ સૈફ અલી ખાને ક્યારેય કોઈ નિવેદન આપ્યું નથી કે કોઈની સાથે એવી કોઈ ફરિયાદ નથી કે જેનાથી તેમના માટે કોઈ રાજ્ય, બાંગ્લાદેશ કે અન્ય કોઈ દેશ તરફથી ખતરો છે. તેમના પર કોઈ આંતરરાષ્ટ્રીય કેસ નથી. અગાઉ તે બાંગ્લાદેશમાં હતો પરંતુ તે ઘણા વર્ષોથી અહીં રહે છે. પોલીસે કહ્યું કે, તે ૬ મહિનાથી અહીં રહે છે, જે સાચું નથી. પરિવાર મુંબઈમાં છે.

## બ્રિટનમાં કંગના રણૌતની ફિલ્મ ઈમરજન્સી સામે શીખ સમાજનો જબરદસ્ત વિરોધ, સિનેમાગૃહોમાંથી ફિલ્મ ઉતારી લેવી પડી

### કંગનાની ફિલ્મમાં શીખ સમાજ વિરોધી ખોટો પ્રચાર કરવામાં આવ્યો હોવાની ટીકા કરતા શીખ સંગઠનો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

બોલીવૂડ અભિનેત્રી કંગના રાણૌતની બહુચર્ચિત ફિલ્મ 'ઈમરજન્સી' બ્રિટનમાં પ્રદર્શિત કરવા સાથે જ શીખ સમાજના સંગઠનો દ્વારા જોરદાર વ્યાપક દેખાવો કરીને વિરોધ કરવામાં આવ્યો છે પરિણામે બ્રિટનના ત્રણ અગ્રણી શહેરોમાં સિનેમાગૃહોમાંથી ફિલ્મ ઉતારી લેવી પડી છે તેવું જાણવા મળ્યું છે. કંગનાએ ફિલ્મમાં ભારતના લોખંડી મહિલા અને પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીનું પાત્ર ભજવ્યું છે. બ્રિટનના શીખ સમાજમાં ફિલ્મની સામે જોરદાર વિરોધ ઊભો થયો છે અને પ્રસારણ થતાં જ ભારે ઉગ્ર દેખાવો થતાં ત્રણ શહેરો વુલ્લરહેમ્પટન બર્મિંગહમ અને દેશની રાજધાની લંડનમાંથી આ ફિલ્મ સિનેમાગૃહોમાંથી ઉતારી લેવાની ફરજ પડી છે. શીખ સમાજના સંગઠનોએ આ ફિલ્મને ભારતના શીખો વિરોધી ખોટો પ્રચાર કરતી ફિલ્મ ગણાવી છે એટલે સમગ્ર બ્રિટનમાં આ ફિલ્મના પ્રસારણ સામે મોટા પાયે વિરોધ આંદોલન કરવાનું જાહેર કરવામાં આવ્યું છે. જી સ્ટુડીયો દ્વારા ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે પરંતુ શુક્ર તથા શનિ અને રવિવારે ત્રણ શહેરોના સિનેમાગૃહોમાંથી ફિલ્મને ઉતારી લેવી પડી હતી. દેશના હજુ વધુ ૧૭ સીને વર્લ્ડ સિનેમા અને ૩૧ અન્ય સિનેમામાં આ ફિલ્મનું પ્રદર્શન થવાનું છે. શીખ પ્રેસ એસોસિએશનના એક નિવેદનમાં જણાવ્યું હતું કે કંગનાની ફિલ્મમાં શીખ નરસંહારમાં પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને ભૂમિકા બાદ ભારત સરકાર દ્વારા શીખ વિરોધી ખોટો પ્રચાર કરવામાં આવ્યો હતો એ આ ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે. ભારત સરકાર દ્વારા અત્યારે શીખ વિરોધી પ્રચાર ખૂબ જ મજબૂત રીતે ચલાવવામાં આવી રહ્યો છે અને શીખ સેન્સર શીપ પણ લાગુ છે એવા સમયે આ ફિલ્મનું બ્રિટનમાં પ્રસારણ કરવામાં આવી રહ્યું છે. તો બીજી તરફ ૯૦ના દાયકામાં શીખ નરસંહહારને ઉઘાડો પાડવા કોશિશ કરનાર શહીદ જશવંતસિંહ ખાલરાના જીવન પર બનેલા ફિલ્મનું પ્રસારણ પણ કરવા દેવામાં આવી રહ્યું નથી. બર્મિંગહમ શહેરનો એક વીડિયો પણ જાહેર થયો છે જેમાં સ્ટાર સિટી સિનેમાના મેનેજરને શીખ લોકોનું એક ટોળું ઘેરીને ઊભું છે અને તમામ લોકોએ કાળા વસ્ત્રો પહેરી રાખ્યા છે તે પછી સ્ટાર સિનેમામાંથી આ ફિલ્મ ઉતારી લેવાની ફરજ પડી હતી. એ જ રીતે શેરે પંજાબ અને ઈન્સ્ટાગ્રામ પર લખ્યું છે કે અમને બીજા એક સિનેમા જનરલ મેનેજર તરફથી પણ ફોન કોલ આવ્યો હતો અને એમણે પણ ઈમરજન્સી ફિલ્મ ઉતારી લીધી છે અને હવે તેનું પ્રસારણ કરવાના નથી. એટલે હવે ભારત સરકારને પણ એ સંદેશો મળી ગયો છે કે કલાના માધ્યમ મારફત અહીંની ભૂમિ પર શીખ વિરોધી કોઈ ખોટો પ્રચાર કરી શકાશે નહીં. અમે અહીં વસતા શીખોને એમના વિસ્તારમાં ફિલ્મનું પ્રસારણ અટકાવવાના પગલાં લેવા માટે વિનંતી કરી છે. બ્રિટિશ બોર્ડ ઓફ ફિલ્મ ક્લાસિફિકેશન દ્વારા તાજેતરમાં જ ઈમરજન્સી ફિલ્મના પ્રસારણની મંજૂરી આપવામાં આવી હતી. બર્મિંગહમના એક શીખ ઉદ્યોગપતિ બોબી સિંઘે ઈન્સટાગ્રામ પર લખ્યું હતું કે આખી ફિલ્મ શીખ સમુદાયના હિતોની વિરૂદ્ધ છે અને તેના માટે નુકસાનકારક છે. ફિલ્મમાં શીખો નકારાત્મક અને ખોટું વ્યક્તિત્વ ચિત્રણ કરવામાં આવ્યું છે જેનાથી વિભાજનકારી પરિબળો અને રંગભેદને ઉત્તેજન મળશે.

## ક્યા બાત હૈ ?!

**પ્રિયંકા ગાંધી વિશે અભદ્ર ટિપ્પણીઓ કરતા રોકવા માટે તેમની પત્નીએ તેમના મોઢે ટેપ લગાડી છે !**




## સૈફ અલી ખાન પર ચપ્પાથી હુમલો કરનાર બાંગ્લાદેશી વ્યક્તિ થાણેમાં છૂપાયો હતો, પોલીસે તેને કેવી રીતે શોધી કાઢ્યો

(એજન્સી) તા.૧૯

૧૬ જાન્યુઆરીએ મોડી રાત્રે સૈફ અલી ખાન પર થયેલા હુમલાનો આરોપી હવે પોલીસ કસ્ટડીમાં છે. પોલીસે ૭૨ કલાકની તપાસ બાદ તેને પકડી લીધો. આરોપીનું નામ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહઝાદ છે. ૩૦ વર્ષીય આરોપીએ સૈફ પર છ વાર ચાકુ માર્યું હતું. જેના કારણે તે હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. આરોપી શહઝાદને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. આ હાઈપ્રોફાઈલ કેસને ઉકેલવા માટે પોલીસે દિવસ-રાત મહેનત કરી. દરમિયાન એ જાણવું મહત્ત્વપૂર્ણ છે કે, પોલીસને કયા પ્રકારની સુરાગ મળી જેનાથી તેમને આરોપીઓને પકડવામાં મદદ મળી. ચાલો જાણીએ સૈફ પર હુમલો કરનાર શહઝાદની ધરપકડની આખી વાર્તા. વાસ્તવમાં પોલીસને ૯ જાન્યુઆરીનો એક સીસીટીવી ફૂટેજ મળ્યો છે જે બાંદ્રા રેલવે સ્ટેશનનો છે. તે દિવસે હુમલાખોર બાઈક પર જોવા મળ્યો હતો. પોલીસે ફેસ રેકગ્નિશન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આરોપીની ઓળખ કરી. બાઈક નંબરના આધારે બાઈક ચાલક પકડાઈ ગયો. આ બાઈકર દ્વારા પોલીસ હુમલાખોર સુધી પહોંચી અને તેની ધરપકડ કરવામાં આવી. માહિતી મુજબ ૧૬ જાન્યુઆરીની રાત્રે સૈફ પર હુમલો કર્યા પછી આરોપી નજીકના બગીચામાં છૂપાયો હતો. આગામી ૩-૪ કલાક ત્યાં રહ્યા પછી એક દુકાને ગયો અને મારા કપડાં બદલ્યા. સવારે ૮:૩૬ વાગ્યે બાંદ્રા સ્ટેશનથી દાદર જતી ટ્રેન પકડી. પોલીસને બાંદ્રા સ્ટેશનથી પહેલી સુરાગ મળી. દાદર ગયા પછી તે ગાયબ થઈ ગયો. ચહેરાની ઓળખ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પોલીસે બાંદ્રા રેલવે સ્ટેશન પર જોવા મળેલા બધા લોકોના ચહેરાઓ સાથે મેચ કરવાનો પ્રયાસ કર્યો, જેઓ છેલ્લા કેટલાક દિવસોમાં ત્યાંથી પસાર થયા હતા. તે દરમિયાન પોલીસને એક મોટી સુરાગ મળી. પોલીસને ખબર પડી કે ૧ જાન્યુઆરીના રોજ શહઝાદ બાંદ્રા સ્ટેશન પર જોવા મળ્યો હતો પછી તે ૯ જાન્યુઆરીએ અંધેરીમાં જોવા મળ્યું પછી તે જ દિવસે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ શહઝાદ બાઈક પર જોવા મળ્યો. પોલીસ તે બાઈક સુધી પહોંચી. જાણવા મળ્યું કે, બાઈકનો માલિક થાણેનો એક યુવાન હતો.

## સૈફ અલી ખાન પર હુમલો કરનાર મોહમ્મદ શહેઝાદ ભારતીય નથી ? તેણે નામ બદલીને વિજય દાસ રાખ્યું હતું : ખરેખર તે કોણ છે ?

### અભિનેતા સૈફ અલી ખાન પર હુમલો કરવા બદલ ધરપકડ કરાયેલ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદ પાસે કોઈ ભારતીય દસ્તાવેજો નથી અને તેણે પોતાનું નામ બદલીને વિજય દાસ રાખ્યું છે, પોલીસે સૈફ અલી ખાન પર તેના બાંદ્રા સ્થિત ઘરે હુમલો કરવા બદલ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદની ધરપકડ કરી હતી. પોલીસને શંકા છે કે શહેઝાદ બાંગ્લાદેશી નાગરિક હોઈ શકે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

મુંબઈ પોલીસે આખરે ત્રણ દિવસ પહેલા સૈફ અલી ખાન પર તેના પોશ બાંદ્રા સ્થિત ઘરમાં હુમલો કરનાર વ્યક્તિની ધરપકડ કરી હતી. ૩૫ ટીમો ત્રણ દિવસ અને અનેક શંકાસ્પદોની પૂછપરછના અનેક રાઉન્ડ પછી પોલીસને આખરે આરોપીને પકડવામાં સફળતા મળી છે અને જેની ઓળખ તેમણે મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદ તરીકે કરી હતી. ગુરૂવારે રાત્રે લગભગ ૧:૩૭ વાગ્યે, શહેઝાદ સૈફના મકાનમાં પ્રવેશતા સીસીટીવીમાં કેદ થયો. ત્યારબાદ તેને અભિનેતાના નાના પુત્ર જેહના બેડરૂમમાં ઘરના નોકરે જોયો હતો. ત્યારબાદ સૈફ અને તેની પત્ની કરીના કપૂર ખાન ઘટનાસ્થળે દોડી ગયા. સૈફનો ચોર સાથે ઝઘડો થયો અને તેના ગળા અને પીઠમાં છરાના ઘા વાગ્યા અને તેને લીલાવતી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો જ્યાં તેની બે સર્જરી કરવામાં આવી. સવારે ૧:૪૭ વાગ્યે, ચોર ફરીથી બિલ્ડિંગમાં નીચે ઉતરતો સીસીટીવીમાં કેદ થયો. ત્રણ દિવસ સુધી, આરોપી ધરપકડથી ફરાર હતો અને રવિવારે તેને અભિનેતાના બાંદ્રા ઘરથી લગભગ ૩૫ કિલોમીટર દૂર, થાણેના કાસરવડાવલીમાં એસ્ટેટ ખાતે મેટ્રો બાંધકામ સ્થળ નજીક એક મજૂર શિબિરમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેની ધરપકડ પછી, શહેઝાદે અભિનેતાના ઘરમાં પ્રવેશ કરીને ગુનો કર્યાની કબૂલાત કરી. તે ન્યૂઝ ચેનલો જોતો હતો અને ધરપકડથી બચવા માટે પોતાનો મોબાઈલ ફોન બંધ રાખતો હતો.

**સૈફ અલી ખાનનો હુમલાખોર કોણ છે ?**

- હુમલાખોરની ઓળખ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદ તરીકે થઈ છે
- તેણે કથિત રીતે 'વિજય દાસ' નામનો ઉપયોગ કરીને ધરપકડથી બચવાનો પ્રયાસ કર્યો હતો.
- તે થાણેમાં રિકીના બારમાં ઘરકામ કરતો હતો.
- તેણે પોલીસને જણાવ્યું કે તે પશ્ચિમ બંગાળનો છે.
- શહેઝાદ મજૂરી તરીકે નાની નોકરી કરે છે.
- આરોપી પાસે કોઈ ભારતીય દસ્તાવેજો નથી. ભારતમાં તેનો કોઈ પરિવાર નથી.
- પોલીસને શંકા છે કે આરોપી બાંગ્લાદેશનો નાગરિક હોઈ શકે છે.
- પ્રથમ દૃષ્ટિએ તે ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યો હશે અને તેનું નામ બદલીને વિજય દાસ રાખ્યું છે.
- તેણે અનેક નામોનો ઉપયોગ કર્યો, જેમ કે વિજય દાસ, વિજય દાસ, મોહમ્મદ ઈલ્યાસ અને અન્ય.
- તે ૪થી ૫ મહિના પહેલા મુંબઈ આવ્યો હતો.

પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, ડીસીપી દીક્ષિત ગડમે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા આરોપી પાસેથી કોઈ માન્ય દસ્તાવેજો મળી આવ્યા નથી જે દેખાવમાં બાંગ્લાદેશી નાગરિક હોય તેવું લાગે છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી ચોરી કરવાના ઈરાદાથી પ્રખ્યાત અભિનેતાના ઘરમાં પ્રવેશ્યો હતો. તેનું નામ શરીફુલ ઈસ્લામ છે. તે લૂંટના ઈરાદાથી ઘરમાં પ્રવેશ્યો હતો. પ્રાથમિક પુરાવા છે કે આ આરોપી બાંગ્લાદેશી છે. અમે તેને કોર્ટમાં રજૂ કરીશું અને વધુ તપાસ માટે તેની પોલીસ કસ્ટડી માંગીશું. તેની પાસેથી કોઈ માન્ય ભારતીય દસ્તાવેજો મળ્યા નથી, એવું લાગે છે કે તે બાંગ્લાદેશી નાગરિક છે. ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યા પછી તેણે પોતાનું નામ બદલી નાખ્યું હતું. હાલમાં, તે વિજય દાસ નામ વાપરી રહ્યો છે. તે પાંચથી છ મહિના પહેલા મુંબઈ આવ્યો હતો. આરોપી અનેક ઉપનામોનો ઉપયોગ કરી રહ્યો હતો. તે થોડા દિવસો માટે મુંબઈમાં રહ્યો અને પછી મુંબઈની આસપાસ રહ્યો. તે એક હાઉસકીપિંગ એજન્સીમાં કામ કરતો હતો. હુમલાખોરની ધરપકડ પહેલા, સૈફ અલી ખાનના ઘરની સીડીઓ પરથી નીચે ઉતરતા સીસીટીવી ફૂટેજમાં કેદ થયેલા તેના પોસ્ટર મુંબઈ અને આસપાસના સ્થળોએ લગાવવામાં આવ્યા હતા. એસએસ ઘટના પછી દાદર રેલ્વે સ્ટેશન પર દેખાતી ક્લિપ સહિત અનેક સીસીટીવી ફૂટેજમાં હુમલાખોર દેખાયા બાદ મુંબઈ પોલીસે તેને પકડવા માટે ટીમો બનાવી હતી.

### સૈફ અલી ખાનના હુમલાખોરે અગાઉ સફાઈ કામ કરવા માટે અભિનેતાના ઘરે મુલાકાત લીધી હતી : સૂત્રોનો દાવો

સૈફ અલી ખાનના હુમલાખોર, મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદ, અગાઉ અભિનેતાના ઘરે ગયો હતો અને એક હાઉસકીપિંગ ફર્મમાં કામ કરતો હતો. સૂત્રો અનુસાર, આરોપી, વિજય દાસ, બિજોય દાસ, મોહમ્મદ ઈલ્યાસ અને અન્ય નામથી પણ ઓળખાતો હતો, તેની રવિવારે સવારે થાણેના હીરાનંદાની એસ્ટેટમાં મેટ્રો બાંધકામ સ્થળ નજીક એક મજૂર શિબિરમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આ ૩૦ વર્ષીય આરોપીએ ૧૬ જાન્યુઆરીના રોજ વહેલી સવારે કથિત ચોરી દરમિયાન સૈફ પર તેના બાંદ્રા એપાર્ટમેન્ટમાં અનેક વાર ચાકુ માર્યું હતું. ૧૬ જાન્યુઆરીના રોજ, આરોપીએ જોયું કે સુરક્ષા ગાર્ડ સૂઈ રહ્યો છે અને તે ૧૧મા માળે ચઢી ગયો. ૧૧મા માળે પહોંચતા જ, તે ડક્ટ શાફ્ટમાં પ્રવેશ્યો અને અભિનેતાના ફ્લેટમાં પ્રવેશ્યો. ડક્ટ તેને બાળકોના રૂમની નજીક છે અને જ્યાં તે બાથરૂમમાં છુપાઈ ગયો. અગાઉ, શહેઝાદ વર્લીમાં રહેતો હતો. ઘટનાના દિવસે, તેણે થાણે જવા માટે ટ્રેન પકડી હતી. થાણેમાં એક બાઈક પર સવાર વ્યક્તિ તેને લેવા આવ્યો હતો. બાઈકના રજિસ્ટ્રેશન નંબરની મદદથી, પોલીસે ૧૮ જાન્યુઆરીએ તેને ઘોડબંદર સુધી ટ્રેક કર્યો, જ્યાં તેની ધરપકડ કરવામાં આવી. મુંબઈ પોલીસના ડીસીપી દીક્ષિત ગેદામે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આરોપી સામે કેસ નોંધવામાં આવ્યો છે અને તેની ધરપકડ કરવામાં આવી છે. મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદ લૂંટના ઈરાદાથી સૈફના ઘરે ગયો હતો. અમને શંકા છે કે તે બાંગ્લાદેશનો છે, તેથી FIR કલમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. પ્રાથમિક પુરાવા છે કે આરોપી બાંગ્લાદેશી નાગરિક છે. તેની પાસે માન્ય ભારતીય દસ્તાવેજો નથી. તેણે વિજય દાસનું ઉપનામ ધારણ કર્યું હતું. પોલીસ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે આરોપી ૫-૬ મહિના પહેલા મુંબઈ આવ્યો હતો અને એક હાઉસકીપિંગ એજન્સીમાં કામ કરતો હતો. હુમલાની ધરપકડ પહેલા, સૈફ અલી ખાનના ઘરની સીડીઓ પરથી નીચે ઉતરતા સીસીટીવી ફૂટેજમાં કેદ થયેલા તેના પોસ્ટર મુંબઈ અને પડોશી સ્થળોએ લગાવવામાં આવ્યા હતા.

## અજમેર શરીફ દરગાહ ખાતે સૈફ અલી ખાન માટે ખાસ દુઆ કરવામાં આવી

બોલીવુડ અભિનેતા સૈફ અલી ખાનના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે અજમેરમાં ખ્વાજા સાહેબ મોઈનુદ્દીન હસન ચિશ્તીની દરગાહ પર ખાસ દુઆ કરવામાં આવી હતી. અભિનેતાના ભક્તો અને ચાહકો તેમના લાંબા આયુષ્ય માટે દુઆ કરવા માટે એકઠા થયા હતા અને પવિત્ર જન્નતી દ્વાર પર દુઆ પણ કરી હતી, તેમના ઝડપી સ્વસ્થતા માટે આશીર્વાદ માંગ્યા હતા. બોલીવુડ સાથે સંકળાયેલા ખાદીમ કુતુબુદ્દીન સખીએ દુઆનું નેતૃત્વ કર્યું હતું અને સૈફ અલી ખાનના સ્વસ્થ સ્વાસ્થ્ય માટે હૃદયપૂર્વક શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. મીડિયા સાથે વાત કરતા, તેમણે કહ્યું કે, સૈફ અલી ખાનના સ્વાસ્થ્ય માટે દુઆ કરવામાં આવી હતી, જેને લૂંટના ઈરાદાથી તેમના નિવાસસ્થાને ઘૂસી ગયેલા બદમાશો દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ ગંભીર ઈજા થઈ હતી. તેમણે કહ્યું, મુંબઈની હોસ્પિટલમાં દાખલ અને ઈજાઓ બાદ સારવાર હેઠળ રહેલા સૈફના સ્વાસ્થ્ય માટે દુઆ કરવામાં આવી હતી. અમે બધાએ અહીં પ્રાર્થના કરી છે કે તે જલ્દી સ્વસ્થ થાય. તેમણે ઉમેર્યું કે, સૈફના ચાહકો અને ભક્તોએ તેમના ઝડપી સ્વસ્થતા માટે દુઆ કરી હતી. દરેક વ્યક્તિએ સૈફ માટે દુઆ કરી. તેમના લાંબા આયુષ્ય માટે અહીં પવિત્ર દોરા પણ ચઢાવવામાં આવ્યા હતા. ગુરૂવારે, ૩૦ વર્ષનો એક બદમાશ સૈફ અલી ખાનના ૧૧મા માળના એપાર્ટમેન્ટમાં ઘૂસી ગયો હતો, કથિત રીતે ૧ કરોડ રૂપિયા માંગ્યા હતા, પરિવારની આયાને ઘાયલ કરી હતી અને બાદમાં છ વખત બ્લેડથી હુમલો કરીને ભાગી ગયો હતો.

## મૂત્ર પીવા અને કૂતરાનું મળ ખાવા માટે મજબૂર કરવામાં આવ્યું: મહારાષ્ટ્રમાં કાળા જાદુની શંકામાં ૭૭ વર્ષીય મહિલાને માર મારવામાં આવ્યો

પોલીસે શનિવારે જણાવ્યું હતું, મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લાના રેત્યાખેડા ગામની ૭૭ વર્ષીય મહિલા પર ૩૦ ડિસેમ્બરના રોજ પાડોશીઓએ કાળો જાદુ કરવાનો આરોપ લગાવ્યા બાદ હુમલો કરવામાં આવ્યો હતો, તેનું અપમાન કરવામાં આવ્યું હતું અને તેને પેશાબ પીવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે પીડિતાના પુત્ર અને પુત્રવધૂ, જેઓ કામ માટે બહાર હતા, ૫ જાન્યુઆરીએ પાછા ફર્યા અને પોલીસ ફરિયાદ નોંધાવી. તેઓએ મહિલા માટે ન્યાયની માંગણી કરતા વરિષ્ઠ અધિકારીઓનો સંપર્ક કર્યો. ફરિયાદ મુજબ, વૃદ્ધ મહિલા ઘરે એકલી હતી ત્યારે પાડોશીઓના જૂથે તેના પર હુમલો કર્યો. તેઓએ કથિત રીતે તેને લાકડીઓથી માર માર્યો, થપ્પડ મારી અને તેના હાથ અને પગ ગરમ લોખંડના સળિયાથી દાબી દીધા. હુમલાખોરોએ તેને પેશાબ પીવા, કૂતરાનું મળ ખાવા અને ચંપલનો માળા પહેરાવવા માટે પણ દબાણ કર્યું.

## મુંડે નાણાકીય લાભનું પદ ધરાવે છે, તેથી તેમણે રાજીનામું આપવું જોઈએ : ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકર્તા અંજલિ દમણિયા

ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકર્તા અંજલિ દમણિયાએ શનિવારના રોજ બીડ જિલ્લામાં અજિત પવારની આગેવાની હેઠળના NCPના મહારાષ્ટ્રના ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રી ધનંજય મુંડેના તાત્કાલિક રાજીનામાની માંગ કરી હતી અને દાવો કર્યો હતો કે, મુંડે નાણાકીય લાભનો હોદ્દો ધરાવે છે. મહાગેન્કો મહારાષ્ટ્ર રાજ્ય વીજળી બોર્ડ (MSEB)ની સંપૂર્ણ માલિકીની કંપની છે. અંજલિ દમણિયાએ શનિવારના રોજ ટ્વિટ કર્યું, આ નફાનું પદ છે. લાભાર્થી ધનંજય મુંડેએ તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. ધનંજય મુંડે અને તેમની પત્ની રાજશ્રી ધનંજય મુંડે વેંકટેશ્વર ઈન્ડસ્ટ્રીયલ સર્વિસીસ નામની કંપનીના બહુમતી શેરધારકો છે. અગાઉ વાલ્મિક કરાડ (મસાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખ કેસમાં આરોપી) કંપનીના ડિરેક્ટર હતા અને કરાડ હજુ પણ શેરધારક છે. શું આ કંપની ફ્લાય એશ વેચે છે. મહાગેન્કો મહારાષ્ટ્ર રાજ્ય વીજળી બોર્ડ (MSEB)ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે. મંત્રી તે કંપનીમાંથી નાણાકીય લાભ કેવી રીતે મેળવી શકે.

## કોટામાં એન્જિનિયરિંગના ઉમેદવારે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી, આ વર્ષે ચોથું મોત

પોલીસે શનિવારના રોજ જણાવ્યું હતું કે, ઓડિશાના બીજા એક વિદ્યાર્થીએ તેના હોસ્ટેલ રૂમમાં આત્મહત્યા કર્યાના ૪૮ કલાકથી પણ ઓછા સમયમાં, ૧૬ વર્ષીય JEEના વિદ્યાર્થીએ કથિત રીતે તેના દાદા-દાદીના ઘરે ફાંસી લગાવી લીધી હતી. કોચિંગ સેન્ટરો માટે પ્રખ્યાત શહેરમાં આત્મહત્યાનો આ ચોથો કિસ્સો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રૂમમાંથી કોઈ સુસાઈડ નોટ મળી નથી. શુક્રવાર અને શનિવારની મધ્યરાત્રિએ જવાહર નગર વિસ્તારમાં આ ઘટના બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, બુંદી જિલ્લાના ઈન્દરગઢ શહેરનો ધોરણ ૧૨નો વિદ્યાર્થી મનન જૈન છેલ્લાં ત્રણ વર્ષથી JEEની તૈયારી માટે તેના નાના-નાની સાથે રહેતો હતો. ASI જવાહર સિંહે જણાવ્યું, પોલીસને શનિવારે સવારે ૯:૧૫ વાગ્યાની આસપાસ ઘટનાની માહિતી મળી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો. અધિકારીએ જણાવ્યું હતું કે, મનન શુક્રવારે મધ્યરાત્રિ સુધી તેના પિતરાઈ ભાઈ સાથે અભ્યાસ કરતો હતો. બીજા દિવસે સવારે જ્યારે તેણે ફોનનો જવાબ ન આપ્યો, ત્યારે તેનો પિતરાઈ ભાઈ રૂમમાં ગયો અને તેને રૂમની બારીની લોખંડની રેલિંગ પર લટકતો જોયો. તેણે કહ્યું કે, રૂમમાંથી કોઈ સુસાઈડ નોટ મળી નથી અને આત્મહત્યા પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ASI એ ઉમેર્યું કે, મનનના પરિવારે પોસ્ટમોર્ટમ તપાસ કરાવવાનો ઈનકાર કર્યો હતો પરંતુ મૃતદેહનો કબજો લેતા પહેલા તેની આંખો દાન કરવાનું પસંદ કર્યું હતું.

## રાજસ્થાન : કોટામાં કોચિંગમાંથી પરત ફરી રહેલા વિદ્યાર્થી પર ત્રણ છોકરાઓએ ચાકુથી હુમલો કર્યો, ઈન્સ્ટાગ્રામ પર હુમલો કરવાનો વીડિયો અપલોડ કર્યો

ઈન્સ્ટાગ્રામ રીલ બનાવવા માટે, કોટામાં ત્રણ છોકરાઓએ કોચિંગ ક્લાસમાંથી પરત ફરી રહેલા વિદ્યાર્થીને છરી મારીને ઘાયલ કર્યાનો આરોપ છે. છોકરાઓએ ગુનાનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર પંજાબી ગીત સાથે અપલોડ કર્યો હતો. પોલીસે શુક્રવારની રાત્રે બદમાશોની અટકાયત કરી છે. ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, આ ઘટના ડીસીએમ શ્રીરામ રેઈન્સ ફેક્ટરી વિસ્તારમાં બની હતી. ઈન્દિરા ગાંધી કોલોનીમાં રહેતો વિદ્યાર્થી શુક્રવારની બપોરે સાયકલ પર તેના ઘરથી ૩ કિમી દૂર કોચિંગ ક્લાસમાં ગયો હતો. લગભગ ૪ વાગ્યે, ઘરે પરત ફરતી વખતે, આરોપી છોકરાઓએ ફેક્ટરીની સામેના ખેતરમાં તેની સાયકલ રોકી અને વિદ્યાર્થીને છરી મારી. પીડિતે પોલીસને જણાવ્યું કે, છોકરાઓએ તેને માર માર્યો અને તેના પગમાં છરી મારી. તેમાંથી એક આનો વીડિયો બનાવી રહ્યો હતો. બદમાશોએ પીડિત પાસેથી પૈસા પણ લૂંટી લીધા. હુમલાનો આ વીડિયો શુક્રવારે સાંજે લકી નરવાલ નામના ઈન્સ્ટાગ્રામ આઈડી દ્વારા પંજાબી ગીત સાથે અપલોડ કરવામાં આવ્યો હતો. બાદમાં, એ જ આઈડી પરથી બીજી એક પોસ્ટ શેર કરવામાં આવી. તેમાં ફરાર લખેલું હતું, પોલીસે કહ્યું કે, ગુનેગારોને ઓળખી કાઢવામાં આવ્યા છે અને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા છે.

## ઘાયલ અને બેભાન હાલતમાં મળી : લખનૌમાં રસ્તાની બાજુમાં મહિલાનો મૃતદેહ મળ્યો, પરિવારજનોએ લિવ-ઈન પાર્ટનર પર હત્યાનો આરોપ લગાવ્યો

શુક્રવારે પીજીઆઈ વિસ્તારમાં રોડ કિનારે ૩૦ વર્ષીય પ્રોપર્ટી ડીલર અને કથિત રીતે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી મહિલા ઘાયલ અને બેભાન હાલતમાં મળી આવી હતી. સ્થાનિક રહેવાસીઓ દ્વારા ચેતવણી મળતાં, પોલીસ ટીમ તેને વૃંદાવન યોજનાના એપેક્સ ટ્રોમા સેન્ટર લઈ ગઈ જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી. મહિલા તેની હાઉસિંગ સોસાયટી નજીક રસ્તાની બાજુએ મળી આવી હતી અને સ્થાનિક રહેવાસીઓએ તેની ઓળખ ગીતા શર્મા તરીકે કરી હતી. મહિલાના ભાઈ લાલચંદે તેના લિવ-ઈન પાર્ટનર ગિરિજા શંકર પર હત્યાનો આરોપ લગાવ્યો હતો અને એસજીપીજીઆઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પૂર્વ ઝોનના વધારાના ડીસીપી પંકજ સિંહે જણાવ્યું હતું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તેના શરીર પર અનેક ઈજાઓ હોવાનું બહાર આવ્યું છે જેના કારણે તેનું મૃત્યુ થયું હતું. અમે તપાસ કરી રહ્યા છીએ કે આ ઈજાઓ આકસ્મિક છે કે તેની ક્રૂર હત્યા કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે, રાયબરેલીની રહેવાસી ગીતા શર્મા પીજીઆઈ વિસ્તારમાં એક હાઉસિંગ સોસાયટીમાં રહેતી હતી અને પ્રોપર્ટી ડીલર તરીકે કામ કરતી હતી.

## 'ફીફા' વિશ્વકપ માટે મોરોક્કો ૩૦ લાખ કૂતરાને મારી નાંખશે, પાશવી સાફસફાઈની તૈયારી

મોરોક્કોમાં ૨૦૩૦નો ફીફા ફુટબોલ વિશ્વકપ યોજાનાર છે. એ માટે દેશનું ૩૦ લાખ રખડતા શ્વાનને મારી નાખવાનું આયોજન થઈ રહ્યું છે. આ કામ શરૂ થઈ ગયું છે. લાચાર મુંગા જાનવરને ઝેરનું ઈન્જેકશન આપી ટ્રકોમાં ફેંકી દેવાય છે. દેશભરમાં હણીતા રડતા શ્વાનના દૃશ્યો જોવા મળી રહ્યા છે. કૂતરાને ગોળીએ પણ દેવામાં આવી રહ્યા છે. જેનો વિશ્વભરની પ્રાણી સંવર્ધન સંસ્થાઓ વિરોધ કરી રહી છે.

## નિયમિત કોફી સારા, લાંબા અને તંદુરસ્ત જીવન માટે ચાવીરૂપ : એક અભ્યાસ

જો દરરોજ એક કપ કોફી પીવાની ટેવ રાખો તો આયુષ્યમાં વધારો થઈ શકે છે. તાજેતરમાં હાથ ધરાયેલા એક વૈજ્ઞાનિક અભ્યાસમાં આવું તારણ નીકળ્યું છે. નિયમિત કોફી પીવાથી ઉંમરમાં સરેરાશ ૧.૮ વર્ષ વધારો થઈ જાય છે. તેમ અભ્યાસ જણાવે છે. વધુ લાંબુ અને સ્વાસ્થ્ય સભર જીવન માટે કોફી આદર્શ પીણું છે તેમ રિપોર્ટ કહે છે.

## દિલ્હીમાં ૧૪ ફેબ્રુઆરીએ નિર્ધારીત પોતાના લગ્નની કંકોત્રી આપવા જતાં વરરાજાની કાર સળગી જતાં ભૂંજાઈ જવાથી મોત

દિલ્હીની એક અતિ કરૂણ ઘટનામાં નવાડાનો રહેવાસી અનિલ તેના લગ્નની કંકોત્રી આપવા કારમાં જતો હતો ત્યારે ગાઝીપુરમાં તેની કાર સળગી જતા અંદર જ સળગી જવાથી મૃત્યુ પામ્યો હતો. તેના ૧૪ ફેબ્રુઆરીના રોજ લગ્ન હતા. પરિવારજનો ભારે આઘાતથી દિગ્મૂઢ બની ગયા છે.

# ભારત સંઘ સામે લડી રહ્યા છીએ એવા વિધાન બદલ રાહુલ ગાંધી પર FIR

### તેમણે શું કહ્યું હતું ? કોંગ્રેસના નવા વડામથકના ઉદ્ઘાટનમાં એમના વિધાનોથી વિવાદ

(એજન્સી) દીસપુર, તા.૧૯

દિલ્હીમાં કોંગ્રેસના નવા હેડક્વાર્ટરના ઉદઘાટન વખતે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ આપેલા નિવેદન બાદ વિવાદ શરૂ થઈ ગયો છે. ભાજપ રાહુલ ગાંધીને ચોતરફથી ઘેરવાનો પ્રયાસ કરી રહી છે. હવે તેમની વિરૂદ્ધ આસામમાં ફરિયાદ નોંધાઈ છે. વાત એમ છે કે, હાલમાં જ રાહુલ ગાંધીએ સંઘ પ્રમુખ મોહન ભાગવતનો વિરોધ કરતા કહ્યું હતું કે, 'અમે ઈન્ડિયન સ્ટેટ સામે લડી રહ્યા છીએ.' જો કે, આ નિવેદન કરવું તેમને ભારે પડ્યું છે. આસામની રાજધાની ગુવાહાટીમાં મોનજીત ચેતિયા નામના વ્યક્તિએ રાહુલ ગાંધી વિરૂદ્ધ ખૂબ જ ગંભીર બિનજામીનપાત્ર કલમો હેઠળ FIR નોંધાવી છે. ચેતિયાએ કહ્યું કે, રાહુલ ગાંધીએ દિલ્હીમાં આપેલું નિવેદન ભારતની એકતા અને અખંડિતતા માટે ખતરા સમાન છે. ગુવાહાટીના પાન બજાર પોલીસ સ્ટેશનમાં રાહુલ વિરુદ્ધ નોંધાયેલી FIRમાં ભારતીય ન્યાયિક સંહિતાની કલમ ૧૫૨ અને ૧૯૭(૧)નો ઉલ્લેખ કરાયો છે, જે દેશની એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકતી કોઈપણ કાર્યવાહી વખતે લગાવવામાં છે. આ કલમો બિનજામીનપાત્ર છે. વાસ્તવમાં દિલ્હીમાં કોંગ્રેસના નવા હેડક્વાર્ટરના ઉદઘાટન વખતે રાહુલ ગાંધીએ સંઘ પ્રમુખ મોહન



ભાગવત પર નિશાન સાધ્યું હતું. મોહન ભાગવતે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણની ઉજવણી ભારતની ખરી આઝાદી તરીકે ઉજવવાનું નિવેદન આપ્યું હતું, જેના પર રાહુલ નિશાન સાધી કહ્યું હતું કે, 'ભાગવતનું નિવેદન દર્શાવે છે કે ભાજપ અને RSS દેશની સ્વતંત્રતા અને બંધારણ વિશે શું વિચારે છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, આ લોકોને ભારતના બંધારણમાં વિશ્વાસ નથી. ભાજપ અને આરએસએસ એક પછી એક તમામ સંસ્થાઓ પર કબજો કરી રહ્યા છે. અમે ભાજપ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જ નહીં, પરંતુ ઈન્ડિયન સ્ટેટ સામે પણ લડી રહ્યા છીએ. રાહુલના નિવેદન બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી દેશને તોડવાની અને વિભાજન કરવાની દિશામાં કામ કરી રહ્યા છે.

## વકફ સુધારા બિલ પર JPCની બેઠક પટનામાં યોજાઈ

### સમિતિના આવા પ્રયાસો વકફ કાયદામાં સુધારા અને વકફ મિલકતો સમુદાયના હિતમાં સેવા આપે તે સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક રાષ્ટ્રીય પહેલનો ભાગ છે

(એજન્સી) તા.૧૯

વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ પર સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ની બેઠક શનિવારે પટના ખાતે યોજાઈ હતી. JPCના અધ્યક્ષ જગદંબિકા પાલના નેતૃત્વમાં, આ બેઠકમાં સભ્યો અને અન્ય હિસ્સેદારોએ હાજરી આપી હતી. JPC સંસદ સમક્ષ તેનો અહેવાલ રજૂ કરે તેવી અપેક્ષા છે. સમિતિના આ પ્રયાસો વકફ કાયદામાં સુધારા અને વકફ મિલકતો સમુદાયના હિતમાં સેવા આપે તે સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક રાષ્ટ્રીય પહેલનો ભાગ છે.

બિહાર ભાજપના મીડિયા કોઓર્ડિનેટર દાનિશ ઈકબાલે આ બેઠકમાં ભાગ લીધો હતો, તેમણે આ બિલને ગરીબ અને પછાત મુસ્લિમોના કલ્યાણ માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાવ્યું, અને કહ્યું કે તેના અમલીકરણથી બોર્ડની કામગીરીમાં પારદર્શિતા આવશે અને ભ્રષ્ટાચાર અસરકારક રીતે ઘટશે.

તેમણે કહ્યું કે, બેઠક દરમિયાન, ઈકબાલે વકફ બોર્ડમાં બિન-મુસ્લિમોના સમાવેશ માટે પોતાનો ટેકો વ્યક્ત કર્યો, તેને એક પ્રગતિશીલ અને સંતુલિત પગલું ગણાવ્યું. તેમણે સ્પષ્ટ કર્યું કે બિન-મુસ્લિમો ફક્ત હિન્દુઓનો જ ઉલ્લેખ કરતા નથી, પરંતુ ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ અને જૈનોનો પણ સમાવેશ થાય છે. તેમણે નોંધ્યું હતું કે આ વ્યાપક પ્રતિનિધિત્વ જવાબદારી સુનિશ્ચિત કરશે અને બોર્ડના કામકાજમાં ન્યાયીપણાને પ્રોત્સાહન આપશે. છેલ્લા ૭૦ વર્ષોમાં, વકફ બોર્ડ ભ્રષ્ટાચારને રોકવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. આ બિલ પછાત અને પસમંદા સમુદાયોના અધિકારોને સુરક્ષિત કરવામાં એક સીમાચિહ્નરૂપ કામગીરી કરશે.

## અમેરિકન રાજદૂતે મોદી સાથે મુલાકાત કરી અને ભારત-અમેરિકન ભાગીદારી માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

### ભારતમાં વિદાયમાન અમેરિકી રાજદૂત એરિક ગારસેટ્ટી રવિવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમના પરિવાર સાથે 'અંતિમ' મુલાકાત માટે મળ્યા અને કહ્યું કે, મોદી અને રાષ્ટ્રપતિ જો બાઈડેનના પ્રયાસોને કારણે બંને દેશો વચ્ચેની ભાગીદારી નવી ઊંચાઈએ પહોંચી છે



(એજન્સી) તા.૧૯

ભારતમાં વિદાયમાન અમેરિકી રાજદૂત એરિક ગારસેટ્ટીએ રવિવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમના પરિવાર સાથે 'અંતિમ' મુલાકાત માટે મળ્યા અને કહ્યું કે પીએમ મોદી અને રાષ્ટ્રપતિ જો બાઈડેનના પ્રયાસોને કારણે બંને દેશો વચ્ચેની ભાગીદારી નવી ઊંચાઈએ પહોંચી છે. અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણના એક દિવસ પહેલા પીએમ મોદી સાથે તેમની મુલાકાત થઈ હતી. વિદેશ મંત્રી એસ જયશંકર ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. X પર એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ગારસેટ્ટીએ કહ્યું કે, મારા પરિવાર સાથે મોદી સાથેની અંતિમ મુલાકાત ખૂબ જ સરસ રહી. તે સ્પષ્ટ છે કે તેમણે અને રાષ્ટ્રપતિ બાઈડેને અમારી આકર્ષક અને પરિણામલક્ષી યુએસ-ભારત ભાગીદારીને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી છે જેમાં રેકોર્ડ વિઝા, રેકોર્ડ વેપાર, રેકોર્ડ સંરક્ષણ સહયોગ, રેકોર્ડ અવકાશ સહયોગ, રેકોર્ડ વિદ્યાર્થીઓ, રેકોર્ડ રોકાણો અને ઘણું બધું છે. તેમણે મોદી અને ભારતના લોકોનો તેમના ઉષ્માભર્યા આતિથ્ય માટે આભાર વ્યક્ત કર્યો અને ભાર મૂક્યો કે યુએસ-ભારત ભાગીદારી હવે અનિવાર્ય બની ગઈ છે અને આગામી વર્ષોમાં વધુ મજબૂત રહેશે. એક પેઢી પહેલા જે અકલ્પ્ય લાગતું હતું તે હવે પછીની પેઢી માટે અનિવાર્ય લાગશે, આ નેતાઓ અને આપણા રાષ્ટ્રોના લોકોના કાર્યને કારણે આ શક્ય બન્યું છે. પ્રધાનમંત્રી અને બધા ભારતીયોનો આભાર. ગારસેટ્ટીનો ભારતમાં છેલ્લો સત્તાવાર કાર્યક્રમ શુક્રવારે જયશંકર સાથે બેંગ્લુરૂમાં યુએસ કોન્સ્યુલેટ ઓફિસનો ઉદ્ઘાટન સમારોહ હતો. યુએસ રાજદૂતે યુએસ-ભારત સંબંધોના સમૃદ્ધ ઈતિહાસની વાત કરી અને ૧૭૭૬માં જ્યારે યુએસએ ભારતના કોલકાતામાં તેનું બીજું કોન્સ્યુલેટ ખોલ્યું ત્યારે આ ભાગીદારી શરૂ થઈ હતી. તેમણે નોંધ્યું કે બેંગ્લુરૂમાં યુએસ કોન્સ્યુલેટ ઓફિસનું તાજેતરનું ઉદ્ઘાટન નવી શરૂઆત કરતાં ભારતમાં યુએસની હાજરીના વિસ્તરણને દર્શાવે છે. જયશંકરે આ પ્રસંગે જાહેરાત કરી કે ભારત લોસ એન્જલસમાં તેનું કોન્સ્યુલેટ ખોલશે.

## મનુ ભાકરના ઘર પર તૂટ્યો દુઃખનો પહાડ
## રોડ અકસ્માતમાં પરિવારના બે સભ્યોનું કરૂણ મોત થયું

(એજન્સી) ચંદીગઢ, તા.૧૯

ભારતના સ્ટાર શૂટર મનુ ભાકરના પરિવારમાં એક ખૂબ જ દુઃખદ અકસ્માત થયો છે. ભારતના રાષ્ટ્રપતિ તરફથી પ્રતિષ્ઠિત ખેલ રત્ન પુરસ્કાર પ્રાપ્ત કર્યાના માત્ર બે દિવસ પછી મનુના મામા અને દાદીનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું. મનુના મામા યુદ્ધવીર સિંહ હરિયાણામાં રાજ્ય પરિવહન વિભાગમાં કામ કરતા હતા. આ ઘટનાથી મનુ ભાકર અને તેના પરિવારને આઘાત લાગ્યો છે.

## UGC NET ડિસેમ્બર ૨૦૨૪ની ફરીથી રિશેડ્યુલ પરીક્ષાઓ માટે એડમિટ કાર્ડ બહાર પાડવામાં આવ્યું, કેવી રીતે ડાઉનલોડ કરશો ?

(એજન્સી) તા.૧૯

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) NET ૨૦૨૪ની રીશેડ્યુલ પરીક્ષાઓ માટે પ્રવેશ કાર્ડ જાહેર કર્યા છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ અગાઉ પોંગલ અને મકરસંક્રાંતિના તહેવારોને કારણે ૧૫ જાન્યુઆરીની પરીક્ષા ૨૧ અને ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી મુલતવી રાખી હતી. આ પરીક્ષાઓ માટે નોંધણી કરાવનારા ઉમેદવારો હવે તેમના અરજી નંબર અને જન્મ તારીખનો ઉપયોગ કરીને સત્તાવાર વેબસાઈટ ugcnet.nta.ac.in પરથી તેમની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકે છે. "સુધારેલ સમયપત્રક https://ugcnet.nta.ac.in/ પર જાહેર સૂચના દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું. ૨૧ અને ૨૭ જાન્યુઆરીના રોજ યોજાનારી UGC–NET ડિસેમ્બર ૨૦૨૪ની પરીક્ષાના પ્રવેશપત્રો બહાર પાડવામાં આવ્યા છે. 'ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ https://ugcnet.nta.ac.in/ વેબસાઈટ પરથી તેમના પ્રવેશ કાર્ડ (અરજી નંબર અને જન્મ તારીખનો ઉપયોગ કરીને) બાંયધરી સાથે ડાઉનલોડ કરે,' સત્તાવાર સૂચનામાં જણાવાયું છે. સંબંધિત વાર્તાઓ UGC-NET ૨૦૨૪ દેશભરના વિવિધ કેન્દ્રો પર ૮૫ વિષયો માટે OMR (પેન અને કાગળ) ફોર્મેટનો ઉપયોગ કરીને લેવામાં આવી રહી છે. તે બે શિફ્ટમાં હાથ ધરવામાં આવી રહ્યું છે. પહેલી શિફ્ટ સવારે ૯:૩૦થી૧૨:૩૦ વાગ્યા સુધી અને બીજી શિફ્ટ બપોરે ૩થી૬ વાગ્યા સુધીની રહેશે.

**UGC NET એડમિટ કાર્ડ ૨૦૨૪ ડાઉનલોડ કરવા માટે સ્ટેપ્સ**

**પગલું ૧ :** UGC NETની સત્તાવાર વેબસાઈટ– ugcnet.nta.ac.inની મુલાકાત લો.

**પગલું ૨ :** હોમ પેજ પર, "UGC-NET ડિસેમ્બર-૨૦૨૪ : એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવા માટે અહીં ક્લિક કરો" લિંક પર ક્લિક કરો.

**પગલું ૩ :** હવે તમારો અરજી નંબર, જન્મ તારીખ અને આપેલ સુરક્ષા પિન દાખલ કરો.

**પગલું ૪ :** સબમિટ કરો પર ક્લિક કરો. અને તમારૂં UGC NET ૨૦૨૪ એડમિટ કાર્ડ સ્ક્રીન પર પ્રદર્શિત થશે.

**પગલું ૫ :** પ્રવેશ કાર્ડ તપાસો અને તેને ડાઉનલોડ કરો. વધુ ઉપયોગ માટે પ્રિન્ટ આઉટ લો.

# નીતિશ કુમારે ઈન્ડિયા બ્લોકની બેઠકોમાં જાતિ વસ્તી ગણતરીનો મુદ્દો ઉઠાવ્યો, ત્યારે રાહુલ ગાંધી ચૂપ રહ્યા હતા : JDU

### જનતા દળ (યુનાઈટેડ)એ રાહુલ ગાંધી પર જાતિ વસ્તી ગણતરી પર દંભનો આરોપ લગાવ્યો અને ઈન્ડિયા બ્લોક બેઠકો દરમિયાન તેમના મૌનની નોંધ લીધી અને કર્ણાટક સરકાર દ્વારા જાતિ ડેટા જાહેર કરવામાં વિલંબ પર સવાલ ઉઠાવ્યા છે JDUએ બિહારના જાતિ સર્વેનો બચાવ કર્યો અને ગાંધીજીને બનાવટી કવાયત ગણાવીને ટીકા કરી, તેમને ચિંતાઓનો ઉકેલ લાવવા વિનંતી કરી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

જનતા દળ (યુનાઈટેડ)એ રવિવારે રાહુલ ગાંધી પર જાતિ વસ્તી ગણતરીના મુદ્દા પર દંભનો આરોપ લગાવ્યો, આરોપ લગાવ્યો કે જ્યારે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ઈન્ડિયા બ્લોક બેઠકો દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે તેઓ ચૂપ રહ્યા હતા. JDUએ પણ પ્રશ્ન કર્યો કે કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે રાજ્યનો જાતિ ડેટા કેમ જાહેર કર્યો નથી. જેડીયુના કાર્યકારી પ્રમુખ અને સાંસદ સંજય ઝા દ્વારા આ હુમલો ગાંધીએ પટણામાં એક કાર્યક્રમ દરમિયાન કુમારની આગેવાની હેઠળની બિહાર સરકાર દ્વારા કરવામાં આવેલા જાતિ સર્વેક્ષણને બનાવટી કવાયત ગણાવીને ટીકા કર્યાના એક દિવસ કરવામાં આવ્યો છે અને તેમણે રાષ્ટ્રવ્યાપી જાતિ વસ્તી ગણતરીની હિમાયત કરી હતી. તેમણે કહ્યું કે, આનાથી મોટો દંભ હોઈ શકે નહીં. જ્યારે કુમારે ઘણી ઈન્ડિયા બ્લોક મીટિંગોમાં જાતિ વસ્તી ગણતરીની તરફેણમાં મજબૂત અને તાર્કિક રીતે વાત કરી ત્યારે મેં ગાંધીનું મૌન જોયું હતું. જેડીયુ અગાઉ ઈન્ડિયા બ્લોકનો ભાગ હતું તે પહેલાં તે વિપક્ષી ગઠબંધનથી અલગ થઈને ભાજપ સાથે હાથ મિલાવ્યા હતા. નોંધનીય છે કે, બિહારનો જાતિ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો અને તેના તારણો ત્યારે જાહેર કરવામાં આવ્યા હતા જ્યારે કોંગ્રેસ કુમારની સરકારમાં ભાગીદાર હતી. ઝાએ નિર્દેશ કર્યો કે કુમાર એકમાત્ર નેતા હતા જેમણે સતત જાતિ વસ્તી ગણતરીની હિમાયત કરી હતી, જેમાં બધા ઈન્ડિયા બ્લોક સભ્યો સાક્ષી હતા. તેમણે બિહાર જાતિ સર્વેક્ષણનો બચાવ કરતા કહ્યું કે ૧૯૩૧ પછી, જ્યારે છેલ્લી રાષ્ટ્રવ્યાપી જાતિ વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી હતી, ત્યારથી કુમાર એવા પ્રથમ નેતા હતા જેમણે સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવા માટે જાતિ વસ્તીની વૈજ્ઞાનિક રીતે ગણતરી કરી હતી. ઝાએ રાહુલ ગાંધીની પણ ટીકા કરી, અને તેમને સ્પષ્ટતા કરવા વિનંતી કરી કે શું તેઓ માને છે કે બિહારના જાતિ સર્વેક્ષણમાં ચોક્કસ સમુદાયોની ખોટી ગણતરી કરવામાં આવી છે. તેમણે કહ્યું કે ગાંધીએ આ મુદ્દાને ટાળવો જોઈએ નહીં, કુમાર પહેલાથી જ અનામતનો વ્યાપ વધારવા માટે સર્વેક્ષણ ડેટાનો ઉપયોગ કરી ચૂક્યા છે, જો કે આ મામલો હાલમાં ન્યાયાલયમાં છે. કોંગ્રેસ પર નિશાન સાધતા, ઝાએ કર્ણાટક સરકાર પર વર્ષોથી જાતિવાર વસ્તી ડેટા રોકવાનો આરોપ લગાવ્યો હતો.

## મધ્યપ્રદેશમાં મોહમ્મદપુર હવેથી મોહનપુર તરીકે ઓળખાશે

(એજન્સી) તા.૧૯

મધ્યપ્રદેશમાં દલિતો વસ્તીના ૧૬ ટકા છે અને તેમની દલિત ઓળખને પ્રતિબિંબિત કરવા માટે હજારો સ્થળો, શાળાઓ અને પંચાયતોના નામ આપવામાં આવ્યા છે, જેમાં ચમરિયા, ચમરોહા અને ગદરિયા સૌથી સામાન્ય છે, એમ એમપી શેડ્યુલ્ડના પૂર્વ અધ્યક્ષ પ્રદીપ અહિરવાર કહે છે. આ નામો સમગ્ર દલિત સમુદાય માટે અપમાનજનક અને વાંધાજનક છે, એમ તેમણે ગુસ્સાથી જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે તેમના નામ બદલવાના અગાઉના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. '૨૦૨૨માં, જ્યારે હું એસસી કમિશનનો અધ્યક્ષ હતો, ત્યારે મેં રાજ્ય સરકાર અને ચૂંટણી પંચને તેમની મુખ્ય દલિત ઓળખને ઉજાગર કરવા માટે ઘણા ગામોના નામ બદલવા વિશે પત્ર લખ્યો હતો. તેમણે ગુસ્સામાં કહ્યું કે, કોઈને ચમાર કહેવું એ અપમાનજનક માનવામાં આવે છે અને તે સજાપાત્ર હોઈ શકે છે, પરંતુ સરકાર ચમરિયા, ચમરાવહા અને ગદરિયા જેવા નામો પ્રત્યે અસંવેદનશીલ અને ઉદાસીન રહી છે, જે સત્તાવાર રેકોર્ડમાં છે અને સમુદાયને અપમાનિત કરે છે. અહિરવાર ૨૦૨૫માં પંચાયતોના નામ બદલવાના અચાનક થયેલા આંદોલન પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે જાન્યુઆરીમાં સતત બે રવિવારે અનેક ગામોના નામ બદલી નાખ્યા, આ પ્રક્રિયામાં જાહેરાત કરી કે તેમાંથી એક, મોહમ્મદપુર, હવે મોહનપુર તરીકે ઓળખાશે. નવું નામ સ્થાનિક ભાજપ ધારાસભ્ય દ્વારા સૂચવવામાં આવ્યું હતું, જેમણે મુખ્યમંત્રીને 'મુસ્લિમ લાગતા' નામોની યાદી સુપરત કરી હતી અને તેમને તેમનું નામ બદલવાની વિનંતી કરવામાં આવી હતી. એક જાહેર સભામાં, મુખ્યમંત્રીએ ભાજપના નેતાઓના ઉત્સાહી તાળીઓના ગડગડાટ વચ્ચે જૂના અને નવા નામો વાંચી સંભળાવ્યા. મોહમ્મદપુરનું નામ યાદીમાં ટોચ પર હતું, અને ભાજપના કાર્યકરોએ ઉત્સાહથી કહ્યું કે તેનું નામ મુખ્યમંત્રીના પોતાના નામ પરથી રાખવામાં આવી રહ્યું છે. અહિરવાર અને વિપક્ષ ખુશ નથી. તેમણે કહ્યું, 'આ બીજું કંઈ નહીં પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના એજન્ડાને આગળ વધારવા અને મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં હિન્દુ નામો લાદવાનો પ્રયાસ છે.' તેમણે કહ્યું કે મુખ્યમંત્રીએ જાહેરમાં કહ્યું હતું કે મુસ્લિમ નામો વધુ પસંદ કરવામાં આવે છે. અહિરવાર સહિત ઘણા વિપક્ષી નેતાઓને આશ્ચર્ય થયું કે 'દલિત નામોને શા માટે પ્રાધાન્ય આપવામાં આવતું નથી ?'

## રાજસ્થાન સરકારના ગ્રામ પંચાયત પ્રશાસકો તરીકે વિદાયમાન સરપંચોની નિમણૂક કરવાના નિર્ણયનો કોંગ્રેસ દ્વારા વિરોધ

### રાજ્ય સરકારે એક જાહેરનામું બહાર પાડ્યું હતું જેમાં એ વિદાયમાન સરપંચોને ગ્રામ પંચાયતોના વચગાળાના વહીવટકર્તા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જેમનો કાર્યકાળ સમાપ્ત થવાનો છે

(એજન્સી) જયપુર, તા.૧૯

કોંગ્રેસે રાજસ્થાન સરકારના વિદાયમાન સરપંચોને ગ્રામ પંચાયતોના વહીવટકર્તા તરીકે નિયુક્ત કરવાના નિર્ણયનો સખત વિરોધ કર્યો છે. પાર્ટીનો આરોપ છે કે, આ પગલું બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અને લોકશાહી પ્રક્રિયાઓમાં વિલંબ કરે છે. રાજ્ય કોંગ્રેસના રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠનના પ્રમુખ સી.બી. યાદવે મુખ્યમંત્રી ભજનલાલ શર્માને પત્ર લખીને સરકારને સમયસર પંચાયત ચૂંટણીઓ યોજવા વિનંતી કરી છે. યાદવે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ચૂંટણીમાં વિલંબ કરવાનો નિર્ણય બંધારણની કલમ ૨૪૩-ઈ અને રાજસ્થાન પંચાયતી રાજ અધિનિયમ ૧૯૯૪ની કલમ ૯૫નો ભંગ કરે છે. તેમણે જણાવ્યું, બંધારણમાં અથવા પંચાયતી રાજ અધિનિયમમાં એવી કોઈ જોગવાઈ નથી કે જે પાંચ વર્ષની મુદત પૂરી થયા પછી કોઈપણ સંજોગોમાં કાર્યકાળ લંબાવવા અથવા ચૂંટણી મુલતવી રાખવાની મંજૂરી આપે. ગુરૂવારે રાજ્ય સરકારે એક જાહેરનામું બહાર પાડીને ગ્રામ પંચાયતો માટે વચગાળાના વહીવટકર્તા તરીકે વિદાયમાન સરપંચોની નિમણૂક કરી હતી, જેમનો કાર્યકાળ સમાપ્ત થવાનો છે. રાજસ્થાનમાં ૬૭૫૯ ગ્રામ પંચાયતોનો કાર્યકાળ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સમાપ્ત થવાનો છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારે નિર્ણય લેતા પહેલા મધ્યપ્રદેશ, ઝારખંડ અને ઉત્તરાખંડમાં લાગુ કરાયેલા સમાન મોડેલનો અભ્યાસ કર્યો હતો. કાનૂની સલાહ માંગવામાં આવી હતી અને સરપંચ સંઘના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી, જેમણે આ પગલાં માટે સંમતિ આપી હોવાનું કહેવાય છે. જાહેરનામામાં જિલ્લા કલેક્ટરોને અસરગ્રસ્ત પંચાયતોમાં વહીવટકર્તાઓની નિમણૂક અને વહીવટી સમિતિઓની રચનાની દેખરેખ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. જ્યારે રાજસ્થાનમાં ૧૧,૦૦૦થી વધુ ગ્રામ પંચાયતો છે, તેમનો કાર્યકાળ એકસાથે સમાપ્ત થતો નથી. દાખલા તરીકે ૭૦૪ પંચાયતોનો કાર્યકાળ માર્ચમાં સમાપ્ત થશે, જ્યારે ૩૮૪૭નો કાર્યકાળ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં સમાપ્ત થશે. સરકારનો દાવો છે કે, આ નિર્ણયનો હેતુ ચૂંટણી પ્રક્રિયાને સુમેળ બનાવવા અને વચગાળામાં સરળ વહીવટ સુનિશ્ચિત કરવાનો છે. જો કે, કોંગ્રેસ હજુ પણ ટીકા કરી રહી છે અને સરકાર પર ચૂંટણીઓમાં બિનજરૂરી વિલંબ કરીને લોકશાહી સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવી રહી છે. આ મુદ્દાએ ગરમાગરમ રાજકીય ચર્ચા જગાવી છે, જેમાં પંચાયત શાસનમાં વધુ પારદર્શિતા અને બંધારણીય આદેશોનું પાલન કરવાની હાકલ કરવામાં આવી છે.

## કસ્ટમ્સ અને ED અધિકારીઓ તરીકે ઓળખ આપી બેંગલુરૂના એન્જિનિયર સાથે ૧૧ કરોડ રૂપિયાની છેતરપિંડી

(એજન્સી) તા.૧૯

ટેક ઈન્ડસ્ટ્રીમાં કામ કરતો એક વ્યક્તિ સાયબર કૌભાંડનો શિકાર બન્યો અને છેતરપિંડી કરનારાઓએ તેને સરકારી અધિકારી તરીકે ફોન કરીને મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવાની ધમકી આપી તેની પાસેથી ૧૧ કરોડ રૂપિયા પડાવી લીધા હતા. ઘટના બાદ પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીને ખબર પડી કે પીડિત વિજય કુમારે ૫૦ લાખ રૂપિયાનું બજાર રોકાણ કર્યું હતું, જે વધીને ૧૨ કરોડ રૂપિયા થઈ ગયું છે. ત્યારબાદ તેઓએ પોલીસ, કસ્ટમ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના અધિકારીઓ તરીકે ઓળખ આપી અને કથિત મની લોન્ડરિંગના આરોપમાં તેની ધરપકડ કરવાની ધમકી આપી. જાહેરાત ત્યારબાદ કુમારે આરોપીઓ સાથે પોતાનો આધાર, પાન કાર્ડ અને કેવાયસી જેવી વ્યક્તિગત વિગતો શેર કરી, જેના પગલે તેઓ મહિનાઓના સમયગાળામાં નવ બેંક ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર કરવામાં સફળ રહ્યા, અને દાવો કર્યો કે તે તેમનું નામ સાફ કરવાની સરકારી પ્રક્રિયાનો એક ભાગ હતો. પીડિતા તરફથી ફરિયાદ મળ્યા બાદ, સાયબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી અને અલ્હાબાદના એક ખાતામાં ૭.૫ કરોડ રૂપિયા શોધી કાઢવામાં આવ્યા. પોલીસ સુરત પહોંચી, જ્યાં તેમને જાણવા મળ્યું કે આ પૈસાનો ઉપયોગ આરોપીઓમાંથી એક ધવલ શાહે સોનું ખરીદવા માટે કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું કે શાહે દુબઈ સ્થિત છેતરપિંડી કરનારના નિર્દેશ પર કામ કર્યું હતું અને ખરીદીની વ્યવસ્થા કરવા માટે ૧.૫ કરોડ રૂપિયાનું કમિશન મેળવ્યું હતું. આ સોનું 'નીલ ભાઈ' નામના અજાણ્યા વ્યક્તિને સોંપવામાં આવ્યું હતું. પોલીસ કાર્યવાહીમાં, અત્યાર સુધીમાં ત્રણ આરોપીઓ, તરૂણ નટાણી, કરણ અને ધવલ શાહની ધરપકડ કરવામાં આવી છે અને IT એક્ટ અને ભારતીય દંડ સંહિતા (IPC)ની સંબંધિત કલમો હેઠળ વધુ તપાસ ચાલી રહી છે.

# મહાકુંભ એ એકતા, સમાનતા અને આધ્યાત્મિકતાનું પ્રતીક છે : વડાપ્રધાને 'મન કી બાત' કાર્યક્રમમાં કહ્યું

(એજન્સી) તા.૧૯

નવા વર્ષના પ્રથમ મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૯ જાન્યુઆરીએ વિશ્વના સૌથી મોટા ધાર્મિક અને આધ્યાત્મિક મેળાવડા મહાકુંભના મહત્ત્વ અંગે વાત કરી હતી. તેમણે દેશના ખૂણે ખૂણેથી એકત્ર થતી વિશાળ ભીડ પર ટિપ્પણી કરી અને આ તહેવાર કેવી રીતે અમીર અને ગરીબ વચ્ચેના ભેદને દૂર કરે છે તેના પર ભાર મૂકતા કહ્યું કે, અહીં અમીર અને ગરીબ વચ્ચેનો ભેદ અદશ્ય થઈ જાય છે, પીએમ અને આ કાર્યક્રમ સમાનતા, સંવાદિતા અને આધ્યાત્મિક એકતાનું યાદગાર સંગમ છે. આ તહેવાર વિવિધતામાં એકતાની ઉજવણી કરે છે, જે ભારત અને વિશ્વના તમામ ભાગોના લોકોને એકસાથે લાવે છે. હજારો વર્ષોથી ચાલી આવતી આ પરંપરામાં કોઈ ભેદભાવ નથી, કોઈ જાતિવાદ નથી.

તેમણે વિગતવાર જણાવ્યું કે, મહાકુંભમાં દક્ષિણથી પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર સુધી ભારતભરના લોકો સંગમમાં પવિત્ર ડૂબકી લગાવવા, ભોજન વહેંચવા અને પ્રસાદ લેવા માટે એક થાય છે. આ જ કારણ છે કે, કુંભ એકતાનો મહાકુંભ છે. તે પ્રતીક છે કે, આપણી પરંપરાઓ સમગ્ર રાષ્ટ્રને કેવી રીતે એક સાથે જોડે છે. પ્રધાનમંત્રીએ ગોદાવરી, કૃષ્ણ, નર્મદા અને કાવેરી જેવી પવિત્ર નદીઓના કિનારે આવેલા પુષ્કર્મ જેવા દક્ષિણ રાજ્યોમાં સમાન તહેવારોની પણ વાત કરી હતી. તેમણે આ તહેવારો અને ભારતની પવિત્ર નદીઓ વચ્ચેના જોડાણ પર પ્રકાશ પાડ્યો અને સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરંપરાઓને એક કરવામાં તેમની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. મોદીએ મહાકુંભમાં યુવાનોની વધતી ભાગીદારી પર ખાસ આનંદ વ્યક્ત કર્યો, તેને ભારતની સમૃદ્ધ સભ્યતા અને સંસ્કૃતિમાં ગૌરવની નિશાની ગણાવી હતી. તેમણે આ કાર્યક્રમ સાથે મોટા પાયે ડિજિટલ જોડાણની નોંધ લેતા કહ્યું કે, જ્યારે યુવા પેઢી પોતાના વારસા સાથે જોડાય છે, ત્યારે તે આપણી સભ્યતાના મૂળને મજબૂત બનાવે છે અને તેનું ભવિષ્ય સુરક્ષિત કરે છે. પ્રધાનમંત્રીએ પશ્ચિમ બંગાળમાં ગંગા સાગર મેળા જેવા અન્ય



તહેવારોની પણ પ્રશંસા કરી, જ્યાં લાખો ભક્તો મકરસંક્રાંતિ પર પવિત્ર સ્નાન માટે ભેગા થાય છે. તેમણે આ તહેવારોને સામાજિક ક્રિયાપ્રતિક્રિયાના માધ્યમ તરીકે ઉલ્લેખ કર્યો જે સંવાદિતા, એકતા અને ભારતની પરંપરાઓ સાથે જોડાણ વધારે છે. તે આપણા શાસ્ત્રો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પર ભાર મૂકે છે, તેમ આપણા તહેવારો જીવનના દરેક આધ્યાત્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પાસાને સશક્ત બનાવે છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મન કી બાતમાં મહાકુંભની ચર્ચા કરવા બદલ પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કર્યો. મુખ્યમંત્રી યોગીએ મહાકુંભને 'ભારતની એકતાનું જીવંત પ્રતીક' ગણાવ્યું અને મોદીના નેતૃત્વમાં વિશ્વને ભારતના સાંસ્કૃતિક વારસાનો પરિચય કરાવવા બદલ આ કાર્યક્રમની પ્રશંસા કરી હતી. યુવાનોની પ્રશંસા કરતા યોગીએ ટિપ્પણી કરી કે યુવા પેઢીને તેમની સંસ્કૃતિને ગર્વથી સ્વીકારવાનો પ્રધાનમંત્રીનો સંદેશ તેમને એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવનાને મૂર્તિમંત કરવા પ્રેરણા આપશે.

# મહાકુંભમાં સિલિન્ડર ફાટતાં તંબુઓમાં આગ ભભૂકી ઊઠી, વડાપ્રધાને મુખ્યમંત્રી સાથે ટેલિફોન પર વાતચીત કરી જાણકારી મેળવી

**પ્રયાગરાજના સૌથી મોટા મેળા મહાકુંભમાં આગને કારણે સાખ્યાબંધ તંબુઓ ખાખ થઈ ગયા, રવિવારે સાંજે એક કેમ્પમાં બેથી ત્રણ સિલિન્ડરના વિસ્ફોટથી આગની પ્રચંડ જ્વાળાઓ ઘેરી વળી, આગ પર તુરંત કાબૂ મેળવી લેવાયો : કોઈ જાનહાનિ નથી**

(એજન્સી) પ્રયાગરાજ, તા.૧૯

હિન્દુ સમાજના સૌથી મોટા મેળાવડા પ્રયાગરાજના મહાકુંભમાં સેક્ટર ૧૯ વિસ્તારમાં બે ગેસ સિલિન્ડરમાં ધડાકો થવાથી આગ પ્રસરી વળી હતી. આથી તાત્કાલિક સંખ્યાબંધ ફાયર ફાઈટર સ્થળ પર દોડી ગયા હતા અને આગને કાબૂમાં લેવા માટે પાણીનો જોરદાર મારો ચલાવવામાં આવ્યો હતો તેમ અખાડા પોલીસ સ્ટેશનના અધિકારીઓએ જણાવ્યું હતું. મહા કુંભમાં આગ લાગ્યાની જાણ થતાં જ સંખ્યાબંધ ફાયર ફાઈટર સાથે ધસી ગયો હતો અને કેટલા કલાકો સુધી પાણીનો મારો ચલાવીને સાંજે આગ કાબૂમાં લેવામાં આવી હતી. આગને કારણે કેટલાક તંબુઓનો નાશ થયો હતો તેમ જાણવા મળ્યું છે. જોકે સદ્‌નસીબે કોઈ જાનહાનિ થઈ નથી તેમ સત્તાવાળાઓએ જણાવ્યું હતું.



પ્રયાગરાજ ખાતે દર બાર વર્ષે મહા કુંભમેળો યોજાય છે. આ વખતે ૧૦,૦૦૦ એકર વિસ્તારમાં એક કામચલાવું શહેર ઊભું કરવામાં આવ્યું છે અને કરોડોએ આ સ્થળોએ અત્યાર સુધીમાં મુલાકાત લઈ ચૂક્યા છે. ૨૦ લાખ લોકો દર્શન માટે આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે અને કોઈ જાતની ધમાચકડી ન થાય કે નાસભાગ ન બચે એ માટે ઈન્ટિગ્રેટેડ કંટ્રોલ કમાન્ડ સેન્ટર પરથી સતત સમગ્ર કુંભમેળા પર નજર રાખવામાં આવી રહી છે જેથી કરીને કોઈ નાસભાગ થાય નહીં.

આગની ઘટના બનતા તુરંત જ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તેની નોંધ લીધી હતી અને ઉચ્ચ અધિકારીઓ સાથે તાકીદની બેઠક યોજી હતી. ફાયર બ્રિગેડ સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે ધસી ગયો હતો અને આગ કાબૂમાં લીધી હતી. મુખ્યમંત્રીની સૂચનાથી ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. મુખ્યમંત્રીએ પરમાર્થ આશ્રમ ખાતે સવારે સંબોધન કર્યું હતું અને આ પવિત્ર ભૂમિ પર આ મહાકુંભ મેળાએ જોવાનું અને પવિત્ર સ્નાન તથા દર્શનનો અનુભવ મળ્યો એ માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી

મહાકુંભમાં છેલ્લા સાત દિવસમાં ૧૭ લાખ લોકોએ આ સ્થળોએ પવિત્ર સ્નાનનો લાભ લઈ ચૂક્યા છે.

# APCC અમિત શાહની મુલાકાતનો વિરોધ કરશે; 'તેમને આંધ્રમાં પગ મૂકવાનો કોઈ અધિકાર નથી' : રાજ્ય પ્રમુખ વાય.એસ. શર્મિલા રેડ્ડી

**રેડ્ડીએ કહ્યું કે, રાજ્યસભામાં બી.આર. આંબેડકર વિશેની તેમની વિવાદાસ્પદ ટિપ્પણીની નિંદા કરતા પાર્ટી રાજ્યભરમાં આંબેડકરની પ્રતિમાઓ પર મોટાપાયે વિરોધ પ્રદર્શનનું આયોજન કરશે**

(એજન્સી) વિજયવાડા, તા.૧૯

આંધ્રપ્રદેશ કોંગ્રેસ સમિતિ (APCC)ના વડા વાય.એસ. શર્મિલા રેડ્ડીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની રાજ્ય મુલાકાતનો 'સખત' વિરોધ કર્યો અને તેમના પર બી.આર. આંબેડકરનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે, તેમને રાજ્યની મુલાકાત લેવાનો કોઈ અધિકાર નથી. રેડ્ડીએ કહ્યું કે, રાજ્યસભામાં બી.આર. આંબેડકર વિશેની તેમની વિવાદાસ્પદ ટિપ્પણીની નિંદા કરતા પાર્ટી રાજ્યભરમાં આંબેડકરની પ્રતિમાઓ પર મોટા પાયે વિરોધ પ્રદર્શનનું આયોજન કરશે.

**APCC ચીફ વાય.એસ. શર્મિલા રેડ્ડીનું ટ્વિટ :** X પરની રેડ્ડીની પોસ્ટમાં તેમણે કહ્યું, ડૉ.બી.આર. આંબેડકરનું અપમાન કરનારા અમિત શાહને આંધ્રપ્રદેશમાં પગ મૂકવાનો કોઈ અધિકાર નથી. આંધ્રપ્રદેશ કોંગ્રેસ પાર્ટી અમિત શાહની રાજ્ય મુલાકાતનો સખત વિરોધ કરે છે. આ સંદર્ભમાં અમે પાર્ટી નેતૃત્વને



આંબેડકરની પ્રતિમાઓ પર મોટા પાયે વિરોધ પ્રદર્શનો યોજવા હાકલ કરી રહ્યા છીએ. અમે માંગ કરીએ છીએ કે, અમિત શાહ તાત્કાલિક દેશના લોકો સમક્ષ જાહેર માફી માંગે. તેમણે વિલંબ કર્યા વિના તેમના મંત્રી પદ પરથી રાજીનામું પણ આપવું જોઈએ. તેમણે ઉમેર્યું, ભારતીય બંધારણના ઘડવૈયાનું અપમાન કરવું એ રાષ્ટ્ર સામે રાજદ્રોહ કરવા સમાન છે. વિધાનસભાના સંપૂર્ણ સત્રમાં આંબેડકરની મજાક ઉડાવીને અમિત શાહે પોતાને દેશનો દેશદ્રોહી સાબિત કર્યો છે. વધુમાં ભાજપના સાથી પક્ષો TDP અને જનસેના પાર્ટીની ટીકા કરતા રેડ્ડીએ કહ્યું કે, અમિત શાહ પાસેથી માફી માંગવાને બદલે જેઓ તેમની મુલાકાતનું સ્વાગત કરી રહ્યા છે તેઓ પણ રાષ્ટ્ર સાથે દગો કરી રહ્યા છે. તેમણે કહ્યું, જેઓ આવી દેશદ્રોહી ટિપ્પણીઓની નિંદા કરતા નથી અથવા માફી માંગતા નથી, પરંતુ આતિથ્ય કરે છે, તેઓ પણ રાષ્ટ્ર સાથે દગો કરી રહ્યા છે. જે રાજકીય પક્ષો આવા વ્યક્તિઓ સાથે પ્લેટફોર્મ શેર કરે છે અથવા આ મુદ્દા પર મૌન રહે છે તેઓ દેશ સાથે દગો કરવા માટે સમાન રીતે દોષિત છે. તેમણે ઉમેર્યું, કોંગ્રેસ પાર્ટી ટીડીપી, જનસેના સહિત તેના ગઠબંધન ભાગીદારોને અમિત શાહ પાસેથી જાહેર માફી માંગવા હાકલ કરે છે. જો તમે ખરેખર રાજ્યના દલિત, બહુજન, આદિવાસી અને લઘુમતી સમુદાયોનો આદર કરો છો, તો અમારી સાથે ઊભા રહો અને અમિત શાહ પાસેથી માફી માંગવાનો આગ્રહ રાખો.

# ઉત્તરાખંડનો પહેલો આધુનિક મદ્રેસા NCERT અભ્યાસક્રમ સાથે ચાલશે અને વૈકલ્પિક વિષય તરીકે સંસ્કૃત

**ડૉ.એપીજે અબ્દુલ કલામ મોડર્ન મદ્રેસાને રૂા.૫૦ લાખના ખર્ચે બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે અને માર્ચ મહિનામાં આગામી શૈક્ષણિક વર્ષથી તેના અભ્યાસક્રમ સાથેના વર્ગો શરૂ કરવામાં આવશે તેમ ઉત્તરાખંડ વકફ બોર્ડના ચેરમેન શાદાબ શમ્સ દ્વારા જાહેર કરવામાં આવ્યું**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ઉત્તરાખંડના રાજ્ય વકફ બોર્ડ દ્વારા રાજ્યના પહેલા આધુનિક મદ્રેસાનું નિર્માણ કરવામાં આવ્યું છે જેમાં NCERTના અભ્યાસક્રમ મુજબ વર્ગ ચલાવવામાં આવશે અને અભ્યાસ કરાવવામાં આવશે અને અરબી ભાષા ઉપરાંત વૈકલ્પિક નવા વિષય તરીકે સંસ્કૃતનો પણ અભ્યાસ કરાવવામાં આવશે.

રાજ્ય વકફ બોર્ડના ચેરમેન શાદાબ શમ્સ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું કે, રૂા.૫૦ લાખના ખર્ચે બોર્ડ દ્વારા ડૉ.એપીજે અબ્દુલ કલામ આધુનિક મદ્રેસાનું નિર્માણ કરવામાં આવ્યું છે અને માર્ચ મહિનામાં આગામી શૈક્ષણિક સત્ર સાથે તેમાં અભ્યાસક્રમ શરૂ કરાવી દેવામાં આવશે. અહીં દેહરાદૂનના રેલવે સ્ટેશન પાસે આવેલી મુસ્લિમ કોલોનીમાં મદ્રેસાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શમ્સ જણાવે છે કે, આ કોલોનીમાં લગભગ ૧૦ જેટલા મદ્રેસા આવેલા છે જ્યારે આ મદ્રેસાને વધુ આધુનિક સુખ સુવિધાઓ અને સાધનો સાથે તૈયાર કરવામાં આવ્યો છે જેમાં સાધન સંપન્ન ક્લાસરૂમ છે, આધુનિક ફર્નિચર છે કમ્પ્યુટર છે અને સ્માર્ટ બોર્ડ પણ મૂકવામાં આવ્યા છે. વધુ આધુનિક અને સંકલિત શિક્ષણ માટે આસપાસના મદ્રેસાઓના વિદ્યાર્થીઓને પણ આ નવા આધુનિક મદ્રેસામાં લાવવામાં આવશે અને ભરતી કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષના અંત સુધીમાં રાજ્યના આઠથી દસ મદ્રેસાઓનું આધુનિકીરણ કરવાનું બોર્ડનું આયોજન છે અને આસપાસના નાના મદ્રેસાને મોટા મોડર્ન મદ્રેસામાં સામેલ કરી દેવામાં આવશે. ખૂબ જ સારા વિસ્તારમાં અને સારી સગવડો સાથેના મુખ્ય મદ્રેસામાં નાના મદ્રેસાઓને ભેળવી દેવામાં આવશે.

તેમણે વધુમાં માહિતી આપી હતી કે, બોર્ડની આવક વધારવા માટે જે ખાલી મિલકતો પડી છે તેનો ઉપયોગ કરવામાં આવશે અને આયોજન તથા વહીવટમાં સુધારા કરવામાં આવશે. નવા બનનારા આધુનિક મદ્રેસામાં નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગના અભ્યાસક્રમ મુજબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરશે અને સાંજે કુર્આન શરીફની તાલીમ તથા ઈસ્લામ ધર્મની તાલીમ અને હદીસ શરીફનું શિક્ષણ આપવામાં આવશે અથવા તો ભગવાન રામ દ્વારા અપાયેલા ઉપદેશોનું શિક્ષણ આપવાનો પણ વિકલ્પ રાખવામાં આવ્યો છે.

ચેરમેન જણાવે છે કે, એક સુંદર ભારતનું નિર્માણ કરવાનો અમારો આશય છે જ્યાં બાળકોને સમાન શિક્ષણ મળે અને સમાન તકો મળી રહે તે માટે અમારૂં બોર્ડ નિઃશુલ્ક શિક્ષણ અને યુનિફોર્મ તથા પુસ્તકો પણ આપશે તે માટે કોઈ ચાર્જ લેવામાં નહીં આવે. પહેલી વખત બાળકોને શારીરિક શિક્ષણ



આપવા માટે પીટીના શિક્ષક તરીકે પૂર્વ સૈનિકની ભરતી કરવામાં આવશે જેથી કરીને લોકોમાં શારીરિક ફિટનેસની સાથે સાથે રાષ્ટ્રવાદના સંસ્કાર પણ મળી રહે. સંસ્કૃતના શિક્ષકોની પણ ભરતી કરવામાં આવશે.

તેમણે એ વાત પણ કબૂલી હતી કે, મુસ્લિમ સમાજમાંથી કેટલાક વર્ગ દ્વારા મદ્રેસાના આધુનિકીકરણ અને અમારી પહેલનો વિરોધ પણ કરવામાં આવ્યો છે અને અમને એવી વિનંતી કરવામાં આવી છે કે, મદ્રેસાને બદલે સ્કૂલ એવું નામ રાખવામાં આવે. તેમણે કહ્યું હતું કે, તમામ મદ્રેસા બોર્ડના સંચાલન હેઠળ લાવવામાં આવે અને તેનું નિયમન એક સરખી રીતે થઈ શકે એ માટે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી સાથે ચર્ચા વિચારણા થઈ રહી છે.

# અજીત પવાર : સૈફ અલી ખાનના હુમલાખોરને એ ખબર જ નહોતી કે, એ અભિનેતાના ઘરમાં ઘૂસી ગયો છે

**અજીત પવાર દ્વારા માહિતી આપવામાં આવી હતી કે, અભિનેતાને ચપ્પુથી અનેક ઘા મારનાર હુમલાખોરને એ કોના ઘરમાં પ્રવેશી ગયો છે તેનો કોઈ ખ્યાલ જ નહોતો, તેને એવું હતું કે આ કોઈ ધનિક વ્યક્તિનું ઘર છે**

(એજન્સી) મુંબઈ, તા.૧૯

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવારે સૈફ અલી ખાન પર હુમલા બાબતમાં નિવેદન આપતા જણાવ્યું હતું કે હુમલાખોર અભિનેતાના ઘરમાં ઘૂસી ગયો ત્યારે તેને એ ખબર જ નહોતી કે એ કોના ઘરમાં પ્રવેશી ગયો છે. તેમણે જણાવ્યું હતું કે મુંબઈ પોલીસે હુમલાના આરોપસર એક બાંગ્લાદેશી મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શેહઝાદ ઉર્ફે બિજોય દાસ નામના એક આરોપીની ધરપકડ કરી લીધી છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આરોપીની થાણેથી ધરપકડ કરવામાં આવી હતી અને તેણે ગુનો પણ કબૂલી



લીધો છે. આઠ મહિના પહેલા જ આરોપી બાંગ્લાદેશથી કોલકાતા આવીને રહ્યો હતો અને તેણે મુંબઈ વિશે ખૂબ જ સાંભળ્યું હતું એટલે ઘરનોકર તરીકે કામ કરવા લાગ્યો હતો અને મુંબઈ આવી ગયો હતો. એક એજન્સીએ કોઈ ચકાસણી વિના તેને કામે રાખી લીધો હતો. એજન્સીમાંથી પણ પોલીસે ધરપકડો કરી છે. અજીત પવારે કહ્યું હતું કે બાંદ્રામાં હુમલાખોર એવું સમજીને અભિનેતાના મકાનમાં ઘૂસ્યો હતો કે આ કોઈ ધનિક પરિવારનું ઘર છે અને એક સ્થળે કલાકો સુધી છુપાઈ રહ્યો હતો અને પછી ઘરમાં ઘૂસી ગયો હતો પણ તેને ખબર નહોતી કે એ બોલીવૂડના કોઈ અભિનેતાના ઘરમાં પ્રવેશી ગયો છે. કોઈએ તેને એવું કહ્યું હતું કે આ વિસ્તારમાં બધા કરોડપતિ લોકો જ રહે છે એટલે એ ચોરી કરવાના ઈરાદા સાથે મકાનમાં પ્રવેશી ગયો હતો.

# ગેમ, સેટ, મેચ : ઈન્ડિયન ઓપન ૨૦૨૫ શરૂ થવા માટે તૈયાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

જૂની દિલ્હીના ચાંદની ચોકની ધમધમતી શેરીઓમાંથી ચાલતા દરેક પગલે ઘણા ઈતિહાસ જીવતા હોય તેવું લાગશે. આવી જ એક વાર્તા ૧૯૨૯માં ચાંદની ચોકમાં એક નાની સ્વતંત્ર દુકાનથી શરૂ થઈ હતી જે અત્તર-કુદરતી તત્ત્વોમાંથી બનેલા પરફ્યુમ તેલ વેચતી હતી. ડીએસ ગ્રુપના સ્થાપક ધર્મપાલ જીએ દુકાન શરૂ કર્યાના છ વર્ષ પછી તેમાં આગ લાગી. આગને કારણે બધો અત્તર ચાંદની ચોકમાંથી પસાર થતી નહેરમાં ઢોળાઈ ગયો, જે લાલ કિલ્લા સુધી વહેતો હતો, જેના કારણે દુકાનમાં બનાવેલા સૂત્રોની શેરીઓ સુગંધિત થઈ ગઈ. આ સમય ધર્મપાલ જી અને તેમના પરિવાર માટે વિનાશક હતો. ધરમપાલ સત્યપાલ ગ્રુપ (ડીએસ ગ્રુપ)ની વાર્તા વારસા અને જુસ્સા પર બનેલી છે. જો કે, તેમની પત્નીના ટેકાથી, તેમણે નવેસરથી શરૂઆત કરી અને ડીએસ ગ્રુપની સ્થાપના કરી, જેનાથી તે ભારતના અગ્રણી એફએમસીજી સમૂહોમાંનું એક બન્યું. આ સફર ડિસ્કવરી ચેનલની દસ્તાવેજી ફિલ્મમાં દસ્તાવેજીકૃત કરવામાં આવી છે જે કંપનીના ઈતિહાસનું વર્ણન કરે છે. આ દસ્તાવેજી ફિલ્મ ડીએસ ગ્રુપના વાઈસ ચેરમેન રાજીવ કુમાર દ્વારા વર્ણવવામાં આવી છે, જ્યાં તેઓ કોર્પોરેટ મ્યુઝિયમ અને ફેક્ટરીમાં ઝલક આપતી વખતે તેમના પુરોગામીઓના યુગના કિસ્સાઓ શેર કરે છે. પાસ પાસ, સિલ્વર પર્લ્સ, કેચ, રજનીગંધા અને પલ્સ કેન્ડી જેવા લોકપ્રિય ઉત્પાદનો સાથે ધરમપાલ સત્યપાલ ગ્રુપ (ડીએસ ગ્રુપ) તેના માર્કેટિંગ ઝુંબેશ દ્વારા લોકોનું ધ્યાન ખેંચવામાં સફળ રહ્યું. ડીએસ ગ્રુપની લગભગ સો વર્ષના સમૃદ્ધ વારસા અને ફૂડ એન્ડ બેવરેજ, કન્ફેક્શનરી, માઉથ ફ્રેશનર્સ, હોસ્પિટાલિટી, કૃષિ, લક્ઝરી રિટેલ અને વધુ જેવા વિવિધ ક્ષેત્રોમાં નવીનતા સાથે ટકાઉ




વિકાસ તરફની સફર, કંપનીઓ તેમના ઓપરેશન્સમાં ટકાઉપણાને કેવી રીતે એકીકૃત કરી શકે છે તે દર્શાવે છે. સત્યપાલ જી અને આગામી પેઢીના નેતૃત્વ હેઠળ, ડીએસ ગ્રુપે સફળતાપૂર્વક તેના વૈશ્વિક પદચિહ્નનો વિસ્તાર કર્યો છે, તેના સમૃદ્ધ વારસાને ભવિષ્યલક્ષી અભિગમ સાથે સંતુલિત કર્યો છે. ડીએસ ગ્રુપના મૂલ્યો સમાજમાં યોગદાન આપવા અને પર્યાવરણનું રક્ષણ કરવા પર ભાર મૂકે છે. ડીએસ હેડક્વાર્ટરને યુ.એસ. ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (યુએસજીબીસી)ના હાલના બિલ્ડિંગ ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ (ઓ એન્ડ એમ) પ્રોગ્રામ વર્ઝન ૪.૦ હેઠળ લીડરશીપ ઈન એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ ડિઝાઈન (એલઈડી) પ્લેટિનમ સર્ટિફિકેશન એનાયત કરવામાં આવ્યું છે. વધુમાં, તેને યુએસજીબીસી તરફથી LEED ઝીરો કાર્બન સર્ટિફિકેશન પ્રાપ્ત થયું છે.

# IAS સફળતાની વાર્તા : ઓટોરિક્ષા ડ્રાઈવરના પુત્રએ ઈતિહાસ રચ્યો, પહેલા જ પ્રયાસમાં UPSC સફળતાપૂર્વક પાસ કરી લીધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

પિતા ઓટો રિક્ષા ચલાવે છે, માતા ખેતમજૂર છે, દીકરો IAS અધિકારી છે, આ વાર્તા પોતાનામાં એક ખાસ અને પ્રેરણાદાયી છે. આપણે એક એવા આશાસ્પદ વ્યક્તિ વિશે વાત કરી રહ્યા છીએ જે ઘરની પરિસ્થિતિઓથી પ્રભાવિત નહોતો અને ન તો આર્થિક મુશ્કેલીઓ તેની સફળતાના માર્ગમાં આવી હતી. અંસાર શેખ જે દેશનો સૌથી યુવા IAS અધિકારી બન્યા. અંસાર શેખ શરૂઆતથી જ એક તેજસ્વી વિદ્યાર્થી હતો. મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રના રહેવાસી અંસારે ૨૧ વર્ષની ઉંમરે પહેલા જ પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરી. અંસારે પરીક્ષામાં ઓલ ઈન્ડિયા ૩૬૧મો રેન્ક મેળવ્યો. તેના પિતા યુનુસ શેખ અહેમદ ઓટો રિક્ષા ચલાવે છે. તેણે બાળપણથી જ ખૂબ મહેનત કરી હતી. ઘરની પરિસ્થિતિ એવી હતી કે તેના માટે વધુ અભ્યાસ કરવો મુશ્કેલ બની ગયો. એકવાર પરિસ્થિતિ એવી બની ગઈ કે તેના પિતાને તેનું નામ શાળામાંથી કાઢી



નાખવાની ફરજ પડી, પરંતુ તેની માતાએ તેના આશાસ્પદ પુત્રને તેના શિક્ષણ અને ઘરની આર્થિક સ્થિતિમાં થોડી મદદ કરવાનું નક્કી કર્યું. તેણીએ ખેતરોમાં કામ કરવાનું શરૂ કર્યું. તેમણે પોતાના દીકરાના અભ્યાસમાં કોઈ અડચણ ન આવવા દીધી. માતાના ટેકા અને સમર્પણથી, અંસારે એવું કર્યું જે કોઈએ કલ્પના પણ ન કરી હોય. અંસારે શરૂઆતથી જ નક્કી કરી લીધું હતું કે તે IAS બનવા માંગે છે. આ માટે, તેણે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં સખત અભ્યાસ કર્યો અને UPSC પરીક્ષા આપી. તેની મહેનતનું પરિણામ આવ્યું અને નસીબે તેનો સાથ આપ્યો અને તેણે પહેલા જ પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરી. મહારાષ્ટ્રના જાલના જિલ્લાના શેલ ગામના રહેવાસી અંસારે, અખિલ ભારતીય ક્રમાંક ૩૬૧ મેળવ્યો. અંસાર ખૂબ જ ગરીબ પરિવારનો છે. બાળપણથી જ, તેણે પોતાના પરિવાર માટે ગુજરાન ચલાવવા માટે ખૂબ જ મહેનત કરી છે. તેઓ એવા પરિવારમાંથી આવતા હતા જ્યાં શિક્ષણ ક્યારેય પ્રાથમિકતા નહોતું. પરિવારનું ભરણપોષણ એ પહેલી પ્રાથમિકતા હતી. બાળપણથી જ તેણે તેના પિતાને તેના પરિવાર માટે સખત મહેનત કરતા જોયા. તેની માતા પરિવારનું ગુજરાન ચલાવવા માટે ખેતરોમાં કામ કરતી હતી. ગમે તે પરિસ્થિતિ હોય, અંસારે અભ્યાસ છોડ્યો નહીં અને એક દિવસ તેણે દેશની સૌથી અઘરી UPSC પરીક્ષા પાસ કરી.

### ડિજિટલ એરેસ્ટ સહિત વિવિધ ફ્રોડમાં આરોપીઓ સંડોવાયેલા

# શેરબજારમાં રોકાણના નામે છેતરતી ટોળકી ઝડપાઇ : આરોપીઓના ૨૦૦થી વધુ બેન્ક એકાઉન્ટ સામે દેશભરમાં ૫૫૦થી વધુ ફરિયાદ

### આરોપીના ઘરેથી ૧૧૨ ચેકબૂક, ૪૮ પાસબૂક, ૨૮ ક્રેડિટ કાર્ડના કીટ સહિત ૩૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

શેરબજારમાં રોકાણ કરાવી વધુ નફો આપવાની લાલચ આપી છેતરપિંડી કરતી ટોળકી ઝડપાઇ છે. ઝડપાયેલા આરોપીઓ પાસેથી ૨૦૦થી વધુ બેન્ક એકાઉન્ટ સહિત ૧૧૨ જેટલી ચેકબૂક, ૪૮ પાસબુક સહિત ૩૭ લાખથી વધુનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. આરોપીઓ અમદાવાદના આંબાવાડીની એક ઓફિસથી બેંક એકાઉન્ટ ઓપરેટ કરતા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, આરોપીઓ પાસેથી મળેલા બેંક એકાઉન્ટ વિરુદ્ધ ભારતભરમાં ૫૫૦થી વધુ ફરિયાદ નોંધાઈ છે.




૧૩ જાન્યુઆરીએ અમદાવાદના એક વ્યક્તિએ સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી કે, સોશિયલ મીડિયાના માધ્યમથી તેઓ શેરબજારના એક ગ્રુપમાં જોડાયા હતા. જેમાં રોકાણ કરવાની ટીપ્સ આપીને મોટો નફો કરાવવાની લાલચ આપી હતી. આરોપીઓ બનાવટી એપ્લિકેશન ખોલાવી તેના મારફતે શેર બજારમાં ટ્રેડિંગ કરાવી ખોટી રીતે મોટો નફો બતાવતા હતા. તેમાંથી શરૂઆતમાંથી નફો વિડ્રો પણ થતો હતો. તેથી વિશ્વાસ આવતા ફરિયાદીએ અલગ અલગ બેંક એકાઉન્ટમાં ૫૯.૦૬ લાખ રૂપિયા ભર્યા હતા, જે આરોપીઓએ પરત આપ્યા નહોતા અને છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે સાયબર ક્રાઇમે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

સાયબર ક્રાઇમે આ અંગે પ્રકાશ પરમાર, પ્રિયંક ઠક્કર અને કેવલ ગઢવી નામના આરોપીઓની ધરપકડ કરી હતી. ત્રણેય આરોપીઓ અમદાવાદના રહેવાસી છે. પ્રકાશ પરમારે આ ગુનામાં પોતાનું એકાઉન્ટ કમિશન પેટે આપ્યું હતું, જેમાં સાઈબર ફ્રોડ અને ઓનલાઈન ગેમિંગના પૈસા રાખવામાં આવતા હતા. જે માટે પ્રકાશને ભાડું મળતું હતું. આ એકાઉન્ટમાં ફરિયાદીના ૨૮ લાખ રૂપિયા આવ્યા હતા. જે પ્રકાશે ઉપાડીને ગોવિંદ નામના વ્યક્તિને આપ્યા હતા. પ્રિયંક ઠક્કર નામના આરોપીએ પ્રકાશનું બેંક એકાઉન્ટ ખોલાવી તેમાં સાયબર ફ્રોડ અને ઓનલાઈન ગેમિંગના પૈસા નખાવા માટે ગોવિંદને અને અન્ય વ્યક્તિ સાથે વાતચીત કરી હતી. પૈસા આવતા પ્રિયંકે પ્રકાશ સાથે જઈને ૨૮ લાખ ચેક દ્વારા પૈસા ઉપાડીને અન્ય આરોપીને મોકલ્યા હતા. કેવલ ગઢવી અમદાવાદમાં આંબાવાડી વિસ્તારમાં સેફરોન ટાવરમાંથી ઓફિસ ચલાવીને બેંક ખાતા અપડેટ કરતો હતો.

સેફરોન ટાવર ખાતેની ઓફિસમાં તપાસ કરતા ત્યાંથી ૧૨ મોબાઈલ ફોન, ૪૬ અલગ અલગ બેંકની પાસબુક, ૩૩ અલગ અલગ ડેબિટ કાર્ડ, ૧૭ અન્ય પાસબુક, ૩૮ સીમકાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ, ૩૭ લાખ રોકડા, કેસ કાઉન્ટિંગ મશીન, સવાઈપ મશીન, લેપટોપ સહિત કુલ ૩૭.૫૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ઉપરાંત આ ગુનાના અન્ય આરોપીના ઘરે તપાસ કરતા ત્યાંથી અલગ અલગ બેંકની ૧૧૨ જેટલી ચેકબૂક, ૪૮ પાસબુક, ૨૮ ક્રેડિટ કાર્ડના કીટ, ૧૧ સીમકાર્ડ, ૮૯ માર્કશીટ, સર્ટિફિકેટ, લેટરપેડ અને ૩ સ્ટેમ્પ મળી આવ્યા હતા.

આરોપીઓ પાસેથી કુલ ૨૦૦ જેટલા બેક એકાઉન્ટ મળી આવ્યા હતા. જેની તપાસ કરતા દેશભરમાંથી ડિજિટલ એરેસ્ટ, શેરબજાર ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ અને અન્ય ફ્રોડ એક્ટિવિટીની આ એકાઉન્ટ વિરૂદ્ધમાં ૫૫૦થી વધારે ફરિયાદ છે. જે બાબતે હાલ તપાસ ચાલી રહી છે.

### વડોદરામાં વિવિધ ત્રણ અકસ્માતમાં પાંચ લોકોનાં મોત

# બાઈક અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બે સંતાનો અને માતાનું કરૂણ મોત

### એક જ પરિવારના ત્રણ સભ્યોનાં મોત નિપજતા અરેરાટી પ્રસરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

વડોદરા શહેર-જિલ્લામાં આજે એક જ દિવસમાં સર્જાયેલા અલગ-અલગ ત્રણ માર્ગ અકસ્માતોમાં પાંચ લોકોનાં મોત નિપજ્યા છે. અમદાવાદ-મુંબઈ હાઈવે પર સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નિપજ્યા બાદ સ્થાનિકોએ ચક્કજામ કરતા વાહનોની ૧૦ કિ.મી. લાંબી લાઈન લાગી હતી. પોલીસના ઉચ્ચ અધિકારીઓએ ઘટનાસ્થળ પર પહોંચી સમજાવટ કરતા મામલો થાળે પડ્યો હતો. પોલીસ દ્વારા ટ્રાફિકને પૂર્વવત કરવાનો પ્રયાસ કરાયો હતો. જ્યારે અન્ય બે બનાવમાં આજવા રોડ હરીદર્શન ટાઉનશીપ રોડ પર હિટ એન્ડ રનની ઘટનામાં ધો.૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું મોત નિપજ્યું છે. જ્યારે ત્રીજો બનાવ પાદરા-જંબુસર રોડ પર બન્યો છે જેમાં બાઈક અને ટ્રક વચ્ચે ટક્કર થતાં બે સંતાનો અને માતા સહિત ત્રણ લોકોનાં મોત નિપજ્યા છે.

વડોદરામાંથી પસાર થતાં અમદાવાદ-મુંબઈ હાઈવે પર આવેલા જામ્બુઆ બ્રિજ પર અકસ્માતમાં એક યુવકનું મોત થયા બાદ સ્થાનિકો એકઠા થઈ ગયા હતા અને કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે અકસ્માત સર્જાયો હોવાના આક્ષેપ સાથે ચક્કાજામ કર્યો હતો. સ્થાનિકોએ ત્રણ કલાક સુધી મૃતદેહ જ ન ઊઠાવતા ટ્રાફિકથી સતત ધમતા હાઈવે પર વાહનોની કતાર લાગી ગઈ હતી. ૧૦ કિ.મી. સુધી વાહનોની લાંબી કતાર લાગતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળ પર દોડી ગયા હતા અને પરિવારજનોને સમજાવતા મૃતદેહ સ્વીકાર્યો હતો. મૃતકનું નામ કૈલાસ પાસવાન હોવાનું જાણવા મળ્યું છે. કૈલાસ પાસવાન નામના યુવકનું હિટ એન્ડ રનમાં મોત નિપજ્યા બાદ પરિવારજનો અને સ્થાનિકોએ ચક્કાજામ કરી દીધો હતો. પોલીસની સમજાવટ બાદ મૃતદેહ સ્વીકારી લેતા વાહનવ્યવહાર પૂર્વવત થયો હતો. જો કે, બંને લાઈનમાં વાહનોની લાંબી કતારો લાગી ગઈ હોય વાહનચાલકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. જિલ્લામાં બનેલ અકસ્માતમાં પાદરા-જંબુસર હાઈવે પર ગવાસદ ગામ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાતા એક સાથે ત્રણ લોકોના ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યા છે. આ અકસ્માતમાં એક મહિલા અને બે નાના બાળકોના સ્થળ પર કરૂણ મોત થયા ચકચાર મચી જવા પામી છે. આ અકસ્માત બાઈક અને ટ્રકચાલક વચ્ચે થયો છે જેમાં માતા સહિત બે બાળકોનાં મોત નિપજ્યા છે. આ અકસ્માતની ઘટનામાં મૃતક શકુંતલાબેન પાટણવાડિયા (ઉં.વ.૩૧), ક્રિષ્નાબેન પાટણવાડિયા (ઉં.વ. ૭ અને વૈષ્ણવીબેન પાટણવાડિયા (ઉં.વ. ૩)નું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. સુરેશભાઈ પાટણવાડિયા પશુપાલન અને મજૂરીનો વ્યવસાય કરે છે અને તેઓ પાદરા તાલુકાના સાંપાલા ગામના રહેવાસી છે. તેઓ બાઈક લઈને મોવેલથી માલસર રોડ તરફ જતા હતા, તે દરમિયાન આઈસર ચાલકે ટક્કર મારી હતી જેના કારણે પરિવારના ત્રણ સભ્યોનાં મોત નિપજ્યા છે.

### જર્મન ટી.એમ.ટી. સ્ટીલ કંપનીમાંથી રૂા.૨.૫૦ લાખની મત્તાના સળિયા ચોરાયા હતા

# શહેરના ફતેહવાડી વિસ્તારમાં પોલીસકર્મી અને તેના સાગરિતો લોખંડના સળિયા ચોરી કરતા ઝડપાયા

### ● વેજલપુર પોલીસે પાંચ આરોપીઓની ધરપકડ કરી ● ચોરને પકડતી પોલીસે જ ચોરી કરી !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ શહેરના ફતેહવાડી વિસ્તારમાં જર્મન ટી.એમ.ટી. લોખંડની કંપનીમાંથી લોખંડના સળિયા ચોરી કરનાર ઈસમોને પોલીસે ઝડપી પાડયા છે. આ અંગે કંપનીના ટ્રાન્સપોર્ટ મેનેજરે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક માહિતી મુજબ આરોપી પોલીસકર્મી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસકર્મી સહિત પાંચ લોકો ઝડપાઈ ગયા છે. ઈમરાન અલ્લારખાભાઈ મોહંમદભાઈ મીનાપરા (ઉ.વ.૩૪)એ વેજલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે હું છેલ્લા સાત વર્ષથી જર્મન ટીએમટી લોખંડની કંપનીમાં ટ્રાન્સપોર્ટ મેનેજર તરીકે નોકરી કરૂ છું અને અમારી ઓફિસ હાલ એફસીએલ ગોડાઉનની સામે બાલાપીર દરગાહની બાજુમાં સોકલી બાયપાસ વિરમગામ ખાતે આવેલ છે તથા અમારી બીજી બ્રાન્ચ શામખચારી ભચાઉ કચ્છ ખાતે આવેલ છે. ગઈકાલ તા.૧૮/૧/૨૦૨૫ના રોજ રાત્રીના સાડા નવ વાગે હું મારા ઘરે હાજર હતો આ વખતે જર્મન ટીએમટી કંપનીના શેઠ ઝિયાઉલહક ઈરાકીનો ફોન આવેલ અને જણાવેલ કે જર્મન ટીએમટી કંપનીના સળિયા અહેશાન પાર્ક સોસાયટી સોનલ ચાર રસ્તા જુહાપુરા ખાતે ગઈકાલે એક ટ્રેલરમાંથી ઉતારેલ અને એ સળિયાનો સામાન હાલ બિનવારસી તરીકે પડેલ છે તેની તપાસ કરવાની છે તેવી વાત કરતા હું અને મારા બીજા બે મિત્રો લઈને ઉપરોકત જગ્યાએ ગયો હતો અને ત્યાં જઈ જોતા આ માલ જર્મન ટીએમટી કંપનીનો હોવાનું અને તે ચોરીનો હોવાનું જણાતા હું ત્યાં આ લોખંડના સળિયા લેવા માટે કોણ આવે છે તેની રાહ જોઈ બેસી રહ્યો તા.૧૯/૧/૨૦૨૫ના કલાક ૨/૦૦ વાગે ત્રણ પીકઅપ બોલેરો ગાડી આવેલ તથા એક ફોર વ્હીલર ગાડી આવી જેમાંથી એક પીઅકપ બોલેરો હાલની અંદર પહેલાથી જ લોખંડની ચેનલ ભરેલ હતુ તથા આ ગાડીના માણસો નીચે ઉતરેલા અને જર્મન ટીએમટી કંપનીના લોખંડના સળિયા પડયા હતા તે વાળીને તેઓ ગાડીમાં ભરવાની શરૂઆત કરતા હતા ત્યાં આઈ/૨૦ ફોર વ્હીલર ગાડીમાંથી એક ભાઈ નીચે ઉતરેલ જેઓ પોતાનું નામ મુસ્તુફાખાન સરદારખાન બાદરખાન (રહે. ફતેવાડી, સરખેજ અમદાવાદ) હોવાનું જણાવેલ તેઓને આ લોખંડના સળિયાના સામાન વિશે પૂછતા તેઓએ જણાવ્યું કે આ સળિયા ટ્રેલર ડ્રાઈવર ઈશ્વરસિંહ પાસેથી મે બે લાખ રૂપિયા આપી બે દિવસ પહેલા ખરીદયું છે. ફરિયાદમાં ઈમરાનભાઈએ વધુમાં જણાવ્યું છે કે, આ સળિયા બીજી બ્રાન્ચ સામખીયારી કચ્છ ખાતે આવેલ છે તેના હોવાનું તેના ઉપર ટેગ મારેલ છે અને તે લોખંડના સળિયા કંપનીમાંથી અલગ અલગ ડિસ્ટ્રીબ્યુટર ખાતે મોકલવામાં આવેલ તે વખતે જુહાપુરા ખાતે અમારા ટ્રેલર ગાડીમાંથી ચોરી કરી આ લોખંડના સળિયા અહેશાન પાર્ક સોસાયટી સોનલ ચાર રસ્તા પાસે મૂકીને આજરોજ લેવા આવતા આરોપીઓ પકડાઈ ગયા છે. ઈમરાનભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે આજરોજ તા.૧૯/૧/૨૦૨૫ના રાત્રીના સમયે જુહાપુરા અહેસાન પાર્ક સોનલ ચાર રસ્તા અમદાવાદ શહેર ખાતે જાહેર રોડ ઉપરથી અમારા અલગ અલગ ટ્રેલરમાંથી અલગ અલગ સાઈઝના લોખંડના સળિયા આશરે ૪ ટન વજનના કિ. રૂા.૨,૫૦,૦૦૦/-ની મતાની ચોરી કરી લઈ જઈ વેચવા જતા પકડાઈ ગયેલ હોય તે તમામ તથા ટ્રેલર ડ્રાઈવર ઈશ્વરસિંહ જેના પુરા નામ સરનામાની ખબર નથી તે તમામ વિરૂદ્ધ કાયદેસર તપાસ થાય. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. મુસ્તુફાખાન મલેક ઝોન-૨ એલસીબી સ્કોડનો પોલીસકર્મી છે. પોલીસે રૂા.૨.૫૦ લાખના ૪ ટન સળિયાના જથ્થા સાથે પોલીસકર્મી મુસ્તુફાખાન મલેક, રામલખન તોમર, રાજકુમાર શકરવાર, અભિષેક વર્મા અને ઈશ્વરસિંહ સહિતના આરોપીઓની ધરપકડ કરી છે.





# કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ શહેરમાં યોજાયેલા કાર્યક્રમમાં નામાંકિત તબીબો સાથે ચર્ચા કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદની મુલાકાતે આવેલા ભાજપ રાષ્ટ્રીય પ્રમુખ તથા કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ ગુજરાતના નામાંકિત ડોક્ટરો સાથે ચર્ચા કરી હતી. વસ્ત્રાપુર સ્થિત ખાનગી હોટલમાં તબીબો સાથે મુલાકાત કરી, હેલ્પકેટ એક્સિલન્સ ડાયલોગ કાર્ટક્રમમાં નડ્ડાએ હાજારી આપી હતી.

શહેરની ITC નર્મદા હોટલ ખાતે ભાજપ રાષ્ટ્રીય પ્રમુખ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી JP નડ્ડા અમદાવાદ તેમજ ગુજરાતના નામાંકિત, પદ્મભૂષણ તથા પદ્મશ્રી સન્માન મેળવનાર અને મેડિકલની અલગ અલગ ક્ષેત્રોમાં બહોળો અનુભવ ધરાવતા ગોલ્ડ મેડાલિસ્ટ ડોક્ટરો સાથે ગુજરાતની આરોગ્ય પરિસ્થિતિની ચર્ચા કરી હતી. જેમાં રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ભાજપ શહેર પ્રમુખ અમિત શાહ પણ જોડાયા હતા.

ભાજપ નેતા ડો. અનિલ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે આજના કાર્યક્રમમાં પદ્મભૂષણ હોય કે પદ્મ શ્રી મેળવનાર વિવિધ જિલ્લા અને રાજ્યોમાં તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લેવલે પણ જેમણે કામગીરી કરી હોય એવા ડોક્ટરો સાથે કેન્દ્રીય આરોગ્ય મંત્રી નડ્ડાનો વાર્તાલાપ હતો. આ અગાઉ પણ જેપી નડ્ડા જ્યારે કેન્દ્રીય આરોગ્ય મંત્રી હતા ત્યારે અમદાવાદના રાજપથ ક્લબમાં ૮૦થી ૧૦૦ નામાંકીત ડોક્ટરો સાથે તેમણે મહત્વની બાબતો ઉપર ચર્ચા કરી હતી. આરોગ્ય મંત્રી જેપી નડ્ડાનો આરોગ્ય મંત્રી તરીકે બહોળો અનુભવ છે. અગાઉ પણ તેમણે અલગ અલગ મેડિકલ ક્ષેત્રના નિષ્ણાંતો પાસેથી સુધારા વધારા માટેના સૂચનો મેળવ્યા હતા અને તેનો રાષ્ટ્રીય ક્ષેત્રે અમલ પણ કરવામાં આવ્યો હતો.

વધુમાં ભાજપ નેતા ડો. અનિલ પટેલે ઉમેર્યું હતું કે જેપી નડ્ડા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અંડર ગ્રેજ્યુએટ હોય કે પોસ્ટ ગ્રેજ્યુએટ હોય તમામ ક્ષેત્રની બેઠકોમાં નોંધપાત્ર વધારો થયો છે. આ સાથે આરોગ્ય ક્ષેત્રમાં બહુ જબરજસ્ત ક્રાંતિ ગુજરાત અને દેશ લેવલે થઈ છે. ગુજરાતમાં પણ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મેડિકલ ક્ષેત્રે મોટું હબ બની ગયું છે. સમગ્ર દેશમાં જેટલું મેડિકલ ક્ષેત્રે કામ થઈ રહ્યું છે તેમાંથી ૩૦ ટકા કરતાં પણ વધારે એકમાત્ર ગુજરાતમાં થઈ રહ્યું છે. ખાસ કરીને ૨૦૪૭ સુધીમાં આરોગ્ય ક્ષેત્રે ભારતનું વિઝન નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાતના તમામ જિલ્લાઓમાં એક મેડિકલ કોલેજ બનવી જોઈએ તેવા વિચારો નામાંકિત ડોક્ટરોની ટીમ દ્વારા મૂકવામાં આવ્યા છે. ત્યારે અમદાવાદમાં વિવિધ ક્ષેત્રના રાષ્ટ્રીય ડોક્ટરો સાથે નડાની બેઠક થઈ છે, જે મેડિકલ ક્ષેત્રે નિર્ણાયક ગણાશે.

અત્રે મહત્વનું છે કે હેલ્થ કેર એક્સ ડાયલોગ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીએ હાજરી આપી અને ચર્ચા પણ કરી છે. આ સાથે જ મેડિકલ ટુરીઝમના ગુજરાતની કામગીરી બાબતે પણ ચર્ચા થઈ છે. રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી ઋષિકેશ પટેલ તેમજ કેન્દ્રીય મંત્રીનું ડોક્ટરો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

### મુખ્યમંત્રીએ કામગીરી માટે ૨૨૦ કરોડ ફાળવ્યા

# કાલુપુર-સારંગપુર રેલવે ઓવરબ્રિજને ટુ-લેનમાંથી ફોર લેન કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ અંતર્ગત કાલુપુર અને સારંગપુર રેલવે ઓવરબ્રિજને ફોર-લેન સહિતના કામો માટે રૂા.૨૨૦ કરોડ ફાળવ્યા છે. આ સાથે, રાધનપુર-ભિલોટ માર્ગ પર ક્રોસિંગ પર બ્રિજ બનાવવા માટે પણ રૂા.૫૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા કુલ રૂા.૪૪૦ કરોડના ખર્ચે કાલુપુર અને સારંગપુર ઓવરબ્રિજનું કન્સ્ટ્રક્શન હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારના ૫૦ ટકા ફાળા તરીકે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી આ રૂા.૨૨૦ કરોડ ફાળવવામાં આવશે.

### રાધનપુરમાં પણ નવો ઓવરબ્રિજ બનશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિરાસત ભી વિકાસ ભી'ના વિઝનને અનુરૂપ, અમદાવાદ રેલવે સ્ટેશનના કાયાકલ્પ પ્રોજેક્ટમાં વર્ષો જૂના કાલુપુર-સારંગપુર રેલવે ઓવરબ્રિજનું નવીનીકરણ કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારના ૫૦ ટકા શેર તરીકે રૂા.૨૨૦ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'વિરાસત ભી વિકાસ ભી'ના ધ્યેય સાથે રેલવે સ્ટેશન ડેવલોપમેન્ટ સહિતના કામોથી નાગરિકોનું 'ઈઝ ઓફ લિવિંગ' વધારવા પર ભાર મૂક્યો છે. અમદાવાદ રેલવે સ્ટેશન પર કાલુપુર રેલવે ઓવર બ્રિજનું નિર્માણ ૧૦૮ વર્ષ પહેલાં ૧૯૧૫માં અને સારંગપુર રેલવે ઓવરબ્રિજનું ૮૩ વર્ષ અગાઉ ૧૯૪૦માં થયું હતું. હાલમાં આ કાલુપુર રેલવે ઓવર બ્રિજ (મનુ ભાઈ પરમાર બ્રિજ) બંને તરફ ફૂટપાથ સાથે થ્રી-લેન અને સારંગપુર રેલ્વે ઓવરબ્રિજ ટુ-લેન પહોળાઈ ધરાવે છે. આ પુલોની ઉંમર, સલામતી અને વધતા જતા ટ્રાફિકના ભારણને ધ્યાનમાં રાખીને બંને પુલ તોડીને નવેસરથી ફોર-લેન બનાવવાનું કામ રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત, રાધનપુર શહેર તથા ભિલોટ માર્ગ પરના હયાત રેલવે ક્રોસિંગ પર નવો ઓવરબ્રિજ બનાવવા માટે મુખ્યમંત્રીએ રૂા. ૫૨.૮૩ કરોડ ફાળવ્યા છે. રાધનપુર-ભિલોટ-સુઈગામને જોડતા આ માર્ગ પર મંજૂર ઓવરબ્રિજ બનવાથી નાગરિકોને માલપરિવહન અને મુસાફરી સરળ બનશે. આ ત્રણેય બ્રિજની કામગીરી માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નાણાંકીય સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# IRCTC હેલ્પલાઈનમાંથી વાત કરતા હોવાનું કહીને સિનિયર સિટિઝનના લાખો રૂપિયા પડાવ્યા

### કસ્ટમર કેરનો નંબર મેળવી મદદ માંગવા જતા ખાતામાંથી ૯.૮૩ લાખ ઉપડી ગયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરના સિનિયર સિટીઝને IRCTCમાં પેમેન્ટ કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પેમેન્ટ ન થતા તેમણે ઓનલાઇન IRCTCનો હેલ્પલાઇન નંબર લઈને ફોન કર્યો હતો. ત્યારે અજાણી વ્યક્તિએ IRCTC હેલ્પલાઇનમાંથી વાત કરતા હોવાનું જણાવીને તેમને વોટસએપ પર મેસેજ કરીને એપ્લિકેશનની પીડીએફ મોકલી હતી .જેમાં સિનિયર સિટીઝને તેમના બેંક એકાઉન્ટની વિગતો ભરી હતી. ત્યારબાદ તેમના ખાતામાંથી અલગ અલગ ત્રણ ટ્રાન્જેક્શન દ્વારા ૯ લાખથી વધુ રકમ ઉપડી ગઈ હતી. આ અંગે સિનિયર સિટીઝને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

જૂના વાડજમાં રહેતા દીપક પરીખે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, ૩ જાન્યુઆરીના રોજ તેઓ IRCTCની એપ્લિકેશન મારફતે તેમના વોલેટમાં પૈસા જમા કરાવતા હતા, પરંતુ પૈસા જમા થતા ન હતા. જેથી તેમણે ફોનમાં સર્ચ કરી IRCTCના કસ્ટમર કેર નંબર ઉપર ફોન કર્યો હતો. આ ફોન કરતાં સામેવાળી વ્યક્તિએ IRCTCના કસ્ટમર કેરમાંથી વાત કરે છે, તેમ કહીને તેમના ડેબિટ કાર્ડથી પેમેન્ટ કરવું પડશે તેમ કહી બેંકની વિગત લીધી હતી. ત્યારબાદ તેમણે વોટસએપ પર મેસેજ કરીને એક એપ્લિકેશનની પીડીએફ મોકલી હતી.

પીડીએફ ઓપન કરી તેમાં દીપકભાઈએ વિગતો ભરી હતી. જેમાં ડેબિટ કાર્ડનો નંબર, સીવીવી નંબર,મોબાઈલ નંબર નાખીને સબમિટ કર્યું હતું. આ દરમિયાન સામેવાળી વ્યક્તિએ તેમને ફોનમાં વ્યસ્ત રાખ્યા હતા. ત્યારબાદ સાંજે ફરીથી દીપકભાઈએ ફોન ચાલુ કરીને તેમના કામ પૂરા કરી બેંક બેલેન્સ ચેક કરતા તેમના બેંકના ખાતામાંથી ૫ લાખ, ૩.૯૮ લાખ અને ૮૫,૦૦૦ એમ અલગ અલગ ત્રણ ટ્રાન્જેક્શન દ્વારા અલગ અલગ વ્યક્તિઓના ખાતામાં કુલ ૯.૮૩ લાખ રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા હતા. આ તેમણે બેંકના ડાયરેક્ટરને મેસેજ બતાવતા તેમને જણાવ્યું કે, તેમના ફોનનું સંચાલન કોઈ અજાણી વ્યક્તિએ કરી તેમની પાસે રાખીને છેતરપિંડી કરી તેમના ખાતામાંથી પૈસા ઉઠાવી લીધા છે. આ અંગે સાયબર ક્રાઈમે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ACBના વડા શમશેર સિંઘની BSFના ADG તરીકે નિમણૂક

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાત કેડરમાં ફરજ બજાવતા વધુ એક IPS અધિકારીને કેન્દ્રમાં મોટી જવાબદારી સોંપવામાં આવી છે. ACBના વડા શમશેર સિંઘને BSFના એડિશનલ DG તરીકે નિમણૂક કરવામાં આવી છે. શમશેર સિંઘ ૧૯૯૧ની ગુજરાત કેડરના IPS અધિકારી છે. ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી BSFમાં કાર્યરત રહેશે. શમશેર સિંઘ પ્રમાણિક IPS અધિકારીની છાપ ધરાવે છે.

IPS શમશેર સિંઘ મૂળ હરિયાણાના છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી દિલ્હીમાંથી મેનેજમેન્ટમાં પીએચડી કર્યું છે અને તેઓ વર્ષ



૧૯૯૧ની બેચના ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી છે. તેઓ વર્ષ ૨૦૨૦ સુધી ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (CID) ક્રાઈમના ADGP હતા. જે બાદ તેમને વડોદરા શહેરના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા હતા. હાલમાં તેઓ ACBના વડા તરીકે ફરજ બજાવી રહ્યા છે. હવે શમશેર સિંઘની BSFના ADG તરીકે નિમણૂક કરવામાં આવી છે.

# ખંભાતમાં યોજાઈ દરિયાઈ ઉત્તરાયણ

### મકરસંક્રાંતિ પછીના રવિવારે ઉત્તરાયણ ઉજવતા ખંભાતીઓ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાત સહિત સમગ્ર દેશમાં ૧૪ જાન્યુઆરીએ ઉત્તરાયણ પર્વની ઉજવણી થતી હોય છે પરંતુ આણંદ જિલ્લાના ખંભાતમાં ઉત્તરાયણ પર્વ પછીના રવિવારે ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવે છે.

ખંભાતમાં લોકો વહેલી સવારથી પોતાની અગાસી પર ચડી જાય છે અને ખુલ્લા આકાશમાં રંગબેરંગી પતંગો ચગાવી ઉત્તરાયણની ઉજવણી કરે છે.

આ પરંપરા નવાબી કાળથી ચાલી આવે છે. કારણ કે ખંભાત નવાબી નગરી છે અને અહીં સૌ પ્રથમ અંગ્રેજો પતંગ ચગાવતા હતા. ત્યાર પછી સમગ્ર દેશમાં આ ઉત્સવ ઉજવાતો થયો હોવાનું માનવામાં આવે છે. માત્ર આણંદના જ નહીં પણ અન્ય જિલ્લાના લોકો પણ આ દિવસે ઉત્તરાયણ મનાવવા આવે છે.

એક પતંગ રસિકે જણાવ્યું કે, "અમારે રવિવારે ઉત્તરાયણ ઉજવવામાં આવે છે. કારણ કે, ખંભાતના વેપારીઓ છે તે ઉત્તરાયણના દિવસે ઉત્તરાયણ કરી શકતા નથી માટે તેઓ ઉત્તરાયણ પછીના રવિવારે ઉત્તરાયણ ઉજવે છે. જે ઉત્તરાયણને દરિયાઈ ઉત્તરાયણ તરીકે ઓળખવામા આવે છે. જે ખુબ જ પ્રાચીન અને જૂની ઉત્તરાયણ છે અને અંગ્રેજો વખતથી આવી પ્રથા છે"

# હમાસે આજે મુક્ત થનારા ત્રણ બંધકોના નામ શેર કર્યા પછી ગાઝામાં યુદ્ધવિરામ શરૂ થયું

(એજન્સી) તા.૧૯

ઈઝરાયેલ અને હમાસના યુદ્ધ પર હવે સમાપ્ત થયું છે. વડાપ્રધાન નેતાન્યાહુના કાર્યાલયે પોતાના X એકાઉન્ટ પર પોસ્ટ કરી જણાવ્યું કે, ગાઝામાં યુદ્ધવિરામ કરાર લાગુ થઈ ગયો છે. નેતાન્યાહુના કાર્યાલયે જણાવ્યું કે, યુદ્ધવિરામ ત્રણ કલાક મોડુ શરૂ થયું. કારણ કે, હમાસે બંધકોની લિસ્ટ શેર કરવામાં મોડુ કર્યું હતું. વડાપ્રધાન નેતાન્યાહુએ X પોસ્ટમાં જણાવ્યું કે, ઈઝરાયેલના બંધકોની યાદી મળી ગઈ છે અને તેમની સિક્યોરિટી તપાસ કરવામાં આવી રહી છે. પહેલા તબક્કામાં ત્રણ બંધકોના નામ શેર કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, હમાસે નામ સોંપવામાં મોડું કરવા માટે 'ટેક્નિકલ ખામી'ને જવાબદાર ગણાવી હતી. હમાસે કહ્યું કે, અમે ગત અઠવાડિયે જાહેર યુદ્ધવિરામ કરાર માટે પ્રતિબદ્ધ છીએ. જણાવી દઈએ કે ૭ ઓકટોબર, ૨૦૨૩ના દિવસે હમાસ દ્વારા ઈઝરાયેલમાં પ્રચંડ હુમલા કરાયા હતા, જેમાં આશરે ૧૨૦૦ મોત થયા હતા. આ દરમિયાન ૨૫૦થી વધુને બંધક બનાવાયા હતા. ત્યારબાદ ઈઝરાયેલ તરફથી ગાઝામાં ચલાવાયેલા સૈન્ય અભિયાનમાં અત્યાર સુધી ૪૬,૮૯૯ લોકોનાં મોત થઈ ગયા છે. અમેરિકા અને કતારની મધ્યસ્થીમાં થયેલા કરારની બુધવારે જાહેરાત કરાઈ હતી. હમાસે શુક્રવારે કહ્યું કે, ગાઝામાં યુદ્ધવિરામના રસ્તા



પરથી તમામ અડચણો દૂર થઈ ગઈ છે. હમાસે પહેલાં જ આ કરારનો સ્વીકાર કરી દીધો છે. યુદ્ધવિરામનો આ કરાર ત્રણ તબક્કામાં થશે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેનો યુદ્ધવિરામનો પહેલો તબક્કો રવિવારે સવારે ૮:૩૦ વાગ્યે લાગુ થવાનો હતો. પરંતુ હમાસે બંધકોની યાદી આપવામાં મોડું કર્યું જેનાથી તે ત્રણ કલાક મોડું લાગુ કરવામાં આવ્યું. કરાર હેઠળ અઠવાડિયાના પહેલાં તબક્કામાં હમાસ ૯૮ બંધકોમાંથી ૩૩ બંધકોને મુક્ત કરશે. તેમાં તમામ મહિલા, બાળકો અને ૫૦થી વધારે ઉંમરના લોકો હશે. જો કે, ઈઝરાયેલ તેના બદલે પોતાની જેલમાંથી આશરે બે હજાર પેલેસ્ટીનના લોકોને મુક્ત કરશે. તેમાં અહેમદ બરઘૌટી જેવા અમુક આતંકવાદી પણ સામેલ છે. બરગૌટી ઈઝરાયેલમાં હત્યા માટે આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. ઈઝરાયેલના ન્યાય મંત્રાલયે કહ્યું કે, રવિવારે પ્રત્યેક મહિલા બંધકની બદલે ૩૦ પેલેસ્ટીનના કેદીઓને મુક્ત કરવામાં આવશે. રવિવારે બંધકોને મુક્ત કર્યા બાદ પ્રમુખ અમેરિકન વાર્તાકાર બ્રેટ મેકગર્કે કહ્યું કે, કરાર અનુસાર સાત દિવસ બાદ ચાર અન્ય મહિલા બંધકોને મુક્ત કરવામાં આવશે. આવતા પાંચ અઠવાડિયામાં બાકીના ૨૬ બંધકોને મુક્ત કરવામાં આવશે.

# ઈઝરાયેલ હમાસ યુદ્ધવિરામ : પ્રથમ તબક્કામાં ૭૩૫ પેલેસ્ટીની કેદીઓને મુક્ત કરવામાં આવશે

(એજન્સી) તા.૧૯

ઈઝરાયેલના ન્યાય મંત્રાલયે ૧૮ જાન્યુઆરીએ શનિવારે જાહેરાત કરી કે હમાસ યુદ્ધવિરામ કરારના પ્રથમ તબક્કામાં ઈઝરાયેલ ૭૩૫ પેલેસ્ટીની કેદીઓને મુક્ત કરશે, જે ૧૯ જાન્યુઆરી, રવિવારથી શરૂ થશે, જે ૪૨ દિવસ સુધી ચાલશે, જેમાં ઈઝરાયેલ ધીમે ધીમે - ધીરે કેદીઓને તેમજ ગાઝાના અટકાયત કરાયેલા ૧,૧૬૭ રહેવાસીઓને મુક્ત કરશે. બદલામાં, હમાસ ગાઝામાં હાલમાં રાખવામાં આવેલા ૩૩ ઈઝરાયેલી બંધકોને મુક્ત કરે તેવી અપેક્ષા છે.

સેંકડો પેલેસ્ટીની અટકાયતીઓને પણ મુક્ત કરવામાં આવવાના છે અને મોટા પ્રમાણમાં વિનાશ પામેલા ગાઝામાં માનવતાવાદી સહાયમાં વધારો થવાની ધારણા છે. યુદ્ધવિરામના પ્રથમ તબક્કા દરમિયાન, ઈઝરાયેલી દળો પણ ગાઝાના ઘણા વિસ્તારોમાંથી હટી જશે અને લાખો પેલેસ્ટીનીઓ તેમના બાકીના ઘરોમાં પાછા ફરી શકશે.ઈઝરાયેલે જણાવ્યું કે સૂચિમાંના ઘણા કેદીઓ હત્યા માટે દોષી ઠેરવવામાં આવ્યા હતા, જેમ કે અહેમદ બરઘૌતી, જેઓ ૧૨ ઈઝરાયેલીઓની હત્યા માટે ૧૩ આજીવન કેદની સજા ભોગવી રહ્યા હતા,



અને મજદી ઝાતારી, જેમને ૨૦૦૩ જેરૂસલેમ આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ માટે ૨૩ આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. ૨૩ લોકોને મારવામાં મદદ કરવા બદલ તેમને ૫૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. હમાસના વરિષ્ઠ સભ્ય સલીમ હઝાને પણ મુક્ત કરવામાં આવશે, જેઓ ૨૦૦૧માં હૈફામાં આત્મઘાતી બસ હુમલામાં ૧૫ લોકોનાં મોત માટે ૧૬ આજીવન કેદની સજા ભોગવી રહ્યા હતા, અને તનઝીમ આતંકવાદી સમુહના વરિષ્ઠ આતંકવાદીઓને પણ મુક્ત કરવામાં આવશે નૈફા, જેને ૧૩ ઈઝરાયેલીઓની હત્યાનો દોષી ઠેરવવામાં આવ્યો હતો અને ૧૩ને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

# યુદ્ધવિરામ પહેલા નેતાન્યાહુએ જણાવ્યું કે ઈઝરાયેલને અમેરિકન સમર્થન સાથે 'જો જરૂરી હોય તો યુદ્ધ ફરી શરૂ કરવાનો અધિકાર' છે

(એજન્સી) તા.૧૯

ગાઝા યુદ્ધવિરામ અમલમાં આવે તેના એક દિવસ પહેલા, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ શનિવારે દાવો કર્યો કે તેમનો દેશ યુએસ સમર્થન સાથે "જો જરૂરી હોય તો લડાઈ ફરી શરૂ કરવાનો અધિકાર" અનામત રાખે છે.

નેતાન્યાહુએ એક ટેલિવિઝન નિવેદનમાં જણાવ્યું કે, જો જરૂરી હોય તો અમે અમેરિકન સમર્થન સાથે યુદ્ધ ફરી શરૂ કરવાનો અધિકાર અનામત રાખીએ છીએ. તેણે પેલેસ્ટીની પ્રદેશોમાં રાખવામાં આવેલા તમામ બંધકોને પરત કરવાનું વચન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે"અમે અમારા તમામ બંધકો વિશે વિચારી રહ્યા છીએ. હું તમને વચન આપું છું કે અમે અમારા તમામ ઉદ્દેશ્યો સિદ્ધ કરીશું અને તમામ બંધકોને પાછા લાવીશું. નેતાન્યાહુએ જણાવ્યું કે ૪૨ દિવસના સમયગાળાનો પ્રથમ તબક્કો "અસ્થાયી યુદ્ધવિરામ" હતો. ઈઝરાયેલના વડા પ્રધાને જણાવ્યું કે, "જો અમને યુદ્ધ ફરીથી શરૂ કરવા માટે દબાણ કરવામાં આવશે, તો અમે બળથી કરીશું." તેમણે વધુમાં જણાવ્યું કે યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈઝરાયેલે "મધ્ય પૂર્વનો ચહેરો બદલી નાખ્યો છે". ૧૫-મહિનાના યુદ્ધમાં વિરામ એ ઈઝરાયેલ અને હમાસ પ્રતિકાર સમૂહ વચ્ચે અત્યાર સુધીના સૌથી ભયંકર, સૌથી વિનાશક સંઘર્ષને સમાપ્ત કરવા તરફનું એક પગલું છે - અને તે માત્ર અન્ય યુદ્ધવિરામના એક વર્ષ કરતાં વધુ સમય પછી આવે છે. મધ્યસ્થી કતારે શનિવારે જાહેરાત કરી કે હમાસ અને ઈઝરાયેલ વચ્ચે




યુદ્ધવિરામ રવિવારે સ્થાનિક સમય મુજબ સવારે ૮:૩૦ વાગ્યે (૦૬૩૦ GMT) અમલમાં આવશે.બંને પક્ષોએ સંકેત આપ્યો છે કે બંધકોનું વિનિમય ફક્ત ૪ વાગ્યા (૧૪૦૦ GMT) પછી થશે કારણ કે ગાઝામાં બંધકોના પરિવારો તેમના પ્રિયજનોના સમાચાર માટે તૈયાર છે, પેલેસ્ટીન મુક્ત બંદીવાનોને આવકારવા માટે તૈયાર છે અને માનવતાવાદી સમૂહો દોડી રહ્યા છે સહાય પૂરી પાડે છે. અગાઉ, નેતાન્યાહુએ માંગ કરી કે હમાસ બંધકોના નામોની સૂચિ પ્રદાન કરે જે રવિવારે કોઈપણ કેદીની અદલાબદલી થાય તે પહેલાં મુક્ત કરવામાં આવશે. તેમના કાર્યાલયે જણાવ્યું કે, "જ્યાં સુધી અમને બંધકોની મુક્તિની યાદી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અમે આ માળખા પર આગળ વધી શકીશું નહીં, જેમ કે સંમત થયા હતા."

# ૭૩ ટકા ઈઝરાયેલીઓ હમાસ સાથે યુદ્ધવિરામ, કેદીઓના વિનિમય સોદાને સમર્થન આપે છે : સર્વે

(એજન્સી) તા.૧૯

શનિવારે પ્રકાશિત થયેલ તાજેતરના મતદાન દર્શાવે છે કે ૭૩% ઈઝરાયેલીઓ આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી દ્વારા ગાઝામાં પેલેસ્ટિનિયન સમુહ હમાસ સાથે કેદીઓની વિનિમય અને યુદ્ધવિરામ કરારને સમર્થન આપે છે. લેઝરસ રિસર્ચ સેન્ટરની ભાગીદારીમાં ઈઝરાયેલી દૈનિક મારિવ દ્વારા જાન્યુઆરી ૧૫-૧૬ના રોજ હાથ ધરવામાં આવેલા એક મતદાનમાં ઈઝરાયેલી જનતા વચ્ચેના કરારને જબરજસ્ત સમર્થન જોવા મળ્યું હતું. સર્વેમાં જાણવા મળ્યું છે કે ૪૫% લોકો કરારને મજબૂત સમર્થન આપે છે, જ્યારે ૨૮% તેને અમુક અંશે સમર્થન આપે છે, જે કુલ મંજૂરી ૭૩% પર લાવે છે. માત્ર ૧૯% ઈઝરાયેલીઓ કરારનો વિરોધ કરે છે અને ૮% આ બાબતે તટસ્થ રહે છે. સર્વેમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે ઈઝરાયેલમાં ૯૧% વિપક્ષી મતદારો ડીલને સમર્થન આપે છે, જ્યારે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની આગેવાની હેઠળના સત્તાધારી દક્ષીણપંથી ગઠબંધનના ૫૨% મતદારો પણ તેને ટેકો આપે છે, જોકે ૩૭% મતદારો ડીલનો વિરોધ કરે છે.

લગભગ આઠ કલાકની વિચાર-વિમર્શ બાદ શનિવારે સવારે ઈઝરાયેલ સરકારે આ કરારને સત્તાવાર રીતે મંજૂરી આપી હતી. ૨૪ મંત્રીઓએ તેની તરફેણમાં મતદાન કર્યું અને આઠ મંત્રીઓએ તેની વિરૂદ્ધમાં મતદાન કર્યું, જેના કારણે તેને મંજૂરી આપવામાં આવી. કતારે ગાઝા પટ્ટી પર ૧૫ મહિનાથી વધુના ઘાતક ઈઝરાયેલી હુમલાઓને સમાપ્ત કરવા બુધવારે ત્રણ તબક્કાના



યુદ્ધવિરામ સોદાની જાહેરાત કરી હતી. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી ગાઝા પર ઈઝરાયેલના નરસંહાર યુદ્ધમાં લગભગ ૪૬,૯૦૦ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને ૧૧૦,૬૦૦થી વધુ ઘાયલ થયા છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે નવેમ્બર ૨૦૨૪માં નેતન્યાહુ અને તેમના ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ માટે ગાઝામાં યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ઈઝરાયેલને ઈક્લેવ પરના યુદ્ધ માટે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં નરસંહારના કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

# પેલેસ્ટીની સરકાર ગાઝામાં તેની જવાબદારીઓ નિભાવવા તૈયાર છે : રાષ્ટ્રપતિ અબ્બાસ

(એજન્સી) તા.૧૯

રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસે શનિવારે જણાવ્યું કે પેલેસ્ટીન સરકાર યુદ્ધવિરામ કરારના અમલ પછી ગાઝા પટ્ટીમાં તેની જવાબદારીઓ નિભાવવા માટે તૈયાર છે. સત્તાવાર પેલેસ્ટીની સમાચાર એજન્સી વફા અનુસાર, તેમના ફ્રેન્ચ સમકક્ષ, એમેન્યુઅલ મેક્રોન સાથે ફોન કૉલ દરમિયાન, અબ્બાસે "તાત્કાલિક યુદ્ધવિરામ અને ગાઝામાંથી સંપૂર્ણ ઈઝરાયેલી પીછેહઠની જરૂરિયાત પર પેલેસ્ટીની સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો, અને પેલેસ્ટીન રાજ્યની માન્યતા. "સ્ટ્રીપમાં સંપૂર્ણ જવાબદારી લેવાની જરૂર છે, કારણ કે તે કબજો કરેલા પેલેસ્ટીની પ્રદેશનો અભિન્ન ભાગ છે." પેલેસ્ટીની રાષ્ટ્રપતિએ "સરકાર અને તેના નાગરિક અને સુરક્ષા ઉપકરણને ગાઝા પટ્ટીમાં પેલેસ્ટીની લોકોની વેદનાને દૂર કરવા, વિસ્થાપિત લોકોને તેમના ઘરો અને રહેઠાણો પર પાછા ફરવા અને પાણી જેવી પાયાની સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરવા માંગ કરી છે. વીજળી, અને પુનઃનિર્માણ પર ભાર મૂક્યો હતો. વફાના જણાવ્યા મુજબ, તેઓએ "પેલેસ્ટીની સરકાર સાથે સંકલન કરીને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા રાહત સહાયની પ્રવેશને વેગ આપવાના મહત્વને પણ પ્રકાશિત કર્યું અને વેસ્ટ બેંક અને જેરુસલેમમાં થઈ રહેલા ગંભીર હુમલાઓ અને ઉલ્લંઘનોને રોકવા માટે કબજા અધિકારીઓ પર દબાણ લાવવા. અબ્બાસે વધુમાં જણાવ્યું કે "તમામ પ્રકારના વસાહતી વિસ્તરણ, સંસ્થાનવાદીઓના ગુનાઓ અને ઈસ્લામિક અને ખ્રિસ્તી પવિત્રતાના ઉલ્લંઘનને રોકવાની જરૂર છે." કતારે બુધવારે મોડી રાત્રે ગાઝા પટ્ટી પર ૧૫ મહિનાથી વધુના ઘાતક ઈઝરાયેલી હુમલાઓને સમાપ્ત કરવા માટે ત્રણ તબક્કાના



યુદ્ધવિરામ કરારની જાહેરાત કરી હતી. રવિવારે સ્થાનિક સમય મુજબ સવારે ૮.૩૦ વાગ્યે યુદ્ધવિરામ અમલમાં આવ્યું. ઑક્ટોબર ૭, ૨૦૨૩થી ગાઝા પર ઈઝરાયેલના નરસંહાર યુદ્ધમાં લગભગ ૪૭,૦૦૦ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે, અને ૧૧૦,૭૦૦થી વધુ ઘાયલ થયા છે, સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે નવેમ્બર ૨૦૨૪માં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને તેમના ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ માટે ગાઝામાં યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ઈઝરાયેલને ઈક્લેવ પરના યુદ્ધ માટે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં નરસંહારના કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

# હમાસનું કહેવું છે કે, ઈઝરાયેલ ગાઝામાં યુદ્ધના લક્ષ્યોને મેળવવામાં નિષ્ફળ રહ્યું છે

(એજન્સી) તા.૧૯

પેલેસ્ટીની સમૂહ હમાસે શનિવારે જાહેરાત કરી કે ઈઝરાયેલ ગાઝા પટ્ટી પર તેના નરસંહાર યુદ્ધમાં તેના ઉદ્દેશ્યો મેળવવામાં નિષ્ફળ રહ્યું છે. ઈઝરાયેલી સરકારે ગાઝા યુદ્ધવિરામ અને કેદીઓના વિનિમય કરારને મંજૂરી આપ્યા પછી એક નિવેદનમાં, હમાસે જણાવ્યું કે"વ્યવસાય તેના આક્રમક લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયો અને માત્ર માનવતાને શરમજનક બનાવતા યુદ્ધ અપરાધો કરવામાં સફળ રહ્યો." સમૂહે ભારપૂર્વક જણાવ્યું કે "અલ-અક્સા ફલડ ઓપરેશન (પેલેસ્ટીની સમૂહો દ્વારા ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ) પેલેસ્ટીનીઓ અને તેમના પ્રતિકાર વચ્ચેની એકતા દર્શાવે છે અને દુશ્મનના ઘમંડને તોડી નાખે છે." ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂના યુદ્ધને લંબાવવા અને વધુ નરસંહાર કરવાના પ્રયાસો છતાં અમે કબજો કરનારાઓને અમારા લોકો સામે આક્રમણ બંધ કરવા અને પીછેહઠ કરવા દબાણ કર્યું હતું. હમાસે વચન આપ્યું કે, "દુશ્મન નેતાઓ અને સૈનિકો દ્વારા કરવામાં આવેલા ગુનાઓ પર કાર્યવાહી કરવામાં આવશે, પછી ભલે તે કેટલો સમય લે."સમૂહે એ પણ રેખાંકિત કર્યું કે તેની "હવે ફરજ તાત્કાલિક રાહત પૂરી પાડવાની, તેના લોકોને આશ્રય આપવા, તેમના ઘાને મટાડવાની, વિસ્થાપિત પરિવારોને પરત લાવવાની અને પુનઃનિર્માણ કરવાની છે." કતારે ગાઝા પટ્ટી પર ૧૫ મહિનાથી વધુના ઘાતક ઈઝરાયેલી હુમલાઓને સમાપ્ત કરવા બુધવારે ત્રણ તબક્કાના યુદ્ધવિરામ સોદાની જાહેરાત કરી હતી. યુદ્ધવિરામ રવિવારે અમલમાં આવ્યું. ઑક્ટોબર ૭, ૨૦૨૩થી



ગાઝા પર ઈઝરાયેલના નરસંહાર યુદ્ધમાં લગભગ ૪૭,૦૦૦ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે, અને ૧૧૦,૭૦૦થી વધુ ઘાયલ થયા છે, સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે નવેમ્બર ૨૦૨૪માં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને તેમના ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગેલેન્ટ માટે ગાઝામાં યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ઈઝરાયેલને ઈક્લેવ પરના યુદ્ધ માટે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં નરસંહારના કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

# ઈઝરાયેલે ગાઝા પટ્ટી પરના હુમલાના પરિણામે મોટા નુકસાનની વાત સ્વીકારી

(એજન્સી) તા.૧૯

ઈઝરાયેલે જાહેર કર્યું છે કે ગાઝા પરના તેના નરસંહારના યુદ્ધના પરિણામે તેને ૬૭ બિલિયન ડોલરનું નુકસાન થયું છે. આ નુકસાનમાં ૩૪ બિલિયન ડોલરનું સીધું લશ્કરી નુકસાન અને ૪ હજાર કરોડ ડોલરના સામાન્ય બજેટ નુકસાનનો સમાવેશ થાય છે, જે વ્યવસાયના ઈતિહાસમાં સૌથી મોટો છે. ગયા વર્ષે લગભગ ૬૦,૦૦૦ કંપનીઓએ પણ તેમના દરવાજા બંધ કર્યા હતા, જે ૨૦૨૩ કરતા ૫૦ ટકાનો વધારો છે, જ્યારે પ્રવાસીઓની સંખ્યામાં ૭૦ ટકાનો ઘટાડો થયો છે, જેના કારણે પ્રવાસન ક્ષેત્રને ૫ બિલિયન ડોલરથી વધુનું નુકસાન થયું છે. વધુમાં, બાંધકામ ક્ષેત્રને ૪૦૦ કરોડ ડોલરનું નુકસાન થયું હતું અને આ ક્ષેત્રની ૭૦થી વધુ કંપનીઓએ તેમના દરવાજા બંધ કરી દીધા હતા. ડેટા દર્શાવે છે કે ઈઝરાયેલના કબજાવાળા પ્રદેશની ત્રીજા ભાગની વસ્તી ગરીબી રેખાની નીચે રહે છે, જ્યારે એક ક્વાર્ટર ખોરાકની અસુરક્ષાથી પીડાય છે. ગાઝા સાથે યુદ્ધવિરામ કરાર થયાના થોડા કલાકો પહેલા જ આ આંકડા જાહેર થયા હતા. ઈઝરાયેલી નાણા મંત્રાલયે જાહેરાત કરી છે કે ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ગાઝા પટ્ટી પર યુદ્ધ શરૂ થયું ત્યારથી આ વ્યવસાયને કારણે આશરે ૧૨૫ બિલિયન શેકેલનું નાણાકીય નુકસાન થયું છે. મંત્રાલયે જણાવ્યું કે ગાઝા અને લેબનાનમાં યુદ્ધોને ધિરાણ સંબંધિત ખર્ચમાં વધારો થવાના પરિણામે, ઈઝરાયેલના કબજામાં ડિસેમ્બર મહિના દરમિયાન ૧૯.૨ બિલિયન શેકેલ (૫૨૦ કરોડ ડોલર)ની બજેટ ખાધ નોંધવામાં આવી હતી. તે નોંધવું યોગ્ય છે કે આ આંકડાઓ યુદ્ધના સીધા ખર્ચને પ્રતિબિંબિત કરે છે, અને ઈઝરાયેલના કબજાવાળા જીવનના વિવિધ પાસાઓને અસર કરતા વ્યાપક આર્થિક અને સામાજિક પરિણામોને ધ્યાનમાં લેતા નથી. આ સંદર્ભમાં, ઈઝરાયેલના આર્થિક અખબાર કેલ્કલિસ્ટે જણાવ્યું કે ગાઝા પટ્ટી પર યુદ્ધની કુલ કિંમત ૨૦૨૪ના અંત સુધીમાં લગભગ ૨૫૦ અબજ શેકેલ (૬૭.૫૭ અબજ ડોલર) સુધી પહોંચી શકે છે. અખબારે તેનો અંદાજ બેંક ઓફ ઈઝરાયેલના આંકડાઓ પર આધારિત રાખ્યો હતો.

# કિવમાં રશિયન હુમલામાં ચાર લોકોનાં મોત : શહેરનું સૈન્ય પ્રશાસન

(એજન્સી) તા.૧૯

યુક્રેનની રાજધાની કિવમાં રશિયન હુમલામાં ચાર લોકો મૃત્યુ પામ્યા છે અને ત્રણ ઘાયલ થયા છે, શહેરના લશ્કરી વહીવટી તંત્રે શનિવારે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, "શેવચેક્વિસ્કી જિલ્લામાં ચાર લોકો પહેલાથી જ મૃત્યુ પામ્યા છે," કિવના લશ્કરી વહીવટના વડા, તૈમૂર ટાકાચેક્રોએ એક ટેલિગ્રામ પોસ્ટમાં જણાવ્યું હતું. કલાકો પહેલાં, કિવના મેયર વિતાલી ક્લિટ્સ્કોએ રાજધાની સામે "બેલિસ્ટિક મિસાઈલના ખતરા" વિશે ચેતવણી આપી અને જણાવ્યું કે શહેરની હવાઈ સંરક્ષણ સક્રિય થઈ ગઈ છે. તેઓએ પાછળથી જાણ કરી કે શેવચેક્રીવસ્કી જિલ્લામાં એક મકાનની બારીઓ તૂટી ગઈ હતી, જેનાથી ધુમાડો નીકળી રહ્યો હતો, જ્યારે વિસ્તારમાં પાણીની પાઈપલાઈનને નુકસાન થયું હતું. વધુમાં, શહેરના કેન્દ્ર નજીકના મેટ્રો સ્ટેશનને પણ નુકસાન થયું હતું અને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું હતું, અને કિવ ટ્રેનો તે સ્ટોપ પરથી પસાર થઈ રહી હતી, ક્લિટ્સ્કોએ અહેવાલ આપ્યો હતો. આ હુમલો - યુક્રેનિયન રાજધાનીના હૃદય પરનો એક દુર્લભ હુમલો - જ્યારે કિવએ તાજેતરના મહિનાઓમાં રશિયન ઊર્જા અને લશ્કરી સ્થાપનો પર હવાઈ હુમલામાં વધારો



કર્યો છે. કિવની સૈન્યએ તાજેતરમાં રશિયાના સેરાટોવ પ્રદેશમાં લશ્કરી એરફિલ્ડની નજીક સ્થિત એક ડેપો પરના બે મોટા હુમલાઓ સહિત ઘણા રશિયન તેલના ડેપો પર હુમલો કર્યો છે, જેના કારણે આગ ઘણા દિવસો સુધી ચાલી હતી. સ્થાનિક ગવર્નર ઈવાન ફેડોરોવના જણાવ્યા અનુસાર શનિવારે પણ, રશિયન દળોએ ઝાપોરિઝિયાના "કેન્દ્ર પર હુમલો કર્યો", જેમાં બે લોકો ઘાયલ થયા. તેમણે જણાવ્યું કે ઔદ્યોગિક સુવિધાના વહીવટી મકાનને આંશિક નુકસાન થયું છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાં વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# ઈઝરાયેલનો નિર્દોષ ગાઝાવાસીઓ પર જુલમ બંધ થાય તો જ યુદ્ધવિરામ ગણાય

છેલ્લા કેટલાયે મહિનાઓથી ભારે શકિતશાળી ઈઝરાયેલ સૈન્ય તેમજ આર્થિક દષ્ટિએ તદ્દન નબળા અને નિઃશસ્ત્ર એવા ગાઝાવાસીઓ પર સતત હુમલા કરી રહ્યું છે. કેટલાયે નિર્દોષ નાગરિકોને દરરોજ ઈઝરાયેલના ભયંકર હુમલાઓનો ભોગ ગત છેલ્લા સવા વર્ષ કરતા વધુ સમયથી બનવું પડી રહ્યું છે. ઈઝરાયેલના આ એક તરફી આતંકને સમગ્ર વિશ્વ જોઈ રહ્યું છે અને કેટલાક દેશો-સંસ્થાઓ તેને અટકવાનું કહી રહ્યા છે. પરંતુ ઈઝરાયેલ કોઈનું માની નથી રહ્યું કારણ કે વિશ્વની અમેરિકા જેવી મહાસત્તાઓ તેમજ અન્ય વિકસીત રાષ્ટ્રો જ સાથે ઈઝરાયેલને પૂરેપૂરી મદદ કરી રહ્યા છે અને જો આ રાષ્ટ્રોની મરજી ન હોય તો ઈઝરાયેલ પેલેસ્ટીનવાસીઓને આટલી હદે તબાહ કરી શકે એ વાતમાં માલ નથી. હમાસને ખતમ કરી નાખવાના બહાને ઈઝરાયેલે લાખો ગાઝાવાસીઓના જીવનને બરબાદ કરી નાખ્યું છે.

ત્યારે હવે ઈઝરાયેલે યુદ્ધવિરામ સ્વીકાર્યું હોવાના અહેવાલો છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરારની જાહેરાત ચોક્કસપણે એક મોટા સમાચાર છે. પરંતુ જ્યાં સુધી તેનો ખરેખર અમલ નહીં થાય ત્યાં સુધી યુદ્ધની શકયતા ફરીથી રહેશે. હકીકતમાં, ગયા વર્ષે મે મહિના પછી તાત્કાલિક અથવા કામચલાઉ યુદ્ધવિરામ માટે ઘણી પહેલ કરવામાં આવી હતી. પરંતુ તરત કે થોડા દિવસો પછી ઈઝરાયેલના હુમલાઓમાં પેલેસ્ટીનીઓના માર્યા જવાના સમાચાર આવતા રહ્યા છે. સ્વાભાવિક છે કે, થોડા દિવસો માટે પણ યુદ્ધ બંધ કરવાની પ્રતિબદ્ધતાના અભાવ અને શાંતિ પ્રત્યે અવગણનાની લાગણીને કારણે અત્યાર સુધી ઈઝરાયેલી હુમલાઓમાં પેલેસ્ટીની લોકોના મોતના અહેવાલોમાં કોઈ કમી આવી નથી. પરંતુ હવે યુદ્ધવિરામના મુદ્દા પર ઈઝરાયેલ અને હમાસ વચ્ચે થયેલા તાજેતરના કરારના સમાચારથી આ વખતે શાંતિનો માર્ગ ખુલવાની આશા જાગી છે. અત્યાર સુધી જે કરાર થયો છે તેના સ્વરૂપ મુજબ, હમાસ ઈઝરાયેલી બંધકો અને ઈઝરાયેલ સેંકડો પેલેસ્ટીની કેદીઓની તબક્કાવાર મુકિત સુનિશ્ચિત કરશે. ઉપરાંત, ગાઝામાં વિસ્થાપિત થયેલા હજારો લોકોને પાછા ફરવાની મંજૂરી આપવામાં આવશે. આ ઉપરાંત યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં માનવતાવાદી સહાય પૂરી પાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે વર્તમાન યુદ્ધ ૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયેલ પર હમાસના હુમલાથી શરૂ થયું હતું. જેમાં લગભગ બારસો લોકો માર્યા ગયા હતા. તે પછી હમાસને જવાબ આપવાના નામે ઈઝરાયેલ દ્વારા ગાઝા પર હુમલો કરવામાં આવ્યો તેને એક સ્વાભાવિક પ્રતિક્રિયા માનવામાં આવી પરંતુ ત્યારથી પંદર મહિના વીતી ગયા છે અને ગાઝા પર ઈરાઝયેલના સતત હુમલા ચાલુ જ છે. એક આંકડા મુજબ, ઈઝરાયેલી હુમલાઓમાં અત્યાર સુધીમાં લગભગ પચાસ હજાર લોકો માર્યા ગયા છે. ગાઝામાં વીસ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. ઈઝરાયેલ કહે છે કે તે પ્રતિકાર સંગઠનનો હમાસનો અંત લાવશે. પરંતુ ઈઝરાયેલી હુમલામાં હમાસના કેટલા સભ્યો માર્યા ગયા અને કેટલા પેલેસ્ટીની નાગરિકોએ જીવ ગુમાવ્યા તે તપાસનો વિષય છે. આના પરથી અંદાજ લગાવી શકાય છે કે આ યુદ્ધમાં માર્યા ગયેલા સામાન્ય લોકોમાં મોટી સંખ્યામાં બાળકો અને મહિલાઓ હતી, જેમને યુદ્ધ સાથે કોઈ લેવા દેવા નહોતી. ગાઝા પરના હુમલા દરમ્યાન, હોસ્પિટલો, શાળાઓ અને આશ્રય સ્થાનો પણ બાકાત રહ્યા ન હતા. યુદ્ધ અંગેના આંતરરાષ્ટ્રીય નીતિ નિયમો પર કોઈ ધ્યાન આપવું જરૂરી માનવામાં આવ્યું ન હતું. આ બધા માટે ઈઝરાયેલ પર નરસંહારનો આરોપ મૂકવામાં આવ્યો અને તેના વડાપ્રધાન પર યુદ્ધ અપરાધોનો આરોપ પણ મૂકવામાં આવ્યો. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવા માટે સંયુકત રાષ્ટ્ર સહિત અનેક સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. પરંતુ ઈઝરાયેલની સતત અવળચંડાઈ અને ઘમંડને કારણે તેમાંથી કોઈ સકારાત્મક પરિણામો આવી રહ્યા ન હતા. હવે આટલા લાંબા સમય પછી જો બંને પક્ષો યુદ્ધવિરામ પર કોઈ કરાર પર પહોંચી શકયા છે તો તેમાં કોઈ અવરોધ ન આવે અને તેનો અમલ સુનિશ્ચિત થાય તેમજ શાંતિ સતત જળવાઈ રહે તે માટે પ્રયાસો કરવા જોઈએ. એવી સ્થિતિ ફરી ન સર્જાય કે એક તરફ યુદ્ધવિરામની જાહેરાત થાય અને બીજી તરફ ઈઝરાયેલ દ્વારા લોકો પર હુમલા અને હત્યાઓ ચાલુ રહે. આ એક સ્થાપિત હકીકત છે કે કોઈપણ સમસ્યા કે વિવાદનો ઉકેલ અનંત યુદ્ધ ન હોઈ શકે. શકય છે કે આ યુદ્ધવિરામ ઈઝરાયેલ અને પેલેસ્ટીન વચ્ચે લાંબા સમયથી ચાલી આવતી કડવાશનો સંપૂર્ણપણે અંત ન લાવે, પરંતુ કોઈપણ મુદ્દાનો ઉકેલ ભલે ગમે તેટલો જટિલ હોય આખરે વાતચીત દ્વારા જ મળે છે.

# મેક અમેરિકા ગ્રેટ અગેઈન (MAGA) અને હિન્દુત્વ : આ બંને વિચારધારાઓ શક્તિશાળી છે પરંતુ સંવેદનશીલ અને રૂઢિચુસ્ત છે

## MAGA અને હિન્દુત્વ બંને ઉગ્ર વંશીય-ધાર્મિક રાષ્ટ્રવાદ પર આધારિત વિચારધારાઓ છે

મેક અમેરિકા ગ્રેટ અગેઈન (MAGA) અને હિન્દુત્વ, આ બંને વિચારધારાઓ, બે અલગ ખંડોમાં, ઓછામાં ઓછા બે મહાન મહાસાગરોથી અલગ અને આપણા ગ્રહ પરના બે સૌથી મોટા લોકશાહી દેશોમાં છે, અને આ બે દેશોમાં તે અદભુત રીતે સફળ રાજકીય વિચારધારાઓ ગણવામાં આવે છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે MAGAનો ઉપયોગ કરીને ચૂંટણીમાં વિજય મેળવ્યો જે કદાચ ૧૭૮૯ પછી અમેરિકામાં અજોડ છે. તેમણે બીજા કાર્યકાળમાં જીત મેળવી, જે પાછલા રાઉન્ડમાં મોટી હાર બાદ જીત મળી છે, અને તેઓને ગુનાહિત સજાઓ અને કાનૂની પડકારોનો સામનો કરવો પડ્યો હતો જે કોઈપણ અપવાદરૂપ રાજકારણીને પરાજિત કરી શક્યા હોત. સમગ્ર વિશ્વમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે હિન્દુત્વનો ઉપયોગ કરીને સતત ત્રણ સંસદીય વિજય મેળવ્યા છે - જે જવાહરલાલ નહેરુ (ભારતના પ્રથમ વડાપ્રધાન) પછીના છ દાયકામાં એક અભૂતપૂર્વ સિદ્ધિ છે.

MAGA અને હિન્દુત્વ મૂળભૂત સમાનતાઓ સાથે રૂઢિચુસ્ત વિચારધારાઓ છે. તેમાં ઉગ્ર વંશીય-ધાર્મિક રાષ્ટ્રવાદ જિંગોઈઝમ બંને જન્મજાત છે. MAGAએ શ્વેત ઈવેન્જેલિકલ ખ્રિસ્તી અમેરિકન મૂલ્યોમાં માને છે, લઘુમતીઓને અવગણે છે અને બિન-શ્વેત ઈમિગ્રન્ટ્સને બાકાત રાખે છે. એ રીતે હિન્દુત્વ એ ગર્વથી હિન્દુ સર્વોપરિતાનો દાવો કરે છે અને ભારતની હિન્દુ-કેન્દ્રિત રાષ્ટ્ર તરીકે કલ્પના કરે છે અને લઘુમતીઓને 'અન્ય' ગણાવે છે જે હલકી ગુણવત્તાવાળા અને અનિચ્છનીય છે.

આ બંને એક ભવ્ય ભૂતકાળની યાદ અપાવે છે. હિન્દુત્વ ઘણી સદીઓથી પ્રાચીન સભ્યતાની શુદ્ધતા દર્શાવે છે જેનું મુસ્લિમ અને બ્રિટિશ આક્રમણકારો દ્વારા સ્વતંત્રતા પહેલા હજાર વર્ષ સુધી ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું, અને MAGA તાજેતરના સમયની વિચારધારા છે. તે બીજા વિશ્વયુદ્ધ પછીના અમેરિકાના વર્ચસ્વની વાત કરે છે જેનું ઉલ્લંઘન વોશિંગ્ટનના કરોડરજ્જુ વગરના ઉચ્ચ વર્ગ અને વૈશ્વિકરણકારો દ્વારા કરવામાં આવ્યું છે.

આ બંને ધર્મનિરપેક્ષ ઉદારવાદીઓ પ્રત્યે તીવ્ર નફરત ધરાવે છે. લોકોમાં ભય ફેલાવવો એ તેમના રાજકીય એકત્રીકરણના કેન્દ્રમાં છે. MAGA હૈતીયન ઈમિગ્રન્ટ્સ વિશે વાત કરે છે, તો હિન્દુત્વ એ મુસ્લિમો પર નિર્દોષ હિન્દુ છોકરીઓને લગ્નમાં ફસાવવાનો આરોપ લગાવે છે જેથી તેઓ મિલકતો હડપ કરી શકે અને વસ્તી




વિષયક માહિતી બદલી શકે, અને તેને તેઓ "લવ જેહાદ" કહે છે. બંને તેમની અપીલ માટે પ્રતીકોનો ઉપયોગ કરે છે. MAGAએ અમેરિકન ધ્વજનો ઉપયોગ કરે છે, હિન્દુત્વ સમર્પિત અનુયાયીઓ બનાવવા માટે બ્રાહ્મણ હિન્દુત્વના ભગવા રંગનો ઉપયોગ કરે છે.

અલબત્ત, MAGA અને હિન્દુત્વ વચ્ચે અમુક તફાવત છે. હિન્દુત્વનો મુખ્ય ઉદ્દેશ્ય હિન્દુ રાષ્ટ્ર બનાવવાનો છે, જેમાં બધા નાગરિકોને તેમના ધર્મને ધ્યાનમાં લીધા વિના "સાંસ્કૃતિક હિન્દુઓ" તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, તો MAGAનો ઉદ્દેશ્ય કંઈક અંશે ઓછો વ્યાપક અને વધુ સમકાલીન છે. તે સાંસ્કૃતિક એકરૂપતા વિશે એટલી ચિંતા કરતું નથી જેટલી અમેરિકાના આર્થિક વર્ચસ્વને ફરીથી સ્થાપિત કરવા અને અનિચ્છનીય ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢવાની ચિંતા કરે છે.

તેમ છતાં, તેમની સમાનતાઓ આ સીમાંત તફાવતોને વામણા બનાવે છે.

પરંતુ તે પૈકી એક વધુ કંઈક અંશે ભૂગર્ભ સમાનતા એ છે કે આ બંને "રાજકીય ફ્રેન્કેસ્ટાઇન"માંથી વિરોધ અનુભવી રહ્યા છે.

**રાજકીય ફ્રેન્કેસ્ટાઇન શું અથવા કોણ છે?**

એક મજબૂત રાજકીય નેતા અને/અથવા ચળવળ શરૂ કરવામાં આવી છે. તે ધ્રુવીકરણ કરનાર, વિક્ષેપકારક, લગભગ હંમેશા સરમુખત્યારશાહી છે. તેના આક્રમક પ્રચારકો બેન્ડવેગન પર ચઢી જાય છે પરંતુ મૂળ નેતા કરતાં વધુ કડક બનવાનું શરૂ કરે છે. થોડા સમય પહેલા, અતિ-કટ્ટરપંથીઓએ નિયંત્રણ મેળવી લીધું છે અને સર્જકોનો નાશ કરી દીધો છે, તે "રાજકીય ફ્રેન્કેસ્ટાઇન" બની ગયા છે. આ ઘટના માનવજાત જેટલી જ પ્રાચીન હોવાની શક્યતા છે, પરંતુ ૧૮૦૦ના દાયકામાં આઈરિશ સ્વતંત્રતા ચળવળમાં તેને ઐતિહાસિક સ્વીકૃતિ મળી હતી. જ્યારે ડેનિયલ ઓ'કોનેલની મધ્યમ ચળવળને કટ્ટરપંથી યંગ આયર્લેન્ડ જૂથ દ્વારા આગળ કરવામાં આવી હતી, જેના કારણે ઓ'કોનેલની ધરપકડ અને અપ્રસ્તુતતા થઈ હતી.

નોંધપાત્ર રીતે, સોવિયેત યુનિયનના છેલ્લા નેતા મિખાઈલ ગોર્બાચેવનું ગ્લાસનોસ્ટ અને પેરેસ્ટ્રોઈકાના હાથે પતન પણ ઉભરતા રાજકીય ફ્રેન્કેસ્ટાઈન્સ દ્વારા તેમને તટસ્થ કરવાના ઉદાહરણ તરીકે ટાંકવામાં આવે છે. તેથી, તેમની લોકશાહી તરફી નીતિઓ સકારાત્મક હોવા છતાં, તે ખૂબ જ ઝડપી અને વિક્ષેપકારક હતી જેથી એક સ્થાપિત સામ્યવાદી રાજ્યને દૂર કરી શકાય.

**શું MAGA અને હિન્દુત્વ રાજકીય ફ્રેન્કેસ્ટાઈન્સનો સામનો કરી રહ્યા છે?**

૩૧ વર્ષીય યુવાન અને અશાંત લૌરા લૂમર, જ્યારે ૨૦૨૪માં ટ્રમ્પના ત્રીજા ચૂંટણી પ્રચારમાં જોડાઈ ત્યારે ફ્લોરિડાથી બે વાર હારેલી રિપબ્લિકન કોંગ્રેસનલ ઉમેદવાર હતી. તેને નફરત અને કાવતરાં ફેલાવવા બદલ વ્યાપક બદનામી મળી હતી. તેણીએ "ગર્વિત ઈસ્લામોફોબીયા" સિદ્ધાંતનો પ્રચાર કર્યો કે ૯/૧૧નો હુમલો અંદરના લોકો દ્વારા ગોઠવવામાં આવ્યો હતો. કદાચ તેણીએ કમલા હેરિસની નિંદા કરવા માટે તેણીના ઉશ્કેરણીજનક ટ્વીટ દ્વારા ટ્રમ્પનું હૃદય જીતી લીધું હતું. ટ્રમ્પે તેણીને એક સાથી પ્રચારક તરીકે સામેલ કરવામાં ઉતાવળ કરી, ને તેણી એક અર્થમાં, ૨૦૨૪ના પ્રચાર માટે સ્ટીવ બેનન માર્ક II બની ગઈ હતી.

લૂમર અને બેનન બંનેએ H1B વિઝા, મુખ્યત્વે ભારતીયોને ટેકો આપવા બદલ મેસર્સ મસ્ક અને ટ્રમ્પ પર હુમલો કર્યો ત્યારે ડોનાલ્ડને ગભરાટ થયો હશે તેની કલ્પના કરો. લૂમર અને બેનન તેને તેમના અમેરિકા-પ્રથમ/ઈમિગ્રન્ટ વિરોધી પ્લેટફોર્મનું મુખ્ય ખંડન માનતા હતા. તેમણે શ્વેત લોકોને ફક્ત તેઓ જ ઉડાન ભરી શકે તે રીતે ઉડવા દીધા કે આપણો દેશ ખરેખર ગોરા યુરોપિયનો દ્વારા બનાવવામાં આવ્યો હતો. ભારતમાંથી ત્રીજા વિશ્વના આક્રમણકારો દ્વારા નહીં. આ કાર્યક્રમ હેઠળ અહીં કામદારોને દેશનિકાલ કરવા જોઈએ. તેમને હમણાં જ દેશનિકાલ કરો અને સમાન કૌશલ્ય ધરાવતા અમેરિકન નાગરિકોને નોકરી પર રાખો એવો તેમણે પ્રચાર કર્યો હતો.

શરૂઆતમાં મસ્ક અને ટ્રમ્પે આ બળવાને બકવાસ ગણવાનો પ્રયાસ કર્યો. પરંતુ ટૂંક સમયમાં, તેમને સમજાયું કે લૂમર અને બેનન MAGAના વફાદાર લોકો સાથે આકર્ષણ મેળવી રહ્યા છે, તેથી તેઓએ શાંતિ માટે દાવો કર્યો. પરંતુ લૂમર અને બેનન સમાધાન કરવાના મૂડમાં નથી. તેઓ એક મોટી જીત અનુભવી રહ્યા છે, અને અકલ્પ્ય પણ, એટલે કે ટ્રમ્પ પાસેથી MAGA પર નિયંત્રણ છીનવી લીધું છે. હવે એ સમજી શકાય છે કે, ટ્રમ્પ હવે તેમને નજીકના રાજકીય ફ્રેન્કેસ્ટાઇન તરીકે જુએ છે! બે સમુદ્રોની પેલે પાર, લૂમર અને બેનનના સાથી ઉશ્કેરણી કરનારાઓ તરીકે યતિ નરસિંહાનંદ સરસ્વતી (ગાઝિયાબાદમાં દાસ્ના દેવી મંદિરના મુખ્ય પૂજારી) અને રાજા સિંહ લોધ (ભારતીય જનતા પાર્ટીના તેલંગાણા ધારાસભ્ય)ની કલ્પના કરો. મદ્રેસાઓ અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીને ઉડાવી દેવી જોઈએ, એવી નરસિંહાનંદે ગર્જના કરી અને તેમની આ ટિપ્પણી માટે ધરપકડ કરવામાં આવી હતી. જો તેઓ એક હિન્દુ છોકરીને લઈ જશે, તો અમે તેમની ૧૦ છોકરીને લઈ જઈશું એવી રાજા સિંહે ધમકી આપી હતી.

જ્યારે આ બે ભક્તો અને સેંકડો અન્ય લોકોએ તેનાથી પણ ખરાબ વાતો કહી છે, ત્યારે તેણે RSS વડાને હિન્દુત્વને ખતરનાક રીતે આતંકવાદી ક્ષેત્રમાં લઈ જવાની તેમની ક્ષમતાથી સંપૂર્ણ વાકેફ કર્યા છે, જે અસરકારક રીતે "રાજકીય ફ્રેન્કેસ્ટાઇન" બની ગયા છે. તેથી, સરસંઘચાલક ભાગવતે સતત આ ઉગ્ર સાંપ્રદાયિકતાને શાંત કરવાનો, ગેરકાયદેસર કહેવાનો પણ પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું કે, જો આપણે મુસ્લિમોને સ્વીકારતા નથી, તો તે હિન્દુત્વ નથી. રામ મંદિરના નિર્માણ પછી, કેટલાક લોકો વિચારે છે કે તેઓ નવી જગ્યાએ સમાન મુદ્દાઓ ઉઠાવીને હિન્દુઓના નેતા બની શકે છે તો આ સ્વીકાર્ય નથી. દરેક મસ્જિદમાં શિવલિંગ કેમ શોધવું જોઈએ? દરરોજ એક નવો વિવાદ ઉભો થાય છે. આને કેવી રીતે મંજૂરી આપી શકાય? આવું ચાલુ રહી શકે નહીં. ભારતે એ બતાવવાની જરૂર છે કે આપણે સાથે રહી શકીએ છીએ.

તે સ્પષ્ટ છે કે MAGA અને હિન્દુત્વ બંને, તેમના રાજકીય વિજયના મહિમામાં, રાજકીય ફ્રેન્કેસ્ટાઇન દ્વારા તેમની હિલચાલને હાઈજેક કરવા, અકલ્પનીય, અનિયંત્રિત માત્રામાં ઝેરી અસર અને અંતે અગણિત વિનાશ માટે એટલા જ ચિંતિત લાગે છે અને આ દર્શાવે છે કે તેઓ રાજકીય ફ્રેન્કેસ્ટાઇનથી કેટલા સંવેદનશીલ છે.

- રાઘવ બહલ

(સૌ. : ધ ક્વિન્ટ)

# કટિહારમાં ૧૮ લોકોને લઈને જતી બોટ પલટી જતા ત્રણનાં મોત

(એજન્સી) કટિહાર, તા.૧૯

બિહારના કટિહારમાં ગંગા નદીના ગોલાઘાટ નજીક બોટ ડૂબી જતાં તેમાં સવાર ત્રણ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે સાત લોકો ગુમ છે. સ્થાનિક લોકોએ જણાવ્યા પ્રમાણે, આ બોટમાં લગભગ ૧૮ લોકો સવાર હતા. ક્ષમતા કરતાં વધુ લોકો સવાર થતાં બોટ પલટી ખાઈ ગઈ હતી. રવિવાર સવારે સાત વાગ્યે બુધનગર અને કિશનપુરના રહેવાસીઓ નાનકડી બોટમાં સવાર થઈ પડોશી રાજય ઝારખંડના સાહિબગંજમાં બાસકોલ સ્થિત સંબંધીના ઘરે જઈ રહ્યા હતા. ક્ષમતાથી વધુ લોકો



બોટમાં સવાર થતાં દુર્ઘટના બની હતી. પોલીસ અને પ્રશાસને બચાવ કામગીરી હાથ ધરી છે. હજી સુધી માત્ર ત્રણ લોકોના મૃતદેહો મળી આવ્યા છે. અન્ય સાત ગુમ છે. આઠ લોકોને તરતાં આવડતું હોવાથી તેઓ સુરક્ષિત બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. કટિહારના દિયારા ક્ષેત્રમાં નદીની આસપાસ ખેતરો હોવાથી લોકોના પરિવહન માટે બોટ મુખ્ય સાધન છે. લોકો બોટમાં જ સવાર થઈ ખેતરોમાં કામ કરવા જાય છે. જો કે, ઘણીવખત ક્ષમતા કરતાં વધુ લોકો બોટમાં સવાર થતાં હોવાથી અનેકવાર બોટ પલટી જવાના કિસ્સા બનતા રહે છે. અગાઉ નવેમ્બર, ૨૦૨૪માં કટિહારની મનિહારી ગંગા નદીમાં ક્ષમતા કરતાં વધુ લોકો બોટમાં સવાર થતાં આ પ્રકારની દુર્ઘટના બની હતી. જેમાં બે લોકો ગુમ થયા હતા.

# ગૌમૂત્રની ભરપૂર પ્રશંસા કરી તેને બેક્ટેરિયાનો સામનો કરનાર અને 'ઔષધીય ગુણો' ધરાવનાર હોવાનો અભિપ્રાય આપનાર IIT મદ્રાસના ડિરેક્ટરે વિવાદ જગાવ્યો, વીડિયો વાયરલ

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૯

મદ્રાસ IITના એક ડિરેક્ટર વી. કામકોટીનો એક વીડિયો વાયરલ થતાં વિવાદ જાગ્યો છે જેમાં ડિરેક્ટર ગૌમૂત્રની ભરપૂર પ્રશંસા કરતો દેખાય છે અને તેમાં એવું કહે છે કે, ગૌમૂત્ર બેક્ટેરિયાનો સામનો કરતું એન્ટિ બેક્ટેરિયા તત્ત્વ ભરપૂર પ્રમાણમાં ધરાવે છે અને તેનું ઔષધીય મૂલ્ય પણ ઘણું જ ઊંચું છે. આ વીડિયોમાં IIT મદ્રાસના ડિરેક્ટરે ગૌમૂત્રને ફૂગ વિરોધી અને એન્ટિ બેક્ટેરિયાના ગુણો ધરાવતું અને ખોરાક હજમ થઈ શકે એ માટેના તત્ત્વો ધરાવતું ગણાયું હતું. વી. કામકોટીનો વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે અને તેના મિશ્ર પ્રત્યાઘાતો આવ્યા છે. પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમ્‌ના પુત્ર કાર્તિ ચિદમ્બરમે પણ પ્રતિક્રિયા આપી છે. ડિરેક્ટરે એવો દાવો કર્યો છે કે, પેટની બીમારી અને આંતરડાની બીમારી હોય અને ખોરાક અજબ ન થતો હોય તો ગૌમૂત્ર ખૂબ જ



અસ્થિર રીતે તેનો ઈલાજ કરે છે અને ગૌમૂત્રમાં એન્ટિ બેક્ટેરિયા તથા ફૂગ વિરોધી તત્ત્વો છે અને ખોરાક હજમ કરવાની શક્તિ ધરાવે છે. ચેન્નાઈમાં યોજાયેલા ગૌ સંરક્ષણ શાળાના એક કાર્યક્રમમાં બોલતા ડિરેક્ટરે આ મુજબ અભિપ્રાય આપ્યો હતો અને એક સંન્યાસીની વાતો પણ રજૂ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે, મને ખૂબ જ ભારે તાવ ચઢી ગયો હતો એટલે મેં ગૌમૂત્રનું સેવન કરતાં તાવ ઉતરી ગયો હતો. ગૌશાળાના કાર્યક્રમમાં તેમણે આવા વિધાનો કર્યા હોવાનું ત્યાં હાજર કેટલાક સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન કોંગ્રેસ અને ડીએમકે જેવી પાર્ટીના સભ્યોએ IITના ડિરેક્ટરના આ વિધાનો અને દાવાની સખત ટીકા કરી છે અને તેના દાવાઓનું ખંડન કર્યું છે. કોંગ્રેસના નેતા કાર્તિ ચિદમ્બરમે ડિરેક્ટરના વિધાનોને સખત રીતે ઝાટકી નાખ્યા છે અને એવો આક્ષેપ કર્યો છે કે, IIT મદ્રાસના ડિયરેક્ટર બનાવટી અને દંભી વિજ્ઞાનની હિમાયત કરી રહ્યા છે. જે આવા અધિકારીને શોભા આપે તેવું નથી. આ અંગે કાર્તિએ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનને પણ પત્ર લખ્યો છે. ડીએમકેના નેતા ટીકેએસ ઈલનગોવાન કહે છે કે, આ ડિરેક્ટરની સંસ્થામાંથી બદલી કરી નાખવી જોઈએ. આવી વ્યક્તિનું IITમાં શું કામ છે ? આઈઆઈટીમાંથી તેની હકાલપટ્ટી કરીને એઈમ્સમાં મૂકવો જોઈએ.

# લ્યો બોલો... રાજસ્થાનના શિક્ષણમંત્રી કહે છે કોટામાં વિદ્યાર્થીઓના આપઘાત માટે મુખ્ય ચાવીરૂપ કારણ 'પ્રેમ પ્રકરણો' છે !

## હમણા તાજેતરમાં કોટામાં વધુ ત્રણ વિદ્યાર્થીઓના આપઘાતની ઘટનાઓ બની હતી અને છેલ્લા થોડા વર્ષોથી દેશના કોચિંગનું આ મુખ્યમથક વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાથી તેની આવક પણ ગુમાવી રહ્યું છે ત્યાં રાજસ્થાનના મંત્રીએ આવા ઉચ્ચારણ કર્યા છે

(એજન્સી) જયપુર, તા.૧૯

રાજસ્થાનના મુખ્ય કોચિંગ સેન્ટર અને દેશના કોચિંગ હબ કોટા ખાતે વધુ ત્રણ વિદ્યાર્થીઓના આપઘાતની ઘટના બાદ રાજસ્થાનના શિક્ષણમંત્રી મદન દિલાવરે એક વિચિત્ર અને ખૂબ વિવાદથી ભર્યું નિવેદન કર્યું છે અને આત્મહત્યાના કારણો બતાવ્યા છે. ખૂબ જ ઉશ્કેરણીભર્યા ઉચ્ચારણો કરવા જાણીતા મંત્રી દિલાવરે એવો દાવો કર્યો છે કે, કોટાને છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન હચમચાવી દેનાર વિદ્યાર્થીઓની આત્મહત્યાઓની ઘટના પાછળ મુખ્ય અને ચાવીરૂપ કારણ વિદ્યાર્થીઓના 'પ્રેમ પ્રકરણો' છે.

તેમણે પોતાના સંતાનોની પ્રવૃત્તિઓ ઉપર અને એમને આડા માર્ગે જતા રોકવા અને તેઓ આત્મહત્યા કરવા પ્રેરાય નહીં એ માટે ધ્યાન આપવા વાલીઓને અપીલ કરી છે. છેલ્લા થોડા સમયમાં ત્રણ વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે અને દેશનું આ કોચિંગ હબ વિદ્યાર્થીઓની ઘટતી જતી સંખ્યાને કારણે તેની આવક પણ ગુમાવી રહ્યું છે ત્યારે મંત્રીએ આવી દલીલ કરીને કારણો સમજાવ્યા છે.

મદન દિલાવરે જણાવ્યું હતું કે, આવી કેટલીક ઘટનાઓની તપાસમાં પ્રેમ પ્રકરણ પરિબળ હોવાનું પણ બહાર આવ્યું છે એટલે વાલીઓએ એમના સંતાનોની રોજિંદી પ્રવૃત્તિઓ પર નજર રાખવી જોઈએ અને એમની કાળજી લેવી જોઈએ જેથી કરીને તેઓ અંતિમ પગલું ભરે નહીં.



પોતાના સંતાનો ક્યાં જાય છે કોની સાથે જાય છે એ વિશે આપણે કોઈ કાળજી લેતા નથી અને આપણો એ દિશામાં કોઈ અંકુશ નથી એટલે બાળકો ખોટા માર્ગે ચાલ્યા જાય છે. કોટા દેશનું કોચિંગનું સૌથી મોટું મથક છે. અહીં ઘણા પ્રયાસો કરવામાં આવી રહ્યા છતાં વિદ્યાર્થીઓના આપઘાતની ઘટનાઓ અવિરત ચાલુ જ રહી છે શુક્રવારે પણ આવા એક કોચિંગ સેન્ટરના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી હતી.

આ વર્ષે આ ચોથી ઘટના બની છે જે જવાહર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. છેલ્લા કેટલાય વર્ષોથી સતત બની રહેલા આવા બનાવોને કારણે ખોટા શહેરને આપઘાત નગરી અને સપનાઓના યમદૂતની નગરી તરીકેની નકારાત્મક ઓળખ મળવા લાગી છે અને વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘટી રહી છે. કોચિંગ સિટીને બદલે લોકો હવે તેને આપઘાત સિટી કહેવા લાગ્યા છે અને સપનાઓનાં મોતના સોદાગર તરીકે શહેરને જોવા લાગ્યા છે.

અહીં ૨૦૨૩માં ૨૬ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી અને ૨૦૨૪માં સત્ર વિદ્યાર્થીઓએ અભ્યાસના દબાણ અને વિવિધ કારણોસર આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના બનતી રોકવા શું કરવું જોઈએ તે અંગે શિક્ષણ મંત્રી દિલાવર એવું સૂચન કરે છે કે, આવા સમયમાં એક મિત્રની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની બની જાય છે કેમ કે ઘણીવાર મિત્રો જ વિદ્યાર્થીઓના રેન્ક અને ગુણ વિશે ટીકા ટિપ્પણી કરતા હોય છે અને કેટલાક બનવાની પાછળ પ્રેમ પ્રકરણો પણ કારણભૂત છે એટલે આ બધું રોકવા માટે સાચો મિત્ર મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. દિલાવરે એવું પણ વિધાન કર્યું કે ઘણા શિક્ષકો એમના શરીર દેખાય એવા વસ્ત્રો પહેરીને કોચિંગ સેન્ટરમાં જતા હોય છે અને કેટલાક શિક્ષકો તો ગુટખા ખાઈને જતા હોય છે જેની વિદ્યાર્થીઓ પર ખૂબ ખરાબ અસર થઈ રહી છે. અગાઉ પણ દિલાવર અનેક વિચિત્ર વિધાનો કરી ચૂક્યા છે અને એકવાર તેમણે સમ્રાટ અકબરને બળાત્કારી અને આક્રમણખોર ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, મીના બજારના નામે એ મહિલાઓનું વેચાણ કરતો હતો એટલે અકબરની ગણતરી મહારાણા પ્રતાપની સાથે થઈ શકે નહીં.

**હદીસ બોધ**

બીજા પાસે જેવા વર્તનની અપેક્ષા રાખો તેવું જ વર્તન તેની સાથે કરો. - હદીસ બોધ

**બોધ વચન**

પ્રેમની શક્તિ દંડની શક્તિ કરતાં હજાર ગણી પ્રભાવશાળી અને સ્થાયી હોય છે. - મહાત્મા ગાંધી

**આજની આરસી**

૨૦ જાન્યુઆરી સોમવાર ૨૦૨૫
૧૯ રજબ હિજરી ૧૪૪૬
પોષ વદ છઠ્ઠ સંવત ૨૦૮૧

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૫૯ |
| ખત્મે ઝવાલ | ૧૨-૫૦ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૨૨ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૧૮ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**ઈલ્મકી જુસ્તજુ જીસ રંગમેં ભી કી જાએ ઈબાદતકી એક શકલ હૈ**

કવિ ઈલમ-શિક્ષણના ખૂબ આગ્રહી હતા. કહે છે કે ગમે તેમ કરીને જ્ઞાન હાંસલ કરો. જ્ઞાન મેળવવું તેને પણ કવિ અલ્લાહની ઈબાદત-બંદગી કરવા સમાન જ કહે છે.

**- (ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**

# દલિત ખેલાડી ગેંગરેપ કેસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી : બાળપણના મિત્રથી શરૂ થયેલ સિલસીલાને પગલે ૫૭ અન્ય લોકોએ પણ તેના પર દુષ્કર્મ કર્યું

(એજન્સી) તા.૧૯

કેરળની ખેલાડી જ્યારે તે માત્ર ૧૩ વર્ષની હતી ત્યારે કથિત રીતે તેના બાળપણના મિત્રના હાથે તેના પર દુષ્કર્મ થવાની શરૂઆત થઈ. તપાસમાં એ પણ જાણવા મળ્યું કે કેરળની છોકરીને એક યુવક રબ્બરના બગીચામાં લઈ ગયો હતો, જ્યાં તેણે અન્ય ત્રણ લોકો સાથે તેના પર બળાત્કાર કર્યો હતો.

કેરળની ખેલાડી પર ગેંગરેપના ચોંકાવનારા ખુલાસા પછી, પોલીસે આ કેસના સંદર્ભમાં ૪૪ પુરૂષોની ધરપકડ કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. કેરળ પોલીસે અત્યાર સુધીમાં કિશોરી પર પાંચ વર્ષ સુધી જાતીય હુમલો કરવાના આરોપમાં ૫૮ પુરૂષોની ઓળખ કરી છે, જેમાં બાળપણના મિત્રનો પણ સમાવેશ થાય છે. ધરપકડ કરાયેલા પુરૂષો તે વસાહતના અને પડોશી વિસ્તારોના હોવાનું કહેવાય છે જ્યાં છોકરી રહેતી હતી. કેરળની ખેલાડી પર દુર્વ્યવહાર ત્યારે શરૂ થયો જ્યારે તે માત્ર ૧૩ વર્ષની હતી, કથિત રીતે તેના બાળપણના મિત્ર સુબિનના હાથે. તે છોકરાએ, જે પણ તે સમયે કિશોર હતો તેણે છોકરી પર જાતીય હુમલો કર્યો અને તેના ફોટા અને વીડિયો રેકોર્ડ કર્યા. બાદમાં તેણે ફૂટેજનો ઉપયોગ કરીને તેના મિત્રને જાતીય લાભ આપવાની ધમકી આપી.

મીડિયાના અહેવાલ મુજબ, આ મિત્રએ વધુ પુરૂષોને લાવ્યા જેમણે છોકરી પર જાતીય હુમલો કર્યો. આગામી કેટલાક વર્ષોમાં, દૈનિક મજૂરો, તે જ વિસ્તારના કેટલાક પુરૂષોએ છોકરી પર દુર્વ્યવહાર કર્યો.

છોકરીને તેના ફોટા અને વીડિયો બતાવીને ધમકી આપીને, ઘણા આરોપીઓ પઠાણમથિટ્ટાના એક ખાનગી બસ સ્ટેન્ડ પર છોકરીને મળ્યા. ત્યારબાદ તેને વાહનોમાં વિવિધ સ્થળોએ લઈ જવામાં આવી અને દુર્વ્યવહારનો ભોગ બનાવવામાં આવી હોવાનો અત્યાર સુધીની તપાસમાં ખુલાસો થયો છે. તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે છોકરી, જ્યારે તે ગયા વર્ષે ધોરણ ૧૨માં અભ્યાસ કરતી હતી, ત્યારે તેને ઈન્સ્ટાગ્રામ દ્વારા પરિચિત એક યુવક રાનીના રબરના બગીચામાં લઈ ગયો હતો, જ્યાં તેણે ત્રણ અન્ય લોકો સાથે તેના પર બળાત્કાર કર્યો હતો. ગેંગરેપના પાંચ કિસ્સાઓ છે. દલિત છોકરી પર જાન્યુઆરી ૨૦૨૪માં કારની અંદર અને પઠાણમથિટ્ટા જનરલ હોસ્પિટલમાં જાતીય હુમલો કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે છોકરીના ફોટા અને વીડિયો પુરૂષો અને સગીરોમાં પણ ફરતા થયા હતા. કેટલાક આરોપીઓ તેની કોલેજના કેટલાક વિદ્યાર્થીઓ તરીકે ઓળખાયા છે અને તેની શાળાના તેના સહપાઠીઓ છે. આરોપીઓએ વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ દ્વારા છોકરીનો સંપર્ક કર્યો હતો. બે આરોપીઓ હાલમાં ભારતની બહાર છે.ર

બાળ કલ્યાણ સમિતિ (CWC)ના અધ્યક્ષ એન રાજીવે મીડિયાને જણાવ્યું "એક પુરૂષથી બીજા પુરૂષ સુધી, તેમના મિત્રો અથવા સાથીદારો સુધી વાત ફેલાઈ હશે. ઘણા આરોપીઓ તેના પડોશમાંથી અને દૈનિક મજૂરી કરનારા કામદારોમાંથી છે, પરંતુ બીજા પણ છે. આટલા બધા પુરૂષોના નામ સાંભળીને અમને આઘાત લાગ્યો."

કેરળ એથ્લીટના ગેંગરેપ કેસની તપાસનું નિરીક્ષણ કરી રહેલા DIG એસ અજીતા બેગમે જણાવ્યું કે, "બે આરોપીઓ ફરાર છે. તેઓ હાલમાં વિદેશમાં છે. અમે તેમના માટે લુકઆઉટ પરિપત્ર જારી કરવાનું વિચારી રહ્યા છીએ. અમે ઈન્ટરપોલ દ્વારા તેમના માટે રેડ કોર્નર નોટિસ જારી કરવાની પણ યોજના બનાવી રહ્યા છીએ." કેરળ એથ્લીટના ગેંગરેપનો મામલો કેવી રીતે પ્રકાશમાં આવ્યો?

બાળ કલ્યાણ સમિતિ દ્વારા છોકરીનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું ત્યારે ગેંગરેપનો મામલો પ્રકાશમાં આવ્યો, જ્યારે એક શૈક્ષણિક સંસ્થામાં પીડિતાના શિક્ષકોએ પેનલને તેના વર્તનમાં નોંધપાત્ર ફેરફારો વિશે જાણ કરી. સમિતિએ ત્યારબાદ પોલીસને જાણ કરી અને તપાસ ચાલુ છે.

# એક સમયે રંગ અને જાતિ માટે અપમાનિતથી કેરળ યુનિવર્સિટીમાં ભરતનાટ્યમના પ્રથમ દલિત પ્રોફેસર તરીકેની પ્રેરક કથા

## રામકૃષ્ણને કહ્યું કે આ ખૂબ જ મોટી ક્ષણ છે, મારા ભાઈ કહેતા હતા કે આપણે આપણા લક્ષ્યોને દઢ નિશ્ચય સાથે આગળ ધપાવવું જોઈએ અને કોઈપણ પ્રકારના પડકારોથી વિચલિત ન થવું જોઈએ

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૧૯

કેરળ કલામંડલમ યુનિવર્સિટીએ આરએલવી રામકૃષ્ણનને ભારતનાટ્યમના સહાયક પ્રોફેસર તરીકે નિયુક્ત કર્યા છે. આ પહેલી વાર છે જ્યારે કોઈ પુરુષ કલાકારને ભારતનાટ્યમ વિભાગમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. રામકૃષ્ણન એક દલિત કલાકાર છે જેમને અગાઉ તેમની જાતિ, લિંગ અને રંગને કારણે આ પ્રતિષ્ઠિત સંસ્થામાં તકો નકારી કાઢવામાં આવી હતી. આ નિમણૂક કલાની દુનિયામાં એક ઐતિહાસિક પરિવર્તન દર્શાવે છે. ૯૦ વર્ષથી વધુ જૂની આ સંસ્થાએ તમિલનાડુના પ્રખ્યાત નૃત્યાંગના ગુરૂ રાજરત્નમ પિલ્લઈ અને એઆરઆર ભાસ્કરમાં તેમના શરૂઆતના વર્ષોમાં કામ કર્યું હતું. તે બંને અહીં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે કામ કરતા હતા. રામકૃષ્ણન સ્વર્ગસ્થ ફિલ્મ અભિનેતા કલાભવન મણિના ભાઈ છે. તેમની પાસે મોહિનીઅટ્ટમ અને ભારતનાટ્યમમાં બે એમએ ડિગ્રી છે. તમને જણાવી દઈએ કે લિંગ અને જાતિના આધારે મોહિનીઅટ્ટમ કરવા બદલ તેમને અપમાનનો સામનો કરવો પડ્યો હતો. રામકૃષ્ણને કહ્યું કે આ ખૂબ જ મોટી ક્ષણ છે. મારા ભાઈ કહેતા હતા કે આપણે આપણા લક્ષ્યોને દઢ નિશ્ચય સાથે આગળ ધપાવવા જોઈએ અને કોઈપણ પ્રકારના પડકારોથી વિચલિત ન થવું જોઈએ. હું ખૂબ જ સન્માનિત અનુભવું છું કે હું આ મહાન સંસ્થાના ઈતિહાસનો ભાગ બની રહ્યો છું.

**પસંદગી સમિતિએ તેમને સૌથી યોગ્ય ઉમેદવાર માન્યા**

તે જ સમયે, યુનિવર્સિટીના કુલપતિ બી. અનંતકૃષ્ણને કહ્યું કે જ્યારે તેઓએ આ પદ માટે અરજીઓ મંગાવી હતી, ત્યારે રામકૃષ્ણન અરજદારોમાંના એક હતા. પસંદગી સમિતિએ તેમને સૌથી યોગ્ય ઉમેદવાર માન્યા અને અમે તેમની નિમણૂક કરી છે. આ એક નવી શરૂઆત છે. રામકૃષ્ણન ૨૦૦૭થી ૨૦૧૭ સુધી કલામંડલમમાં એમફિલ અને પીએચડી કરી રહ્યા હતા, તેમ છતાં તેમને ત્યાં મોહિનીઅટ્ટમ કરવાની તક મળી ન હતી. ગયા વર્ષે પણ, સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી, કલામંડલમ સત્યભામા (જુનિયર) એ જાતિવાદી ટિપ્પણી કરી હતી કે રામકૃષ્ણન મોહિનીઅટ્ટમ કરી શકતા નથી કારણ કે તે કાળી ચામડીનો છે. ગયા માર્ચમાં જ તેમને કલામંડલમમાં પર્ફોર્મ કરવાની તક મળી. કલામંડલમને અગાઉ મોહિનીઅટ્ટમ માટે છોકરાઓને પ્રવેશ ન આપવા બદલ ટીકાનો સામનો કરવો પડ્યો હતો.

# સહકર્મી દ્વારા દલિતની હત્યા, સુલેહ કરાવવાનો પ્રયાસ કરનાર પોલીસ કર્મચારી સસ્પેન્ડ

## ઘટનાની જાણ થતાં મણિકંદનના પરિવાર અને ગ્રામજનો તેમના મૃતદેહને પોલીસ સ્ટેશન લઈ ગયા અને ન્યાયની માગણી સાથે વિરોધ પ્રદર્શન કર્યું

(એજન્સી) પેરમ્બલુર, તા.૧૯

કાઈ કલાથુરમાં ખેતરમાં હાર્વેસ્ટર મશીન ઓપરેટર તરીકે કામ કરતા એક દલિતની અગાઉની દુશ્મનાવટને કારણે સાથી કર્મચારી દ્વારા હત્યા કરવામાં આવ્યા બાદ તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ હતી. એક હેડ કોન્સ્ટેબલ બંને વચ્ચે શાંતિમાં મધ્યસ્થી કરી રહ્યો હતો ત્યારે જ આ હત્યા થઈ હતી. મૃતકના સંબંધીઓ અને ગ્રામજનોએ પોલીસ સ્ટેશનની સામે મૃતદેહ સાથે વિરોધ પ્રદર્શન કર્યા બાદ, હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો જ્યારે આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કાઈ કલાથુરના એમ મણિકંદન (૩૨), જે તે જ વિસ્તારમાં એસ અરૂણના ખેતરમાં મશીન ઓપરેટર તરીકે કામ કરતા હતા, તેનો સાથી હિન્દુ પી દેવેન્દ્રન (૩૦) સાથે અંગત બાબતોને લઈને ઝઘડો થયો હતો. મણિકંદન, જે એસસી સમુદાયના છે, તેના કહેવા પર કાઈ કલાથુર પોલીસ સ્ટેશન સાથે જોડાયેલા હેડ કોન્સ્ટેબલ શ્રીધર તેમની સાથે અરુણના ખેતરમાં ગયા જ્યાં દેવેન્દ્રન હાજર હતા. સૂત્રોએ જણાવ્યું કે, હેડ કોન્સ્ટેબલે અનૌપચારિક રીતે દેવેન્દ્રનના મણિકંદન સાથેના મતભેદોને દૂર કરવાનો પ્રયાસ કર્યો. વાટાઘાટો દરમિયાન નશામાં ધૂત દેવેન્દ્રને મણિકંદન પર જીવલેણ હુમલો કર્યો. આ ઘટનાની જાણ થતાં મણિકંદનના પરિવાર અને ગ્રામજનો તેમના મૃતદેહને પોલીસ સ્ટેશન લઈ ગયા અને ન્યાયની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કર્યું. કેટલાક લોકોએ પોલીસ સ્ટેશન પર પથ્થરમારો કરતા વિરોધ વધુ તીવ્ર બન્યો. ત્યારબાદ, પોલીસ સ્ટેશનને તાળાબંધી કરી દેવામાં આવી અને પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે ૧૦૦થી વધુ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા. સૂત્રોએ ઉમેર્યું કે, જિલ્લા મહેસૂલ અધિકારી એમ. વાડીવેલ પ્રભુ, તિરૂચી રેન્જ ડીઆઈજી વરૂણ કુમાર અને પેરામ્બલુર એસપી આદર્શ પચેરાએ વિરોધીઓ સાથે શાંતિ મંત્રણા કરી. જોકે, વિરોધીઓએ નમવાનો ઈન્કાર કર્યો અને ચાર કલાકથી વધુ સમય સુધી તેમનો વિરોધ ચાલુ રાખ્યો, જેના કારણે આ વિસ્તારમાં ટ્રાફિક પ્રભાવિત થયો. પેરામ્બલુર એસપીએ મીડિયાને જણાવ્યું કે શ્રીધરને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. વધુમાં દેવેન્દ્રન વિરૂદ્ધ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ સહિતનો કેસ નોંધવામાં આવ્યો છે અને તેની ધરપકડ કરવામાં આવી છે.

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં સંજુ સેમસનને બદલે રિષભ પંતને જ ટીમમાં લેવાનો પસંદગીકારોનો નિર્ણય યોગ્ય ખરો ? નિષ્ણાતો અને પૂર્વ ખેલાડીઓએ ઉઠાવ્યા સવાલ

## બંને ખેલાડી કોઈપણ દિવસે મેચનું પાસું પલટી શકવા સક્ષમ પણ બંનેના આંકડા જોવા જરૂરી

મુંબઈ, તા.૧૯

૫૦ ઓવરની ટુર્નામેન્ટમાં રિષભ પંત અને સંજુ સેમસનના દેખાવ અને એમના આંકડા પર નજર કરવી જરૂરી છે એવું નિષ્ણાતો અને ક્રિકેટ અભ્યાસુઓનું માનવું છે. ચેમ્પિયન્સ ટ્રોફી જેવી મહત્ત્વની ટુર્નામેન્ટ માટેની ટીમની પસંદગીમાં સંજુ સેમસનના બદલે પંત ઉપર જ પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે એટલે પસંદગીકારોએ ખરેખર યોગ્ય નિર્ણય લીધો છે કે કેમ એ વિશે ચર્ચા જાગી છે. સંજુ વિચારણા કરવાની બદલે પસંદગીકારોએ રિષભ પંત ઉપર જ પસંદગી ઉતારી છે.





ઈંગ્લેન્ડ સામે ત્રણ વન-ડે ઈન્ટરનેશનલની શ્રેણી અને ચેમ્પિયન્સ ટ્રોફી માટેની ટીમ જાહેર થઈ છે એટલે સવાલો ઊભા થયા છે અને સંજુને કેમ લેવામાં આવ્યો નથી તે વિશે નિષ્ણાતો પોતાના અભિપ્રાય આપી રહ્યા છે. આંકડાઓની વાત કરીએ તો વન-ડે ઈન્ટરનેશનલમાં પંત કરતાં ઘણો વધુ સારો દેખાવ સંજુએ કર્યો છે. રિષભ પંત ભારત માટે ત્રણ વર્ષમાં ૩૧ વન-ડે ઈન્ટરનેશનલ રમ્યો છે અને સંજુએ ૧૬ વન-ડે ઈન્ટરનેશનલમાં ટીમમાં સ્થાન મેળવ્યું છે. રિષભ પંતે ૩૧ વન-ડે ઈન્ટરનેશનલમાં ૩૩.૫૦ની સરેરાશ સાથે ૮૭૧ રન કર્યા છે પણ તેનો સ્ટ્રાઈકરેટ ખૂબ જ ઊંચો એટલે કે ૧૦૬.૨૧ જેવો રહ્યો છે. તેણે એક સદી ફટકારી છે અને પાંચ અર્ધ સદીઓ તેના નામે વન-ડેમાં બોલે છે. એ જ રીતે સંજુ ૧૬ વન-ડે ઈન્ટરનેશનલ રમ્યો છે અને ૫૬.૬૬ની સરેરાશ સાથે ૫૧૦ રન કર્યા છે જેમાં એક સદી છે અને ત્રણ અર્ધ સદીઓ છે. જોકે બંનેનું યોગદાન ટીમના મધ્યમ ક્રમમાં ખૂબ જ સારૂં રહ્યું છે પરંતુ મર્યાદિત ઓવરની મેચમાં એટલે કે વન-ડેમાં સંજુનો દેખાવ રિષભ પંત કરતાં ઘણો બધો સારો રહ્યો છે. સંજુ છેલ્લે ડિસેમ્બર ૨૦૨૩માં ભારત માટે વન-ડે મેચ રમ્યો હતો જેમાં તેણે સદી ફટકારી હતી. છેલ્લા થોડા સમયથી આ રાઈટ હેન્ડ બેટ્સમેન ખૂબ જ સારા ફોર્મમાં છે અને તેને ભારત માટે છેલ્લી પાંચ ટી-૨૦ રમ્યા તેમાંથી ત્રણમાં સદી ફટકારી હતી. જોકે તેણે કેરાલાની ટીમમાંથી વિજય હજારે ટ્રોફીમાં ભાગ ન લીધો તેના કારણે તેને પસંદ કરવામાં ન આવ્યો હોય એવું પણ ચર્ચાઈ રહ્યું છે. જો કે સંજુની પસંદગી ઈંગ્લેન્ડ સામેની ૫ ટી-૨૦ માટેની ટીમમાં કરવામાં આવી છે.

# સિરાજે એવું તે શું કર્યું કે ચેમ્પિયન્સ ટ્રોફી ટીમમાં ન લેવાયો ? ! ભારતીય ક્રિકેટ વિશ્વમાં કકળાટ

## સિલેક્શન કમિટીના અજીત અગરકર અને ટીમના સુકાની રોહિત શર્માની પૂર્વ ખેલાડીઓએ કરી ભારે ટીકા

## સંજુ સેમસન અને નાયરની અવગણનાની પણ ચારે તરફ ભારે ટીકા અને સિલેક્શન કમિટી પર માછલાં ધોવાયા

મુંબઈ, તા.૧૯

ચેમ્પિયન્સ ટ્રોફી માટે જાહેર થયેલી ૧૫ સભ્યોની ભારતીય ટીમમાંથી અગ્રણી ઝડપી બોલર મોહમ્મદ સિરાજને પડતો મૂકવામાં આવતા અને સંજુ સેમસન તથા કરૂણ નાયર જેવા ખેલાડીઓની ફરીથી અવગણના કરવામાં આવતા પસંદગી સમિતિ પર ભારે માછલા ધોવામાં આવી રહ્યા છે અને અનેક પૂર્વ ખેલાડીઓએ સુકાની રોહિત શર્મા તથા અજીત અગરકરની ભારે ટીકા કરી છે. કોચ ગૌતમ ગંભીર ઉપર પણ સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. અત્યારે સરફરાજ ખાન જેવા ખેલાડીને ઓસ્ટ્રેલિયાની સામે એક પણ ટેસ્ટમાં તક ના આપી ત્યારથી ગૌતમ ગંભીર ઉપર પણ ભારે ટીકા પ્રહારો થઈ જ રહ્યા હતા ત્યાં ફરીથી પસંદગી સમિતિએ જે નિર્ણયો લીધા છે તેની પૂર્વ ખેલાડીઓ દ્વારા ભારે આખરી ટીકા કરવામાં આવી છે. પૂર્વ ટેસ્ટ ખેલાડી આકાશ ચોપડાએ જણાવ્યું છે કે આટલી મોટી ટુર્નામેન્ટમાં પસંદગી કરવામાં ન આવે એવું તો શીરાજે કશું ખરાબ કર્યું નથી. પસંદગી સમિતિએ ત્રણ ફાસ્ટ બોલરો



મોહમ્મદ સમી, અર્શદીપ સિંહની તથા જસપ્રિત બુમરાહની પસંદગી કરી છે અને સિરાજને પડતો મૂકીને આશ્ચર્ય સરજી દીધો છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં બુમરા રમી શકે છે કે કેમ તેનો આધાર તેની ફિટનેસ પર રહેશે એટલે એ ઈંગ્લેન્ડ સામેના પ્રથમ બે વન-ડેમાં નહીં રમે એવું જાહેર થયું છે અને ત્રીજા અને ચોથા વન-ડેમાં એ રમે તેવી શક્યતા છે. બુમરાહની જગ્યાએ ઈંગ્લેન્ડ સામે પહેલા બે વન-ડે માટે હર્ષિત રાણાને ટીમમાં લેવામાં આવ્યો છે પરંતુ આકાશ ચોપરાનું માનવું છે કે વનડે ટીમની પસંદગીમાં વિચારણા કરતી વખતે સિરાજ કરતા પણ રાણાનું નામ આગળ નીકળી ગયું એવું દેખાય છે. બુમરાહની ફિટનેસ અંગે કોઈ સ્પષ્ટતા થઈ નથી અને મોહમ્મદ સમીની ફિટનેસ વિશે પણ કોઈ જાણકારી નથી. સિરાજનું નામ નથી એણે એટલું કોઈ ખરાબ કર્યું નથી કે તેને આટલી મોટી ટુર્નામેન્ટની ટીમમાં લેવામાં આવે. સિરાજની ટીમમાં જરૂર લેવાની જરૂર હતી અને એક સ્પિનર ઓછો લઈ શકાયો હોત. સિરાજને બદલે રાણાને પસંદ કરવામાં આવે એ તો ખરેખર આશ્ચર્યજનક છે. આકાશ ચોપડા કહે છે કે માત્ર ત્રણ ફાસ્ટ બોલર લેવામાં આવ્યા છે એ જ મારા માટે મોટા સમાચાર છે. એટલે મને લાગે છે કે ત્રણ સ્પીનરને રમાડવાનો ટીમના થીંક ટેંક દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કેમકે તમારી પાસે ત્રણ ફાસ્ટ બોલર હોય તો તમે ટીમમાં તો બે જ રમાડી શકો છો.

# ગૌતમ ગંભીરની સલાહ માની ઘરેલુ ક્રિકેટમાં પાછા ફરી રહ્યા છે સ્ટાર ભારતીય ક્રિકેટરો

## સુકાની રોહિત શર્મા, રવીન્દ્ર જાડેજા, શુભમન ગિલ અને રિષભ પંત રણજી ટ્રોફીમાં રમવા માટે નેટ પ્રેક્ટિસમાં જોડાયા

મુંબઈ, તા.૧૯

ભારતીય ટીમના સુકાની રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજા અને રિષભ પંત જેવા સ્ટાર ખેલાડીઓ કોચ ગૌતમ ગંભીરની વાત માનીને ઘરેલુ ક્રિકેટમાં પાછા ફરી રહ્યા છે એટલે ઘરેલુ ક્રિકેટમાં રોમાંચક રમત જોવા મળશે એવી ચાહકોને આશા છે. રોહિત શર્માએ રણજી ટ્રોફી મેચ રમવાની તૈયારી શરૂ કરી દીધી છે, શર્મા અને જાડેજાની જેમ ચેમ્પિયન્સ ટ્રોફી માટેની ટીમમાં ઉપસુકાની બનાવવામાં આવેલા શુભમન ગિલ અને જયસ્વાલે પણ રણજી ટ્રોફીમાં કાંડા કસવાની અને ફોર્મ પાછું મેળવવાની કવાયત શરૂ કરી દીધી છે. આ રીતે સ્ટાર ખેલાડીઓ લાંબા સમય બાદ ઘરેલુ ક્રિકેટમાં જોવા મળશે. જોકે વિરાટ કોહલીનું હજી નક્કી નથી. ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાં એકદમ નિષ્ફળ ગયેલા રોહિત શર્મા અને વિરાટ કોહલીને ફોર્મ પાછું મેળવવું હોય તો રણજી ટ્રોફી જેવી ઘરેલુ સ્પર્ધાઓમાં રમવું જોઈએ એવું આપણા દિગ્ગજ મહાન ક્રિકેટરો સુનિલ ગાવસ્કર તથા રવિ શાસ્ત્રીએ સ્ટાર ક્રિકેટરોને સલાહ આપતા જણાવ્યું હતું અને કોચ ગૌતમ ગંભીરે ખુદ આ તમામ ખેલાડીઓને ઘરેલુ ક્રિકેટમાં પાછા જવા અને ફોર્મ મેળવવાની કવાયત કરવા માટે સલાહ આપી હતી. એટલે સ્ટાર ખેલાડીઓ ઘરેલુ મેદાન પર પાછા ફરી રહ્યા છે. રોહિત શર્મા મુંબઈથી રણજી ટીમ સાથે પ્રેક્ટિસમાં જોડાઈ રહ્યો છે એટલે મીડિયામાં પણ ભારે ચર્ચા જાગી છે અને ચાહકો પણ એ જોવા માટે આતુર થયા છે. મુંબઈની પહેલી મેચ ૨૩ જાન્યુઆરીથી જમ્મુ અને કાશ્મીર સામે શરૂ થનાર છે એટલે રોહિત તેમાં ભાગ લેવાનો છે અને મુંબઈ તરફથી રમશે. એ જ રીતે રિષભ પંતની દિલ્હી રણજી ટીમમાં પસંદગી કરી લેવામાં આવી છે પરંતુ વિરાટ કોહલીનું નામ ૧૨ સભ્યોની ટીમમાં દેખાયું નથી એટલે કોહલીનું નક્કી નથી. દિલ્હીની પહેલી મેચ સૌરાષ્ટ્ર સામે રાજકોટમાં રમાનાર છે એટલે પંત અને જાડેજાની એક મેદાન પર સામસામે ટક્કર થશે જેનો ચાહકો ઈન્તેજાર કરી રહ્યા છે. બીસીસીઆઈ દ્વારા ઘરેલુ ક્રિકેટ પર ધ્યાન આપવા માટે તમામ સ્ટાર ખેલાડીઓને તાકીદ કરવામાં આવી છે એટલે એક પછી એક ખેલાડીઓ હવે ઘરેલુ ક્રિકેટમાં રમવા માટે સજ્જ થઈ રહ્યા છે. રાજકોટના મેદાન પર રવિવારે રવીન્દ્ર જાડેજા સૌરાષ્ટ્રની ટીમ સાથે પ્રેક્ટિસ કરતો દેખાયો હતો. અહીં દિલ્હી સામે સૌરાષ્ટ્રની પહેલી રણજી મેચ રમાનાર છે. એટલે ભારતીય ટીમના ખેલાડી સાથીઓ જાડેજા અને પંત રણજીમાં સામ સામે ટકરાશે. રાજકોટમાં રવિવારે જાડેજાએ નેટ પ્રેક્ટિસમાં ભાગ લીધો હતો. દિલ્હી સામે ૨૩ જાન્યુઆરીથી નિરંજન શાહ સ્ટેડિયમની બાજુના ગ્રાઉન્ડ સી રણજી મેચ રમવાનું શરૂ થશે તેમ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશને જાહેર કર્યું છે. જાડેજા છેલ્લે ૨૦૨૩માં રણજી ટ્રોફી મેચ રમ્યો હતો. શુભમન ગિલ પંજાબ તરફથી રણજી ટ્રોફી મેચ રમશે. વિરાટ કોહલી અને કે.એલ. રાહુલને ઈજા થઈ હોવાથી તેમનું અત્યારે રમવાનું નક્કી નથી એવું જાહેર થયું છે. જોકે રાહુલ કર્ણાટકના હરિયાણા સામેની મેચમાં રમવા હાજરી આપે તેવી શક્યતા છે.

## વિમેન્સ પ્રીમિયર લીગનો વ્યાપ ચાર શહેરો સુધી લંબાવાશે

# આઈપીએલમાં ૨૦૨૫થી આઈસીસી કોડ ઓફ કંડક્ટ ધોરણો અમલી થશે

મુંબઈ, તા.૧૯

આગામી આઈપીએલ સિઝનથી આઈસીસી કોડ ઓફ કંડક્ટ ધોરણોનું પાલન કરવામાં આવશે તેવો નિર્ણય આઈપીએલની ગર્વનિંગ કાઉન્સિલની બેઠકમાં લેવાયો હતો. આઈપીએલ ૨૦૨૫નો પ્રારંભ ૨૧ માર્ચથી થશે. આ ઉપરાંત વિમેન્સ પ્રીમિયર લીગનો વ્યાપ હવે ચાર શહેરો સુધી લંબાવવાનો નિર્ણય કરાયો છે. બીસીસીઆઈના વાઈસ પ્રેસિડેન્ટ અને આઈપીએલના ચેરમેન રાજીવ શુક્લાએ પત્રકારને માહિતી આપતા જણાવ્યું કે, આઈપીએલ

## હવે આચારસંહિતાના પ્રથમ, દ્વિતીય કે તૃતીય સ્તરના ભંગ બદલ આઈસીસી દ્વારા નિર્ધારિત કરાયેલી પેનલ્ટી લાગુ થશે

લીગનો પ્રારંભ ૨૩ માર્ચથી થશે પરંતુ ગવર્નિંગ કાઉન્સિલના વરિષ્ઠ અધિકારીએ બાદમાં સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આઈપીએલ ૨૦૨૫નો પ્રારંભ ૨૧ અથવા ૨૨ માર્ચથી થશે. આઈપીએલમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ માટે આગામી સિઝનથી આઈસીસી કોડ ઓફ કંડક્ટરેગ્યુલેશનનો અમલ કરાશે.હવે આચારસંહિતાના પ્રથમ, દ્વિતિય કે તૃતીય સ્તરના ભંગ બદલ આઈસીસી દ્વારા નિર્ધારિત કરાયેલી પેનલ્ટી લાગુ થશે. અત્યાર સુધી આઈપીએલના પોતાના કોડ ઓફ કંડક્ટ નિયમો અલમમાં હતા પરંતુ હવે આઈસીસીના ટી૨૦ની પ્લેઈંગ કંડિશનના ધોરણોનો અમલ કરાશે. ગવર્નિંગકાઉન્સિલના વરિષ્ઠ સભ્યે જણાવ્યું હતું કે, ફેબ્રુઆરથી ડબલ્યુપીએલની ત્રીજી સિઝનો પ્રારંભ થશે અને બેંગલોર, મુંબઈ ઉપરાંત વડોદરા તથા લખનૌમાં પણ ટુર્નામેન્ટ યોજાશે.

## આકાશ ચોપડાનો ઘટસ્ફોટ

# ગાંગુલીએ સેહવાગને આપી હતી કરિયર ખતમ કરવાની ધમકી

## ગાંગુલી કેપ્ટન હતો ત્યારે તેણે સેહવાગને કહ્યું હતું કે, જો તું રન નહીં બનાવે તો હું તને ટીમમાંથી બહાર કાઢી મૂકીશ

નવી દિલ્હી, તા.૧૯ : પૂર્વ ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગ પોતાની વિસ્ફોટક બેટિંગથી વિરોધી બોલરોમાં ડર પેદા કરી દેતો હતો. પરંતુ તેની કારકિર્દીમાં એક વાર એવો સમય પણ આવ્યો હતો જ્યારે ગાંગુલીએ તેને ટીમમાંથી બહાર કરવાની ધમકી આપી હતી. વર્ષ ૨૦૦૩માં સૌરવ ગાંગુલી ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન હતો ત્યારે તેણે વીરેન્દ્ર સેહવાગને કહ્યું હતું કે, જો તું રન નહીં બનાવે તો હું તને ટીમમાંથી બહાર કાઢી મૂકીશ. ભારતના ભૂતપૂર્વ ઓપનર આકાશ ચોપડાએ આ વાતનો ખુલાસો કર્યો છે. આકાશ ચોપડાએ જણાવ્યું હતું કે, 'આ ઘટના વર્ષ ૨૦૦૩માં ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટ સીરિઝ દરમિયાનની છે. વીરેન્દ્ર સેહવાગે પોતાની કારકિર્દીના શરૂઆતના તબક્કામાં ઘણાં રન બનાવ્યા હતા. પરંતુ તે પછી તેની કારકિર્દીનો ખરાબ સમય ચાલુ થયો હતો. સેહવાગના બેટમાંથી રન નહોતા આવી રહ્યા. એ સમયે ભારતીય ટીમનો કેપ્ટન સૌરવ ગાંગુલી વીરેન્દ્ર સેહવાગ પાસે ગયો અને તેને કહ્યું હતું કે, જો તું રન નહીં બનાવે તો હું તને ટીમમાંથી કાઢી મૂકીશ. પરંતુ રસપ્રદ વાત એ છે કે ન્યુઝીલેન્ડ સામેની આ સીરિઝની પહેલી ટેસ્ટમાં નિષ્ફળ થયા બાદ સહેવાગે મોહાલી ટેસ્ટ મેચમાં સદી ફટકારીને ૧૩૦ રન બનાવ્યા હતા.' એ સમયે વીરેન્દ્ર સેહવાગ સતત ૯ ઈનિંગ્સમાં નિષ્ફળ રહ્યો હતો અને તેના બેટમાંથી એક પણ અડધી સદી નીકળી ન હતી.

# મુંબઈ: ટ્રસ્ટે કબજેદારો પાસેથી મિલકત પાછી મેળવવા માટે ૪૭ વર્ષ પછી કેસમાં જીત મેળવી

**કરીમ્ભોય લાલજી સજુન ખોજા સેનેટોરિયમના ટ્રસ્ટીઓએ ૪૭ વર્ષની કાનૂની લડાઈ પછી સુવિધાના કામદારો પાસેથી બે રૂમનો કબજો પાછો મેળવ્યો છે, લગભગ અડધી સદીથી આ કામદારોના પરિવારે ભાડૂઆત હોવાનો દાવો કરીને જગ્યા ખાલી કરવાનો ઈન્કાર કર્યો હતો, હવે શહેરની સિવિલ કોર્ટે ટ્રસ્ટીઓ દ્વારા ૧૯૮૨માં દાખલ કરાયેલા દાવાને મંજૂરી આપી છે અને પરિવારને સ્થળાંતર કરવાનું કહ્યું છે**

(એજન્સી) મુંબઈ, તા.૧૯

કરીમ્ભોય લાલજી સજુન ખોજા સેનેટોરિયમના ટ્રસ્ટીઓએ ૪૭ વર્ષની કાનૂની લડાઈ પછી સુવિધાના કામદારો પાસેથી બે રૂમનો કબજો પાછો મેળવ્યો છે. લગભગ અડધી સદીથી કામદારોના પરિવારે ભાડૂઆત હોવાનો દાવો કરીને જગ્યા ખાલી કરવાનો ઈનકાર કર્યો હતો. હવે શહેરની સિવિલ કોર્ટે ટ્રસ્ટીઓ દ્વારા ૧૯૮૨માં દાખલ કરાયેલા દાવાને મંજૂરી આપી છે અને પરિવારને સ્થળાંતર કરવાનું કહ્યું છે. આ દાવા મુજબ, ૧૯૬૨માં ટ્રસ્ટીઓએ ટ્રસ્ટના મેનેજર રાજાબલ્લી રૂપાણી જાલનાવાલાને ખૂબ જ ગરીબ હોવાથી તેમને આ જગ્યામાં રહેવાની મંજૂરી આપી હતી. ટ્રસ્ટીઓએ દાવો કર્યો હતો કે આ જગ્યા કામચલાઉ ધોરણે આપવામાં આવી હતી અને જાલનાવાલાએ બાંયધરી આપી હતી કે તેઓ જ્યારે પણ કહેશે ત્યારે તેઓ આ જગ્યા ખાલી કરશે. ટ્રસ્ટીઓએ દાવો કર્યો



હતો કે પ્રતિવાદી, જમાત ટ્રસ્ટ સાથે મળીને, ૧૯૭૫થી અપ્રમાણિક રીતે આ સ્થાનનો લાભ લઈ રહ્યો છે અને વળતર, ફી, પાણીનો ચાર્જ કે વીજળીનો ચાર્જ ચૂકવ્યા વિના દાવાના મકાનમાં કબજો કર્યો છે. ચેરિટી કમિશનર દ્વારા આપવામાં આવેલા નિર્દેશ છતાં આવું કરવામાં આવ્યું હતું. એવો દાવો કરવામાં આવ્યો હતો કે જાલનાવાલાએ ૧૯૭૮ માં ટ્રસ્ટ માટે કામ કરવાનું બંધ કરી દીધું હતું. ૧૯૮૦માં, ટ્રસ્ટે તેમને જગ્યા ખાલી કરવા કહ્યું હતું, પરંતુ તેઓ તેમ કરવામાં નિષ્ફળ ગયા હતા. પાછળથી, તેમના મૃત્યુ પછી, ટ્રસ્ટીઓએ દાવો કર્યો હતો કે, તેમના પરિવારના સભ્યો કાયદેસર ભાડૂઆત હોવાનો દાવો કરીને જગ્યા પર કબજો કરવાનું ચાલુ રાખ્યું. અંતે, ૧૯૮૨માં ટ્રસ્ટીઓએ જાલનાવાલ અને તેમના પરિવાર સામે દાવો દાખલ કર્યો હતો. આની સામે, જાલનાવાલાના પરિવારે દાવો કર્યો હતો કે તેમણે ભાડાપટ્ટાને ધ્યાનમાં રાખીને ભાડું ચૂકવ્યું હતું. બંને પક્ષોને સાંભળ્યા પછી, કોર્ટે જાલનાવાલાના પરિવારના બચાવને ફગાવી દીધો અને કહ્યું કે વાદીઓએ સફળતાપૂર્વક સ્થાપિત કર્યું છે કે ૧૯૭૮ પછી પ્રતિવાદીઓનો જગ્યા પરનો સતત કબજો એ ખોટો કબજો બની ગયો છે, કારણ કે મૂળ પ્રતિવાદીની જમાત ટ્રસ્ટ સાથેની સેવાઓ સમાપ્ત થઈ ગઈ હતી અને ૧૯૮૦માં વાદીઓએ જગ્યા ખાલી કરવા માટે નોટિસ જારી કરી હતી. મૂળ પ્રતિવાદી આ ટ્રસ્ટનો સેવક હતો. નોકર પ્રતિકૂળ કબજાનો દાવો કરી શકતો નથી. તેથી, પ્રતિવાદીને ટ્રસ્ટનો ભાડૂઆત અથવા માલિક કહી શકાય નહીં.

# આર.જી. કર ડૉક્ટર બળાત્કાર-હત્યા : CBIની 'તપાસ અધકચરી', પીડિતાના માતા-પિતાનો આરોપ

**CBIએ શહેર પોલીસમાં કાર્યરત નાગરિક સ્વયંસેવક સંજય રોય માટે મૃત્યુદંડની માગણી કરી છે, જેમના પર આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટ ગ્રેજ્યુએટ તાલીમાર્થી પર ક્રૂર બળાત્કાર અને હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો હતો**

(એજન્સી) તા.૧૯

કોલકાતાની એક કોર્ટ આજે કોલકાતાના ડોક્ટર બળાત્કાર-હત્યા કેસમાં ચુકાદો આપવાની તૈયારીમાં છે, ત્યારે પીડિતાના માતા-પિતા દ્વારા કરવામાં આવેલા એવા આરોપો કે 'તપાસ પૂર્ણ થઈ નથી અને અન્ય ગુનેગારો હજુ પણ મુક્ત છે' તેણે સમગ્ર મામલા શંકા ઉપજાવી છે.

શહેર પોલીસમાં કાર્યરત નાગરિક સ્વયંસેવક સંજય રોય પર ગયા વર્ષે ૯ ઓગસ્ટના રોજ ઉત્તર કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટ ગ્રેજ્યુએટ તાલીમાર્થી પર ક્રૂર બળાત્કાર અને હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. હોસ્પિટલના સેમિનાર રૂમમાંથી તાલીમાર્થી ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યાના એક દિવસ પછી કોલકાતા પોલીસે ૧૦ ઓગસ્ટના રોજ રોયની ધરપકડ કરી હતી. બાદમાં કલકત્તા હાઈકોર્ટ દ્વારા આ કેસ સીબીઆઈને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય એજન્સીએ રોય માટે મૃત્યુદંડની માગણી કરી છે.

આ ગુનાને કારણે કોલકાતાના જુનિયર ડોક્ટરોએ દેશભરમાં આક્રોશ અને વિરોધ પ્રદર્શનો કર્યા હતા, જેમાં પીડિતાને ન્યાય અને સરકારી હોસ્પિટલોમાં મજબૂત સુરક્ષા વ્યવસ્થાની



માંગ કરવામાં આવી હતી. ટ્રાયલ શરૂ થયાના ૫૭ દિવસ પછી સિયાલદાહ કોર્ટ ચુકાદો આપશે.

**આર.જી. કર પીડિતાના માતા-પિતાની વધુ તપાસની માંગ :**

જો કે, પીડિતાના માતા-પિતા આગ્રહ રાખે છે કે, આ ગુનામાં વધુ લોકો સંડોવાયેલા છે અને તેમણે આશા વ્યક્ત કરી છે કે, તેમની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે અને કોર્ટ સમક્ષ કેસ ચલાવવામાં આવશે. તેમણે આ કેસમાં વધુ તપાસ માટે કોર્ટમાં પણ અરજી કરી છે.

પીડિતાની માતાએ મીડિયાને જણાવ્યું, સંજય (રોય) દોષિત છે અને ચુકાદો તેની વિરુદ્ધ આવશે. પરંતુ અન્ય ગુનેગારો વિશે શું જે હજુ સુધી પકડાયા નથી ? હું તેમને મુક્તપણે ફરતા જોઈ શકું છું. મેં તેમને હોસ્પિટલમાં રખડતા જોયા છે. તેથી તપાસ અડધી છે. તેમણે ઉમેર્યું કે, જૈવિક પુરાવા રોયને દોષિત સાબિત કરે છે, પરંતુ વહીવટ ગુનામાં સામેલ ઘણા અન્ય લોકોને બચાવી રહ્યો છે. મને હજુ સુધી ખબર નથી કે મારી પુત્રીની આ રીતે હત્યા કેમ કરવામાં આવી. તેને એવી શું ખબર પડી ગઈ કે તેને જીવવા દેવામાં આવી નથી ? તેમણે એવી અટકળોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જુનિયર ડોક્ટરને 'ચૂપ' રાખવામાં આવ્યા હતા કારણ કે, તેને હોસ્પિટલમાં કેટલાક ખોટા કાર્યો વિશે ખબર હતી.

# વન નેશન વન પોલ (ONOP) મોદીને સરમુખત્યાર બનાવવા માટે છે, પરંતુ ભાજપ પોતાના માટે પણ સારૂં નથી : સ્ટાલિન

(એજન્સી) તા.૧૯

શાસક ડીએમકે શરૂઆતથી જ સંસદ અને રાજ્ય વિધાનસભાઓની એક સાથે ચૂંટણીનો વિરોધ કરી રહ્યું છે, જ્યારે આ વિચાર રજૂ કરવામાં આવ્યો હતો અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાની હેઠળની પેનલ દ્વારા તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને સંસદમાં ઈન્ડિયા બ્લોકના સખત વિરોધ બાદ, આ બિલને સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યું હતું. ભાજપના સાથી પક્ષોને કાયદાને ટેકો ન આપવા અને ભગવા પક્ષના કપટનો શિકાર ન બનવાની અપીલ કરતાં, તેમણે કહ્યુ કે, રાજકીય કારણોસર, તમે ભાજપ સાથે જોડાણ કરી શકો છો, પરંતુ તમારે ભાજપ અને તેના કાર્યરત સંગઠનો દ્વારા ગોઠવાયેલા છટકામાં ન ફસાઈ જવું જોઈએ. ભાજપને ટેકો આપવો તમારી



**કેન્દ્ર સરકારના વન નેશન વન પોલ (ONOP)ના દબાણ સામે તમિલનાડુના વિરોધને દર્શાવતા મુખ્યમંત્રી અને DMK પ્રમુખ એમકે સ્ટાલિને શનિવારે આરોપ લગાવ્યો કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશના સરમુખત્યાર બનાવવા માટે આ કાયદો લાવવામાં આવી રહ્યો છે, જે ભાજપ માટે પણ સારૂં નથી. ONOP એક જ પક્ષની સરકાર તરફ દોરી જશે જેમાં સત્તા એક વ્યક્તિના હાથમાં કેન્દ્રિત થશે. તેનો હેતુ માત્ર વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સરમુખત્યાર બનાવવાનો છે. આ ભાજપ માટે પણ સારૂં નથી.**

પસંદગી છે. પરંતુ લોકશાહીમાં વિશ્વાસ રાખનાર દરેક રાજકીય પક્ષે આ પગલાનો વિરોધ કરવો જોઈએ. આપણે બંધારણમાં સમાવિષ્ટ સંઘીયતાને નબળો પાડતા કોઈપણ પગલા સામે લડવું જોઈએ. ભાજપની 'ડુપ્લિકેટ મોડસ ઓપરેન્ડી' પર આકરા પ્રહારો કરતા સ્ટાલિને કહ્યું કે, ભાજપનો પ્રોજેક્ટ અને એક્શન પ્લાન ટૂંકા ગાળા માટે મર્યાદિત નહીં પરંતુ લાંબા ગાળા માટે છે. હવે તેઓ આખા દેશ માટે એકસાથે ચૂંટણીઓ અંગે કહી રહ્યા છે. કદાચ એ સમય દૂર નહીં હોય જ્યારે તેઓ કહેશે કે એક ચૂંટણી આખા દેશ માટે પૂરતી છે. તેઓ આવી પરિસ્થિતિનું નિર્માણ કરશે. આ પહેલા, નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર બંધારણીય ઈમારતના સ્તંભોને તોડી પાડવાનો આરોપ લગાવ્યો હતો. કોન્ફરન્સને એક સંદેશમાં તેમણે કહ્યું હતું કે ડીએમકે, ઈન્ડિયા બ્લોક સાથે મળીને ભાજપની યોજનાઓને હરાવશે અને બંધારણનું રક્ષણ કરશે.

# ૧૮ લોકોની હત્યા કરનાર 'દિલ્હીનો કસાઈ' એક વર્ષની શોધખોળ બાદ તેની ધરપકડ

**કુખ્યાત સીરિયલ કિલર ચંદ્રકાંત ઝાની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી**

(એજન્સી) તા.૧૯

દિલ્હી પોલીસે એક મોટી સફળતામાં કુખ્યાત સીરિયલ કિલર ચંદ્રકાંત ઝાની ધરપકડ કરી છે, જેને 'દિલ્હીના કસાઈ' તરીકે પણ ઓળખવામાં આવે છે, જે ઓક્ટોબર ૨૦૨૩માં પેરોલ પર ફરાર થયા પછી એક વર્ષથી વધુ સમય સુધી ફરાર હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૨૦૦૬થી ૨૦૦૭ દરમિયાન રાષ્ટ્રીય રાજધાનીમાં આતંક મચાવનાર ૫૭ વર્ષીય આ ગુનેગાર અંગે પોલીસને તેના ઠેકાણાની માહિતી મળ્યા બાદ, શુક્રવારે જૂની દિલ્હી રેલ્વે સ્ટેશન પર સઘન કાર્યવાહી દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી. એડિશનલ કમિશનર ઓફ પોલીસ (ક્રાઈમ બ્રાન્ચ) સંજય કુમાર સૈને પત્રકારોને જણાવ્યું હતું કે, ઓક્ટોબર ૨૦૨૩માં પેરોલ પછી તે ફરાર થઈ ગયો હતો. ૫૭ વર્ષીય આ ગુનેગારની શુક્રવારે સઘન કાર્યવાહી બાદ જૂની દિલ્હી રેલ્વે સ્ટેશનથી ધરપકડ કરવામાં આવી હતી. છ મહિનાથી વધુ સમય સુધી, ટીમે ઝાના પરિવાર, મિત્રો અને સહયોગીઓના નેટવર્કને શોધી કાઢ્યું. તેમણે તેના અગાઉના ગુનાના સ્થળો પર જાસૂસી કરી અને દિલ્હી-એનસીઆર, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બિહારમાં ફળ અને શાકભાજીની મંડીઓમાં વ્યક્તિઓની પૂછપરછ કરી હતી.

ઝાને ત્રણ હત્યાના દોષી ઠેરવવામાં આવ્યો હતો. જેમાં ૨૦૧૩માં બે હત્યાઓ માટે મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. જો કે, ૨૦૧૬માં આ સજા આજીવન કેદમાં ફેરવાઈ ગઈ હતી. તેને પકડવા માટે તેના પર ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ પણ હતું. તેની હત્યા કરવાની ભયાનક પદ્ધતિઓ હતી. તે લોકોના મૃતદેહોના ટુકડા કરીને તિહાર જેલ નજીક



કોથળાઓમાં છોડી દેતો હતો. વધુમાં, ઝા દિલ્હી પોલીસ માટે હાથથી લખેલી નોંધો પણ મૂકતો હતો, જેમાં તેમને "મેં આ હત્યા કરી છે. જો શક્ય હોય તો મને પકડો" જેવા સંદેશાઓ હતા.

ઝા તેના પીડિતોના હાથ બાંધી દેતો હતો, અને દાવો કરતો હતો કે તે તેમને સજા કરશે, અને પછી સ્થાનિક રીતે બનાવેલા ચાકુથી તેમનું ગળું દબાવી દેતો હતો. તે મૃતદેહોના ટુકડા ખૂબ જ કાળજીપૂર્વક કરતો હતો, જેથી ઓછામાં ઓછું લોહી પડે. ત્યારબાદ અવશેષો પ્લાસ્ટિકની થેલીઓમાં પેક કરતો અને તેની સાયકલ-રિક્ષાનો ઉપયોગ કરીને પૂર્વ-નિર્ધારિત સ્થળોએ, ઘણીવાર તિહાર જેલ નજીક, ફેંકી દેવામાં આવતા હતા.

ઝા પહેલીવાર ૧૯૯૮માં પોલીસના રડારમાં આવ્યો જ્યારે તેણે આદર્શ નગરમાં મંગલ ઉર્ફે ઔરંગઝેબ નામના વ્યક્તિની હત્યા કરી હતી અને તેના શરીરને ટુકડા કરી નાખ્યા અને શહેરના વિવિધ સ્થળોએ તેના ભાગો ફેંકી દીધા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ઝાની તેની પહેલી હત્યાના મહિનાઓ પછી ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ ૨૦૦૨માં છૂટ્યા પછી તેણે ફરી હત્યા શરૂ કરી હતી. ત્યારથી, તે આવા હત્યાકાંડ કરે છે, જેમાં દારૂડિયા હોવાના કારણે તેના સાથીની હત્યા, કથિત વિશ્વાસઘાત માટે બિહારથી આવેલા એક વ્યક્તિની ગાંજા પીવા બદલ હત્યા અને અન્ય ઘણા લોકોનો સમાવેશ થાય છે. કુલ મળીને, ઝા પર અત્યાર સુધીમાં ૧૮ લોકોની હત્યા કરવાનો આરોપ છે.

આઠમા ધોરણ સુધી અભ્યાસ કર્યા પછી, ઝા ૧૯૯૦માં દિલ્હી સ્થળાંતરિત થયો અને વિવિધ આવકવાળી નોકરીઓ કરી. તેણે બે વાર લગ્ન કર્યા હતા અને પાંચ પુત્રીઓનો પિતા હતો. ચંદ્રકાંત ઝાના સનસનાટીભર્યા કિસ્સા પર નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી "બુચર ઓફ દિલ્હી" નામની ઓનલાઈન દસ્તાવેજી ફિલ્મે પણ લોકોનું વ્યાપક ધ્યાન ખેંચ્યું હતું.

# કેરળ કોર્ટે કથિત ભ્રામક જાહેરાતો બદલ રામદેવ વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું

(એજન્સી) તા.૧૯

કેરળની એક કોર્ટે યોગગુરૂ બાબા રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ સામે જામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યું છે. કેરળના ડ્રગ્સ કંટ્રોલ વિભાગે પતંજલિ આયુર્વેદ વિરુદ્ધ તેના હેલ્થકેર ઉત્પાદનો અંગે ગેરમાર્ગે દોરતી જાહેરાતો માટે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

કન્નુરના આંખના ડૉ.કે.વી. બાબુ દ્વારા નવેમ્બર ૨૦૨૩માં પતંજલિ આયુર્વેદ સામે અનેક ફરિયાદો કર્યા બાદ કેરળના ડ્રગ્સ કંટ્રોલ વિભાગે રાજ્યભરમાં તેની કચેરીઓને ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડિઝ (વાંધાજનક જાહેરાતો) અધિનિયમ



(ડીએમઆર એક્ટ) ૧૯૫૪ના ઉલ્લંઘન બદલ પતંજલિ સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવા જણાવ્યું હતું.

જાહેરાતોમાં દાવો કરવામાં આવ્યો હતો કે, પતંજલિ આયુર્વેદના કેટલાક ઉત્પાદનો હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીઝ જેવી બીમારીઓને મટાડી શકે છે. જો કે, ડીએમઆર એક્ટ હેઠળ આવી જાહેરાતો પર પ્રતિબંધ છે. ફરિયાદી બાબુએ ૨૦૨૨માં કેન્દ્ર અને રાજ્યના અનેક અધિકારીઓને ફરિયાદ કરી હતી અને જાન્યુઆરી ૨૦૨૪માં તેમની ફરિયાદો વડાપ્રધાનની ઓફિસમાં પણ મોકલી હતી.

પલક્કડ કોર્ટનું વોરંટ ત્યારે આવ્યું છે જ્યારે સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ગેરમાર્ગે દોરતી જાહેરાતો સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ જશે તો તિરસ્કારની કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.

# સૈફ અલી ખાન પર હુમલાનો કેસ : NCPના જિતેન્દ્ર આવ્હાડેનો નવો વિવાદ : સૈફે પોતાના પુત્રનું નામ તૈમુર રાખ્યું હતું એટલે હિન્દુ ઉગ્રવાદી દળો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો !

**તેમણે મીડિયાને જણાવ્યું કે સૈફ આ દળોના રડાર પર છે કારણ કે તેમણે તેમના પુત્રનું નામ તૈમુર રાખ્યું હતું અને ભૂતકાળમાં સૈફને તેમના પુત્રનું નામ તૈમુર રાખવા બદલ આકરી ટીકાનો સામનો કરવો પડ્યો હતો**

(એજન્સી) મુંબઈ, તા.૧૯

NCP(શરદ પવાર)ના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડે શનિવારે અભિનેતા સૈફ અલી ખાન પર છરી દ્વારા હુમલા પાછળ ઉગ્રવાદી હિન્દુ દળોનો હાથ હોવાનું સૂચવીને નવો વિવાદ ઊભો કર્યો છે. તેમણે મીડિયાને જણાવ્યું કે સૈફ આ દળોના રડાર પર છે કારણ કે તેમણે તેમના પુત્રનું નામ તૈમુર રાખ્યું હતું અને ભૂતકાળમાં સૈફને તેમના પુત્રનું નામ તૈમુર રાખવા બદલ આકરી ટીકાનો સામનો કરવો પડ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે હુમલાખોર સૈફના પેન્ટહાઉસમાં તેને મારવાના ઈરાદાથી ઘુસ્યો હતો.

સ્વીડનમાં રહેતા સોશિયલ મીડિયા પ્રભાવક અશોક સ્વૈને આરોપ લગાવ્યો હતો કે આ હુમલો ઉગ્રવાદી હિન્દુત્વ દળોનું કામ હતું. તેમણે કહ્યું કે હુમલાખોરે ભગવો સ્કાર્ફ પહેર્યો હતો તે નોંધપાત્ર છે. સ્વૈનને તેમની ટિપ્પણી માટે સોશિયલ મીડિયામાં ખૂબ જ ટ્રોલ કરવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રોએ આ દાવાઓને



વખોડી કાઢ્યા હતા. તેમણે કહ્યું હતું કે રાજકીય એજન્ડા ધરાવતા વ્યક્તિઓ દ્વારા છરાબાજીની ઘટનાને સાંપ્રદાયિક વળાંક આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# ચહેરાની ઓળખ, બાઈક નંબર : સૈફ અલી ખાનના હુમલાખોરની ધરપકડ કેવી રીતે થઈ ?

(એજન્સી) તા.૧૯

બોલીવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર થયેલા ખૂની હુમલા અંગે એવું બહાર આવ્યું છે કે, તેમના બાંદ્રાના ઘરમાં લૂંટના પ્રયાસ દરમિયાન તેમને છરી મારીને ઘાયલ કરનાર આરોપીનું નામ શોરીફુલ ઈસ્લામ શહઝાદ છે. ઈન્ડિયા ટુડેએ તેના એક અહેવાલમાં મુંબઈ પોલીસને ટાંકીને કહ્યું છે કે, આરોપી મૂળ બાંગ્લાદેશનો છે.

૧૬ જાન્યુઆરીએ સૈફ અલી ખાન પર હુમલો કરનાર આરોપીને પોલીસે ટેક્નોલોજીની મદદથી ઓળખી કાઢ્યો હતો અને પછી ગઈકાલે તેની ધરપકડ કરી હતી. પોલીસના મતે આરોપીઓ સુધી પહોંચવામાં ટેક્નોલોજી સૌથી મહત્ત્વપૂર્ણ કડી સાબિત થઈ છે.

મળતી માહિતી મુજબ સૈફ અલી ખાન પર થયેલા હુમલા બાદ સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે આરોપી મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદને શોધવા માટે ઘણી ટીમો બનાવી હતી, જે બે દિવસથી વધુ સમયથી તેમની પહોંચથી દૂર હતો પરંતુ શનિવારે તેની



ધરપકડ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન તપાસ ટીમોએ ઘણા સીસીટીવી કેમેરા સ્કેન કર્યા અને જાણવા મળ્યું કે, શહઝાદ ૯ જાન્યુઆરીના રોજ બાંદ્રા રેલવે સ્ટેશન પર બાઈક પરથી ઊતરતો જોવા મળ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, પોલીસ ટીમોએ બાઈકનો રજિસ્ટ્રેશન નંબર નોંધ્યો હતો અને પછી શહઝાદને ટ્રેક કરવા માટે ચહેરાની ઓળખ ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો હતો.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે, આરોપીને દાદર રેલવે સ્ટેશનની બહાર ત્રણ વખત જોવામાં આવ્યો હતો અને તે વરલી કોલીવાડાની પણ મુલાકાત લઈ ચૂક્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે, પોલીસને એ પણ જાણવા મળ્યું છે કે, હુમલાખોર તે વિસ્તારમાં એક મજૂર કોન્ટ્રાક્ટરને મળવા ગયો હતો.

# અમદાવાદના કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટની કાળાબજારી કરતો શખ્સ ૬ ટિકિટ સાથે ઝડપાયો

## ૨૫૦૦ની ટિકિટ ૧૦,૦૦૦માં ને ૪૫૦૦ની ૧૫,૦૦૦માં વેચતો હતો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આગામી ૨૫મી અને ૨૬મી જાન્યુઆરીએ કોલ્ડપ્લે કોન્સર્ટનો શો યોજાશે. આ કોન્સર્ટની ટિકિટનું વેચાણ શરૂ થયા બાદ અમુક સમયમાં જ હજારો ટિકિટ વેચાઇ ગઇ હતી. ત્યારે હવે કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટના કાળા બજારિયા થતું હોવાનું સામે આવ્યું છે. અમદાવાદની ચાંદખેડા પોલીસે ટિકિટના કાળાં બજાર કરતા એક યુવકને છ ટિકિટ સાથે ઝડપી પાડ્યો છે.



ચાંદખેડા પોલીસને બાતમી મળી હતી કે એક યુવક કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટ બ્લેકમાં વેચી રહ્યો છે, જેના આધારે આઈઓસી રોડ ઉપરથી અક્ષય પટેલ નામના આરોપીની ધરપકડ કરી છે. આરોપી પાસેથી કોલ્ડપ્લેના કોન્સર્ટની છ ટિકિટ મળી આવી હતી. ૨૬ જાન્યુઆરીના દિવસની ટિકિટ આરોપી બ્લેકમાં વેચવા માટે આઈઓસી રોડ પર ઊભો હતો. આરોપી પાસેથી ૨,૫૦૦ની ૪ અને ૪૫૦૦ રૂપિયાની બે ટિકિટ મળી આવી હતી. આરોપી ૨૫૦૦ની ટિકિટ ૧૦૦૦૦ અને ૪૫૦૦ રૂપિયાની ટિકિટ ૧૫૦૦૦ રૂપિયામાં વેચવાનો હતો. આરોપીની ધરપકડ કરીને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. bookmyshow પર ત્રણ દિવસ પહેલાં ૬,૫૦૦ની સામાન્ય અને ૨૫,૦૦૦ની પ્રેસિડેન્શિયલ ગેલરીની ટિકિટ મળી રહી છે. આ બંને ટિકિટો હાલ ઓનલાઇન મળી રહી છે. ૨૫ તારીખની બંને ટિકિટ મળતી હતી. જ્યારે ૨૬ જાન્યુઆરીની પ્રેસિડેન્શિયલ ગેલરીની ટિકિટ મોટા ભાગની વેચાઈ ન હોવાથી એ પણ મળતી હતી. અગાઉ જે ટિકિટ સોલ્ડ આઉટ બતાવતી હતી એ જ ટિકિટ ફરીથી વેચવાની શરૂ થઈ હતી. જોકે અગાઉના વિવાદોને કારણે હવે લોકો કોલ્ડપ્લેની ટિકિટ ઓછી ખરીદી રહ્યા હોવાની ચર્ચા છે.

ઉલ્લેખનીય છે કે, કોલ્ડપ્લે કોન્સર્ટ માટે રેલવેએ ૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ અમદાવાદથી મુંબઈ વચ્ચે બે 'વિન્ટર સ્પેશિયલ' ટ્રેન દોડાવવાની જાહેરાત કરી છે. બાંદ્રા સ્ટેશનથી સવારે ૬.૧૫ વાગ્યે ઊપડીને બપોરે ૨ વાગ્યે અમદાવાદ પહોંચશે તેમજ બીજા દિવસે આ ટ્રેન રાત્રે ૧.૪૦ વાગ્યે અમદાવાદથી ઊપડીને સવારે ૮.૪૦ વાગ્યે બાંદ્રા સ્ટેશને પહોંચશે. અમદાવાદથી મુંબઇ વચ્ચે દોડનારી આ સ્પેશિયલ ટ્રેન બાંદ્રાથી ઊપડીને બોરીવલી, વાપી, ઉધના, સુરત, ભરૂચ, વડોદરા અને ગેરતપુર ઊભી રહેશે. કોલ્ડપ્લે કોન્સર્ટ સમયે ફ્લાઈટનાં ભાડાંમાં પણ તોતિંગ વધારો થતાં પશ્ચિમ રેલવેએ બે વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે.

### તાજેતરમાં બેટ દ્વારકા, પીરોટન અને તેની આજુબાજુના ૧૦ જેટલા ટાપુઓ પર દબાણ નામે હજારો મકાનો-ધાર્મિક સ્થળો તોડી પડાયા હતા

# અતિક્રમણના નામે મુસ્લિમોનું નિકંદન કાઢવાની સરકારની અનીતિ સામે આક્રોશ અને પીડિતોનું આક્રંદ

## આશરે ૧૦૦૦ જેટલા મકાનો, ધાર્મિક સ્થળો શહીદ કરી તદન ગરીબ, પછાત અને અશિક્ષિત લોકોને બેઘર કરાયા, એક બાજુ સરકાર ઘરના ઘરનું સપનું દેખાડે છે, બીજી તરફ ઘરના ઘરને તોડી પાડી અમાનવીય કૃત્ય કરી રહી છે, દરિયાઈ પટ્ટી વિસ્તારમાં મુસ્લિમ સિવાયના માછીમાર સમાજની સૈંકડો વસાહતો છે જેને કોઈ સ્પર્શ કરતું નથી, ઈશ્વરના દરબારમાં દેર છે પણ અંધેર નથી : ઈમ્તિયાઝ પઠાણ

બેટ દ્વારકા, તા.૧૯

ગેરકાયદેસર અતિક્રમણના નામે સરકાર દ્વારા બેટ દ્વારકા, પીરોટન અને તેની આજુબાજુના ૧૦ જેટલા ટાપુઓ પર દબાણ હટાવ કામગીરીના નામે છેલ્લા દસ દિવસથી જે કાર્યવાહી કરવામાં આવી રહી છે તે કાળજા કંપાવનારી કાર્યવાહીથી ઓછી નથી. હજારો ગરીબ લોકોને બેઘર કરીને સરકાર કથિત અતિક્રમણ હટાવો અને વિકાસના નામે એક ધર્મ વિશેષના લોકો સામે યુદ્ધ જેવી કાર્યવાહી કરી રહી છે. કમનસીબે તેને અટકાવવા વાળું કોઈ નથી. ૧૦૦૦ જેટલા મકાનો તથા ધાર્મિક સ્થળો તોડી પાડવામાં આવ્યા છે રોજનું રળીને દૈનિક કામદાર તરીકે કામ કરનાર મજૂર વર્ગ આ કાર્યવાહીનો ભોગ બની રહ્યો છે. ઉપર આકાશ અને નીચે ધરતી જેવી સ્થિતિમાં મૂકી ગરીબોના મકાનો તોડી પાડીને સરકાર જાણે કોઈ બહુ મોટી સફળતા પ્રાપ્ત કરી હોય તેવો ઘટનાક્રમ સર્જી રહી છે. સરકારમાં બેઠેલા જાણે કોઈ દુશ્મન દેશ પર કાર્યવાહી કરી રહ્યા હોય તેવું બતાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. ભારતના જ નાગરિકો સામે દુશ્મન દેશ જેવો વ્યવહાર થઈ રહ્યો છે. ૩૦, ૪૦, ૫૦ કે તેથી વધુ વર્ષોથી જે લોકો મકાનમાં રહેતા હતા તે મકાનોને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા છે .એક બાજુ સરકાર





ગેરકાનૂની બાંધકામોને કાયદેસર કરવા ઈમ્પેક્ટ કાયદો લાવીને ગેર કાનૂની બાંધકામોને કાનૂની બતાવવાનો પ્રયાસ કરી રહી છે પરંતુ બેટ દ્વારકા સહિત સમગ્ર દરિયાઈ પટ્ટી વિસ્તારમાં એ કહેવાની જરૂર નથી કે માત્ર લઘુમતિ કોમની વસાહતોને જ તોડી પાડવામાં આવી છે. ત્યારે ઈમ્પેક્ટ કાયદાની જોગવાઈઓ શું કામ લાગુ કરવામાં આવતી નથી ? ભારત દેશના નાગરિકો દેશ માટે ખતરો કેવી રીતે હોઈ શકે? પરંતુ સરકારનું વલણ અને નીતિ લઘુમતીઓને સતત બરબાદ કરવાની છે તેમ કહેવામાં ખોટું નથી. સત્તાધિશો અને અધિકારીઓની એક જ અનિતી રહી છે કે લઘુમતીઓને બને તેટલું નુકસાન પહોંચાડો પછી તે ધાર્મિક સંસ્થા હોય કે રહેણાક મકાનો હોય તેને તોડી પાડવાની એક પ્રકારની નીતિ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ કહેવાતા દબાણો રાતોરાત ઊભા થયા નથી. જે લોકો મકાનમા ૫૦ વર્ષથી રહેતા હતા તેમને અતિક્રમણના નામે રાતોરાત બેઘર કરી દેવામાં આવ્યા છે. એક બાજુ સરકાર ઘરના ઘરનું સપનું દેખાડે છે બીજી તરફ ઘરના ઘરને તોડી પાડે છે આ કાર્યવાહી સંપૂર્ણપણે અમાનવીય અને સરકારી જોરજુલમ ગણી શકાય. જો કે સરકારને કહેવા કે પૂછવા વાળું કોઈ નથી. સંવેદનશીલતાના દાવા કરતી ગુજરાત સરકાર લઘુમતીઓના મકાન તોડી પાડવામાં પોતાની સફળતા સમજે છે ત્યારે સવાલ ઉપસ્થિત થાય છે કે હજારો ગરીબ લોકો જે હવે બેઘર બની ગયા છે તેમના માટે કાનૂની લડત લડવામાં આવે અને વૈકલ્પિક વ્યવસ્થા થાય અને તેમના માટે વૈકલ્પિક જગ્યાઓ ફાળવી ઘર બનાવી દેવામાં આવે તે ખૂબ જરૂરી છે જોકે અમને પૂરો વિશ્વાસ છે કે સરકાર તે દિશામાં કાર્યવાહી કરશે નહીં. કારણકે લઘુમતી સમુદાયને સરકાર દુશ્મન ગણે છે ત્યારે આ મામલે સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કરવો જોઈએ તેવી અમારી માંગણી છે જે લોકો ભોગ બન્યા છે તેઓ તદ્દન ગરીબ, પછાત, અને અશિક્ષિત અને કાયદાકીય લડત લડવાની ક્ષમતા નહીં ધરાવતા લોકો છે. આવા લોકોને બેઘર કરીને સરકાર શું સાબિત કરવા માંગે છે? લઘુમતીને પ્રતાડિત કરીને સરકાર એવો સંદેશ આપી રહી છે કે લઘુમતી-બહુમતી કરીને રાજકારણમાં તેમને સત્તામાં ટકી રહેવાનું એકમાત્ર શસ્ત્ર છે.વર્ષ ૨૦૨૨માં પણ વિધાનસભાનું ઈલેક્શન હતું ત્યારે સરકારે, હર્ષદ, ભોગાત, ગોસાબારા, પોરબંદર, રૂપેણ, દ્વારકા, જામનગર, ગીર સોમનાથ વગેરે સ્થળોએ ડિમોલેશનની કાર્યવાહી કરી હતી ત્યારે જે તે વખતે ચૂંટણીમાં શાસક પક્ષના નેતાઓ એવી શેખી મારતા હતા કે અમે બહુ મોટી કાર્યવાહી કરી છે અને એક નેતા બીજા નેતાને અભિનંદન પાઠવતા પણ થાકતા ન હતા. ગુજરાતને રોલ મોડલ બનાવવા માંગતી સરકાર શું આ પ્રકારની કાર્યવાહીની વાહ વાહીઓ દ્વારા પોતાનો પ્રચાર કરી અને ખૂબ મોટી કાર્યવાહી કરી હોય અને અમને કોઈ પૂછવા વાળું નથી તેમ બતાવી રહી છે. વર્ષ ૨૦૨૨થી શરૂ થયેલી આ બુલડોઝર કાર્યવાહીને ૨૦૨૫માં વધુ વ્યાપક અને વધુ બળ પ્રયોગ સાથે કરવામાં આવી રહી છે દરિયાઈ પટ્ટી વિસ્તારમાં ખાલી મુસ્લિમ ધર્મના જ ધર્મસ્થાનો આવેલા છે ? દરિયાઈ પટ્ટી વિસ્તારમાં હજારોની સંખ્યામાં અન્ય ધાર્મિક સ્થળો પણ આવેલા છે તેને કોઈ હાથ લગાવતું નથી અને તેવી જ રીતે મુસ્લિમ સિવાયના માછીમાર સમાજની પણ સેકડો વસાહતો છે જેને પણ કોઈ સ્પર્શ કરતું નથી. ભોગ બને છે તો માત્ર મુસ્લિમો અને મુસ્લિમોના ધર્મસ્થાનો, મુસ્લિમોના ધંધા, રોજગાર અને મકાનો તોડી સરકાર લઘુમતી સમુદાયનું નિકંદન કાઢવાના મનસુબા રાખે છે પરંતુ સરકારે સમજવાની જરૂર છે કે ગુજરાત અને ભારત દેશમાં ૨૦ કરોડથી વધુ મુસ્લિમો રહે છે. જે આ દેશના કાયદેસરના નાગરિકો છે અને આઝાદીના જંગમાં મુસ્લિમોનું સંપૂર્ણ યોગદાન રહ્યું છે ત્યારે આ આઝાદીનો જંગ એટલા માટે નહોતો લડવામાં આવ્યો કે આઝાદીના ૭૫ વર્ષ બાદ આ દેશની સરકાર તેમનો નાશ કરવા પર આવી જાય અને પોતાના જ વતનમાં નિરાશ્રિતો જેવી હાલતમાં મૂકી દે. આ તકે મુસ્લિમ અગ્રણી ઈમ્તિયાઝ પઠાણએ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે અમારૂં સ્પષ્ટ માનવું છે કે ઈશ્વરના દરબારમાં દેર છે પણ અંધેર નથી....

### સંતુલન જતા પાયલટ સાથે સીધી ખીણમાં પડી હતી

# હિમાચલમાં પેરાગ્લાઈડિંગ કરતા સમયે ગુજરાતી યુવતીનું મોત

### યુવતીની સાથે પાયલટ પણ નીચે પટકાયો હતો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

હિમાચલ પ્રદેશમાં ધર્મશાળા ફરવા ગયેલી ૧૯ વર્ષીય ગુજરાતી યુવતી પેરાગ્લાઈડિંગ કરતી વખતે અકસ્માતનો ભોગ બની હતી. વાસ્તવમાં મહિલા પ્રવાસી અને પેરાગ્લાઈડિંગ પાઈલટ બંને ટેક ઓફ પોઈન્ટ પરથી નીચે પડી ગયા હતા. આ અકસ્માતમાં યુવતી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. મહિલા પ્રવાસીને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલા જ પ્રવાસીનું મોત થઈ ગયું હતું. મળતી માહિતી મુજબ ગુજરાતના અમદાવાદની એક યુવતી ધર્મશાળામાં પ્રવાસે પહોંચી હતી. આ સમય દરમિયાન, ધર્મશાળાના ઈન્દ્રુ નાગમાં પેરાગ્લાઈડિંગ કરતી વખતે, પેરાગ્લાઈડિંગ પાઈલટ સાથે એક મહિલા ટેક ઓફ પોઈન્ટ પરથી પડી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. જોકે, પેરાગ્લાઈડિંગ પાઈલટનો આબાદ બચાવ થયો છે. આ ઘટનામાં પેરાગ્લાઈડિંગ પાઈલટને સામાન્ય ઈજા થઈ છે. તે જ સમયે, ગંભીર રીતે ઘાયલ યુવતીને પ્રવાસીને સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, પરંતુ તે પહેલા જ મહિલાનું રસ્તામાં જ મોત નીપજ્યું હતું. આ ઘટના શનિવારે સાંજે ૫.૪૫ કલાકે બની હતી. જણાવવામાં આવી રહ્યું છે કે મહિલા પ્રવાસી તેના પરિવાર સાથે ધર્મશાળા ફરવા આવી હતી. મૃતક મહિલા પ્રવાસીની ઓળખ અમદાવાદની ભાવસાર ખુશી તરીકે થઈ છે. જેની ઉંમર ૧૯ વર્ષ હોવાનું કહેવાય છે. યુવતી સહજાનંદ એવન્યુ, ટોરેન્ટ પાવર લિમિટેડ નારણપુરા, જિલ્લો અમદાવાદ, ગુજરાતની રહેવાસી હતી. આ દરમિયાન પેરાગ્લાઈડિંગ પાઈલટ મુનીશ કુમાર (૨૯ વર્ષ) અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયા હતા. પાયલોટ ધર્મશાલાનો રહેવાસી હોવાનું કહેવાય છે. પાયલોટને ડો. રાજેન્દ્ર પ્રસાદ મેડિકલ કોલેજ, ટાંડામાં ખસેડવામાં આવ્યો છે.ધર્મશાલા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે. મહિલાનું પોસ્ટમોર્ટમ ધર્મશાળામાં કરવામાં આવી રહ્યું છે. જે બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે.

# પૂર્વમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષની શુભેચ્છા મુલાકાત લીધી



ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડા અમદાવાદની મુલાકાતે આવ્યા છે. આ દરમ્યાન તેઓએ શહેરમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી. ત્યારે ગુજરાતની મુલાકાતે આવેલા ભાજપાના અખિલ ભારતીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્યમંત્રી જે.પી. નડ્ડાની અમદાવાદ એનેક્ષી ખાતે પૂર્વમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

### AMC દ્વારા લેવાયો મોટો નિર્ણય

# હેરિટેજ સિટીમાં ધાર્મિક સ્થળોના વિકાસ માટે ૨૫ કરોડની જોગવાઈ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

શહેરમાં આવેલી ધાર્મિક સંસ્થાઓના વિકાસ માટે અમદાવાદ મહાનગર પાલિકાએ વિશેષ બજેટની જોગવાઈ કરી છે. શહેરમાં આવેલા ટ્રસ્ટ સંચાલિત ધાર્મિક સ્થળોની આસપાસ ડેવલપ કરવા માટે અમદાવાદ મહાનગર પાલિકાએ રૂપિયા ૨૫ કરોડની જોગવાઈ કરી છે. ધાર્મિક સ્થળોની જાળવણી થાય અને પ્રાચીન તેમજ ઐતિહાસિક ધરોહરની જાળવણીના હેતુથી નિર્ણય કરાયો છે.

અમદાવાદ શહેરની ઓળખ એક હેરિટેજ સિટી તરીકે પણ થાય છે. સાથે ઐતિહાસિક વારસો ધરાવતું અમદાવાદ શહેરની અનેક વિશેષતાઓ રહી છે. અંગ્રેજ કાળથી લઈ મોગલ કાળ હોય કે પછી સોલંકી વંશ કાળના ઉતાર-ચઢાવ આ શહેરે જોયા છે. ત્યારે અમદાવાદ મહાનગર પાલિકાએ અમદાવાદ શહેરમાં આવતા તમામ ધાર્મિક સ્થળોમાં પ્રાથમિક સુવિધાના કામો માટે વિશેષ ૨૫ કરોડના બજેટની જોગવાઈ હાથ ધરી છે.

ધાર્મિક સંસ્થાન પ્રાચીન હોય અને ઐતિહાસિક ધરોહર પ્રકારનું હોય તે ધાર્મિક સંસ્થા માટે પ્રાથમિક સુવિધાના કામો માટે AMC તરફથી રૂપિયા પાંચ લાખ ખર્ચ કરવાની સત્તા ઝોન દીઠ ડેપ્યુટી કમિશનરને અપાઈ છે. તથા પાંચ લાખથી વધુ મહત્તમ રૂપિયા ૧૦ લાખ સુધીના કામો અંતર્ગત રકમની ફાળવણી માટે સંબંધિત ઝોન મારફતે સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી લેવી પડશે. આ ફાળવેલ રકમનો ઉપયોગ સંસ્થામાં એપ્રોચ રોડ, પથ્થર પેવિંગ, પાણી, લાઈટ, ગટર જેવી પાયાની સુવિધાઓ કેપિટલ પ્રકારના કામે તેમજ સંસ્થામાં વોટર કુલર તથા સોલાર પેનલ ઈન્સ્ટોલ કરવાના કામો માટે રહેશે. વધુમાં સદર ફાળવેલ રકમનો ઉપયોગ રેવન્યુ પ્રકારના ખર્ચ જેવા કે લાઈટ બિલ, રિપેરિંગ જેવા કામો માટે કરી શકાશે નહીં. ધાર્મિક સંસ્થાઓએ છસ્ઝ સહાય માટે કોર્પોરેશન દ્વારા નક્કી કરવામાં આવેલ કામ માટેનો વિગતવાર ઠરાવ જે તે ધાર્મિક સંસ્થાઓએ કરી તે ઠરાવની નકલ AMCને રજૂ કરવાની રહેશે.

# ગુજરાત યુનિ.ના બહુચર્ચિત આર્થિક ગોટાળા મામલે પ્રોફેસરની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

ગુજરાત યુનિવર્સિટીના એનિમેશન ડિપાર્ટમેન્ટમાં બહુચર્ચિત આર્થિક ગોટાળા મામલે અંતે યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે ૪.૦૯ કરોડની ઉચાપતની ફરિયાદ મામલે આરોપી પ્રોફેસરની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. તેમ છતાં ૧૬ કરોડની રકમના ખર્ચના પુરાવા મળ્યા નથી, જે સૌથી ગંભીર બાબત છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પ્રોફેસર કમલજીત લખતરિયા સામે ગુજરાત યુનિવર્સિટીના ૪.૦૯ કરોડ રૂપિયાની ઉચાપત કર્યા હોવાની ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદના આધારે પ્રોફેસરની ધરપકડ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩માં કાર્યકારી ચીફ એકાઉન્ટન્ટ કનૈયા ઠાકરે તપાસ કરી, ત્યારે એનિમેશન વિભાગના વ્યવહારોમાં ગેરરીતિ થઈ હોવાની જાણ થઈ હતી. આ અંગે યુનિવર્સિટી દ્વારા નાણાકીય વ્યવહારની તપાસ માટે સીએની નિમણૂક કરી હતી. આ દરમિયાન કમલજીત લખતરિયાને નાણાકીય ગેરરીતી બદલ ફરજ મોકુફ પણ કરવામાં આવ્યા હતા.

સાથે જ નિવૃત્ત ડિસ્ટ્રીક્ટ જજની અધ્યક્ષતામાં ઈક્વાયરી કરવામાં આવી હતી. જે ઈક્વાયરી દરમિયાન કમલજીત લખતરિયાએ પોતાના અંગત વપરાશ માટે પોતાના ખાતામાં, સંબંધીઓના ખાતામાં તથા વેપારીઓના ખાતામાં જેના આધાર પુરાવા નથી તથા નોલેજ પાર્ટનરના ખાતામાં જરૂર કરતાં વધુ એમ કુલ ૪.૦૯ કરોડ રૂપિયાની રકમ ટ્રાન્સફર કરી હતી. આ ઉપરાંત ૧૬.૬૪ કરોડ રૂપિયાની રકમના ખર્ચ કર્યા છે. જે બાબતે કોઈ પરવાનગી કે આધાર પુરાવા મળ્યા ન હતા. જેથી તેમના વિરોધમાં ફરિયાદ નોંધી કાર્યવાહી કરવામાં આવી છે.

# અમવા દ્વારા જાગૃતિ શિબિર યોજાઈ



અમદાવાદ, તા.૧૯

અમવા દ્વારા પાયોરિયા અને દાંતનો સડો અંગે જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૮/૧/૨૫ના રોજ અમવા આયોજિત ફૂડ ટ્રેનિંગ પ્રોગ્રામ અને જાગૃતિ શિબિરમાં નિષ્ણાત વક્તા ડૉ શબાન ખાને (પિરિયોડોન્ટિસ્ટ અને ઈમ્પ્લાન્ટોલોજિસ્ટ) અને કર્ણાવતી સ્કૂલ ઓફ ડેન્ટીસ્ટ્રીના આસિસ્ટન્ટ પ્રોફેસર)એ પાયોરિયા : લક્ષણો, જાગૃતી અને સાવચેતી અંગે છણાવટ કરી હતી. અન્ય નિષ્ણાત મહેમાન ડૉ.ઉરૂજ દેસાઈ ખાને (એન્ડોડોન્ટિસ્ટ અને એસ્થેટિક ડેન્ટિસ્ટ અને કર્ણાવતી સ્કૂલ ઓફ ડેન્ટીસ્ટ્રીના આસિસ્ટન્ટ પ્રોફેસર)એ 'દાંતનો સડો : કારણો અને ઉપાયો' અંગે સરળ ભાષામાં ઉપયોગી ઉદબોધન કર્યુ હતું. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી કૌશલ્ય યોજના અંતર્ગત શેરીઓમાં ખોરાકી ચીજવસ્તુઓ વેચનારાઓ માટેના તાલીમ વર્ગની ફેકલ્ટી મીનુ કુમારજી (Assessor , Haryana), ડો.રજની સિંઘ રાજવાત (Research Officer, Jaipur, Rajasthan), ડો.નેહા અવસ્થી (Add. State Programme Officer, SIHFW, Jaipur) અને I.T ટ્રેનર વિશાલ ચૌધરીએ સુંદર માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. ધી મહેર ક્રેડિટ એન્ડ સપ્લાય કો-ઓપરેટીવ સો.લિમિટેડના પ્રમુખ મોહમ્મદ શરીફ દેસાઈએ સૌને આવકાર પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે મહેમાનોનું શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. અમવાનાં પ્રમુખ ડોક્ટર પ્રોફેસર મહેરૂન્નિસા દેસાઈએ જણાવ્યું હતું કે મઝહબી માર્ગદર્શન મુજબ વિદ્વાનોની શાહીની કિંમત શહીદોના લોહી થી પણ વધુ છે, આ કાર્યક્રમ માં આપણને વિદ્વાનો દ્વારા માર્ગદર્શન મળી રહેલ છે, જે ખૂબ કિંમતી છે. અમવાની ટીમના ઝાકેરાબેન કાદરી, રિઝવાના કુરેશી, માહેનુર સૈયદ, જુબેદા ચોપડા, સુહાના વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ મહેનત કરી હતી. મોટી સંખ્યામાં બહેનોએ હાજર રહી કાર્યક્રમને જવલંત સફળતા અપાવી હતી.

### એકનો આબાદ બચાવ થયો

# કારચાલકે સાંકડા રસ્તામાં અચાનક કારનો દરવાજો ખોલતા બાઈકચાલક રોડ પર પટકાયો

## પાછળથી આવતી ટ્રક બાઈકચાલક પર ફરી વળતાં મોત

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

શનિવારે (૧૮ જાન્યુઆરી, ૨૦૨૫) અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં અકસ્માત સર્જાયો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું છે. નરોડામાં કારચાલકે કારને નો-પાર્કિંગમાં સાંકડા રોડ પર ઊભી રાખી હતી, આ દરમિયાન કારચાલકે કારનો દરવાજો ખોલ્યો હતો. જેના કારણે પાછળથી આવી રહેલી બાઈક પરના બે લોકો નીચે પટકાયા હતા. એજ સમયે પાછળથી આવી રહેલી ટ્રક બાઈક ચાલક પર ફરી વળી હતી. જેમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે એકને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. અમદાવાદના કૃષ્ણનગરમાં રહેતા પ્રવીણ હિંગુ અને તેમના ભાઈ રાકેશ હિંગુને અકસ્માત નડ્યો હતો. તેઓ બાઈક લઈને નરોડા બેઠકથી ગેલેક્સી તરફ જતા રોડ પર જઈ રહ્યાં હતા. આ દરમિયાન સર્વિસ રોડ પર નો-પાર્કિંગમાં ઉભેલી અર્ટિગા કારના ડ્રાઈવરે અચાનક દરવાજો ખોલ્યો હતો. જેના કારણે બાઈક ચાલક પ્રવીણ હિંગ અને પાછળ બેઠેલા રાકેશ હિંગુ નીચે પટકાયા હતા. ત્યારે પાછળથી આવેલી આઈસર ટ્રક તેના પર ફરી વળી હતી.

બાઈક ચાલક પ્રવીણ હિંગુને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં તેમને ડૉક્ટરોએ મૃત જાહેર કર્યા હતા. જ્યારે રાકેશ હિંગુના જમણા પગના ભાગે અને શરીર પર ઈજા પહોંચી છે. તેમની સારવાર ચાલી રહી છે. સમગ્ર ઘટનાને લઈને જી-ડિવિઝન ટ્રાફિક પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

# સ્કૂલ એક્રેડિટેશનમાં હવે ૨૫મી સુધી મૂલ્યાંકન કામગીરી કરવામાં આવશે

## ટેક્નિકલ કારણોસર કામગીરી પૂર્ણ થઈ શકી ન હોવાથી મુદતમાં વધારાની ફરજ પડી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

રાજ્યની શાળાઓમાં સ્કૂલ એક્રેડિટેશનની પ્રક્રિયામાં સ્વ મુલ્યાંકન અને વર્ગખંડ અવલોકન આધારિત મુલ્યાંકનની કામગીરી માટે ૧૮ જાન્યુઆરી સુધીનો સમય આપવામાં આવ્યો હતો. પરંતુ મુલ્યાંકનના નવા સ્વરૂપ અને ટેક્નિકલ કારણોસર અમુક પ્રાથમિક શાળાઓમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયાના પ્રથમ બે સોપાનની કામગીરી નિયત સમયમર્યાદામાં પુર્ણ થઈ શકી નથી. જેથી હવે સ્વ-મુલ્યાંકન અને વર્ગખંડ અવલોકન આધારિત મુલ્યાંકનની કામગીરી માટેની મુદ્દત ૨૫ જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની શાળાઓમાં ગુણોત્સવ ૨.૦ સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયાના ચાર સોપાનો પૈકી પ્રથમ બે સોપાન સ્વ-મૂલ્યાંકન અને વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકનની કામગીરી માટે ૩૦ ડિસેમ્બરથી ૧૮ જાન્યુઆરી સુધીનો સમયગાળો જાહેર કરવામાં આવ્યો હતો. આ શૈક્ષણિક વર્ષમાં પ્રથમવાર ચાર સોપાનોમાં સ્કૂલ એક્રેડિટેશનની પ્રક્રિયા હાથ ધરાતી હોવાથી પ્રક્રિયાના આ નવા સ્વરૂપ અને અમૂક ટેક્નિકલ કારણોસર રાજ્યની અમૂક પ્રાથમિક શાળાઓમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયાના પ્રથમ બે સોપાનની કામગીરી નિયત કરેલા સમયગાળામાં પૂર્ણ થઈ શકી નથી. જેના કારણે સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયાના પ્રથમ બે સોપાન સ્વ-મૂલ્યાંકન અને વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકનની કામગીરીની મુદતમાં ૨૫ જાન્યુઆરી સુધીનો વધારો કરવામાં આવ્યો છે. અગાઉ ગુણોત્સવ ૨.૦ સર્વે ચેટબોટમાં પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકો અને સી.આર.સી કો-ઓડીનેટર્સોને પડતી લોગીન સમસ્યાઓના નિવારણ માટે હવેથી નવા સોપાનો અનુસરવાના માટે સુચના અપાઈ છે. જેમાં નવા સોપાનો અનુસાર ચેટબોર્ટમાં કાર્ય થઈ શકશે. અગાઉની જેમ ચેટબોટમાં દાખલ થતાં માહિતી આપનારનો હોદ્દો પૂછવામાં આવશે. જેમાં 'આચાર્ય' અને 'સી.આર.સી. કો-ઓર્ડિનેટર' એમ બે વિકલ્પ જોવા મળશે. શાળાના આચાર્યએ 'આચાર્ય' વિકલ્પ અને સી.આર.સી. કો-ઓર્ડિનેટરે 'સી.આર.સી. કો-ઓર્ડિનેટર' વિકલ્પ પસંદ કરવાનો રહેશે. 'આચાર્ય' વિકલ્પ પસંદ કરતા તેઓને ટીચર કોડ પૂછવામાં આવશે. જેમાં આચાર્યનો ટીચર કોડ દાખલ કરવાનો રહેશે. જો દાખલ કરેલો ટીચર કોડ રાજ્યમાં ઉપલબ્ધ ટીચર ડેટામાં આપેલ કોડ સાથે મેચ થશે તો શાળા સ્વ-મૂલ્યાંકનની કામગીરી કરી શકશે. સી.આર.સી. કો-ઓડિનેટર' વિકલ્પ પસંદ કરતા તેઓને ક્લસ્ટર કોડ પૂછવામાં આવશે. સાચો ક્લસ્ટર કોડ નાખતા તેમને તેમને ક્લસ્ટરની તમામ શાળાઓ દેખાશે. તેમાંથી તેમણે મૂલ્યાંકન માટેની શાળા પસંદ કરવાની રહેશે.

# ગેંગરેપના આરોપ મુદ્દે અનિલ વિજે હરિયાણા ભાજપ પ્રમુખને રાજીનામું આપવા વિનંતી કરતા કહ્યું કે, તપાસમાં તેમની નિર્દોષતા સાબિત થશે

## હરિયાણા ભાજપ પ્રમુખ બડોલી પર હરિયાણવી ગાયક રોકી મિત્તલ સાથે ૨૦૨૩માં હિમાચલના કસૌલીની એક હોટલમાં દિલ્હીની એક મહિલા પર બળાત્કાર કરવાના આરોપ છે

(એજન્સી) ગુરૂગ્રામ, તા.૧૯

હરિયાણા ઊર્જા અને પરિવહન મંત્રી અનિલ વિજે ભાજપના પ્રદેશ પ્રમુખ મોહન લાલ બડોલીને બળાત્કારના આરોપોમાંથી મુક્ત ન થાય ત્યાં સુધી રાજીનામું આપવા વિનંતી કરીને રાજકીય વિવાદ ઊભો કર્યો છે, હાલમાં હિમાચલ પ્રદેશ પોલીસ દ્વારા તેની તપાસ ચાલી રહી છે. શનિવારે, વિજે તેમના ગૃહ મતવિસ્તાર, અંબાલા કેન્ટોનમેન્ટ ખાતે એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, જ્યાં સુધી હિમાચલ પ્રદેશ પોલીસ તેમને આરોપોમાંથી મુક્ત ન કરે અથવા તપાસ પૂર્ણ ન કરે, ત્યાં સુધી તેમણે પક્ષની પવિત્રતા જાળવી રાખવા માટે તેમના પદ પરથી રાજીનામું આપવું જોઈએ.

૨૦૨૩માં હિમાચલ પ્રદેશના કસૌલીમાં એક હોટલમાં દિલ્હીની એક મહિલા પર બડોલી અને હરિયાણવી ગાયક રોકી મિત્તલ પર બડોલી વિરુદ્ધના આરોપોને ખૂબ જ ગંભીર ગણાવ્યા બાદ વિજે ભાજપના પ્રદેશ પ્રમુખના રાજીનામાની માંગ કરી હતી. વિજે વિશ્વાસ વ્યક્ત કર્યો કે પોલીસ તપાસ બડોલીની નિર્દોષતા સાબિત કરશે. તેમણે ઉમેર્યું કે બડોલીએ નિર્દોષતાનો દાવો કર્યો છે, એક સાક્ષીએ પણ નિર્દોષતા જાહેર કરી છે.

તેમના આ નિવેદનો સમગ્ર હરિયાણામાં વિરોધ પ્રદર્શનો વચ્ચે કરવામાં આવ્યા છે, જેમાં વિપક્ષી પક્ષો અને સામાજિક સંગઠનોએ હાઈ-પ્રોફાઈલ કેસમાં ઝડપી કાર્યવાહીની માંગ કરી હતી. શનિવારે, ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક વિમેન્સ એસોસિએશન (AIDWA) અને અન્ય સામાજિક સંગઠનોએ રોહતકના માનસરોવર પાર્ક ખાતે પ્રદર્શન કર્યું હતું. કાર્યકરોએ ગુસ્સો વ્યક્ત કર્યો હતો કે પોલીસે બડોલી અને મિત્તલ સામે ગેંગરેપના આરોપો હેઠળ FIR દાખલ કરવા છતાં હજુ સુધી તેમની ધરપકડ કરી નથી.

AIDWAના ઉપપ્રમુખ જગમતી સાંગવાને જણાવ્યું હતું કે આ ઘટના અને આરોપીઓની ધરપકડ કરવામાં પોલીસની નિષ્ફળતા પર લોકોમાં વ્યાપક આક્રોશ છે, જેના કારણે તેમને સાક્ષીઓને પ્રભાવિત કરવાની તક મળી રહી છે. ભિવાનીના




ઠાકુર બીર સિંહ પાર્કમાં પણ આવું જ વિરોધ પ્રદર્શન યોજાયુ હતું. માનસરોવર પાર્કના પ્રદર્શનકારીઓએ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ અથવા હિમાચલ હાઈકોર્ટના વર્તમાન ન્યાયાધીશ દ્વારા તપાસની માંગ કરી હતી.

આ વિવાદને કારણે ભાજપની આંતરિક ચૂંટણી પ્રક્રિયામાં આગળની કાર્યવાહીમાં વિલંબ થયો છે. મંડલ સ્તરના પ્રમુખની ચૂંટણી બાદ ગુડગાંવમાં રવિવારે યોજાનારી બેઠક રદ કરવામાં આવી હતી. જો કે, પાર્ટીના એક નેતાએ જણાવ્યું હતું કે મુલતવી રાખવાનું અન્ય કારણ હતું, જેમાં ટૂંક સમયમાં નવી તારીખની જાહેરાતની ખાતરી આપવામાં આવી હતી.

હિમાચલ પોલીસે ગયા વર્ષે ૧૩ ડિસેમ્બરે ગેંગરેપનો કેસ નોંધ્યો હતો. આ વર્ષે ૧૪ જાન્યુઆરીએ એફઆઈઆરની નકલ સામે આવી હતી. આ વર્ષે ૧૬ જાન્યુઆરીએ, ફરિયાદીની એક મિત્ર મીડિયા સમક્ષ હાજર થઈ, અને ગેંગરેપનો ઈનકાર કરતા કહ્યું કે તે ક્યારેય બડોલીને મળી ન હતી. તેણીએ કહ્યું કે તે ફક્ત રોકી મિત્તલને હોટલમાં મળી હતી.

એફઆઈઆર મુજબ, ફરિયાદીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે તે એક મિત્ર સાથે રહેતી હતી અને સોનીપતના નેતાજી સુભાષ પ્લેસમાં ઉદ્યોગપતિ અમિતની ઓફિસમાં બે વર્ષ સુધી કામ કરતી હતી. ૩ જુલાઈ ૨૦૨૩ના રોજ, તેણી તેના મિત્ર અને અમિત સાથે સોલન જિલ્લાના કસૌલીની મુલાકાતે ગઈ. તેઓ સાંજે ૫ વાગ્યાની આસપાસ હોટેલ HPTDC રોઝ કોમનમાં હતા. સાંજે ૭ વાગ્યે, આ વિસ્તારની શોધખોળ કરતી વખતે, તેઓ બે પુરૂષોને મળ્યા જેઓ હોટેલમાં રોકાયા હતા. પુરૂષોએ પોતાનો પરિચય મોહન લાલ બારોલી, એક રાજકારણી અને રોકી મિત્તલ ઉર્ફે જયભગવાન, એક ગાયક તરીકે આપ્યો. વાતચીત શરૂ થઈ, જેના કારણે પુરૂષોએ મહિલાઓને તેમના રૂમમાં આમંત્રણ આપ્યું હતું.

જયભગવાને તેણીને તેના આલ્બમમાં ભૂમિકા આપવાનું વચન આપ્યું, જ્યારે બારોલીએ તેણીને સરકારી નોકરીનું વચન આપ્યું. તેઓએ દારૂ ઓફર કર્યો, જેનો ફરિયાદી અને તેના મિત્રએ ઈન્કાર કર્યો. તેમના ઈન્કાર છતાં, પુરૂષોએ તેમને દારૂ પીવા માટે દબાણ કર્યું. ફરિયાદીએ આરોપ લગાવ્યો કે દારૂ પીધા પછી, પુરૂષોએ તેણીની છેડતી કરી, અને જ્યારે તેણીએ પ્રતિકાર કર્યો, ત્યારે તેઓએ તેણીની મિત્રને ચૂપ રહેવાની ધમકી આપી.

ફરિયાદીએ દાવો કર્યો કે જો તેણી તેમની આજ્ઞાનું પાલન ન કરે તો પુરૂષોએ તેણીને ગંભીર પરિણામોની ધમકી આપી. ત્યારબાદ, બંને પુરૂષોએ તેના પર વારાફરતી હુમલો કર્યો, તેણીને વધુ ડરાવવા માટે અશ્લીલ ફોટા અને વીડિયો બનાવ્યા. તેમણે તેણીને ઘટનાની જાણ ન કરવા ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે તેઓ તેણીને ગાયબ કરી શકે છે. બડોલી અને મિત્તલ બંનેએ તેમના પરના આ આરોપોને નકારી કાઢ્યા છે.

# આંદોલનકારી ખેડૂતો સાથે ૧૪ ફેબ્રુઆરીના રોજ ચંદીગઢમાં બેઠક કરવાની કેન્દ્રની ઓફર

## કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી પ્રિયા રંજને આમરણાંત ઉપવાસ કરી રહેલા કિસાન નેતા જગજીતસિંહ ડલ્લેવાલને વાટાઘાટો માટે આમંત્રણ આપ્યું

(એજન્સી) પટિયાલા, તા.૧૯

પોતાની વિવિધ માગણીઓ માટે આંદોલન ચલાવી રહેલા કિસાનોને કેન્દ્ર સરકારે વાટાઘાટો માટે આમંત્રણ આપ્યું છે. ચંદીગઢ ખાતે તારીખ ૧૪ ફેબ્રુઆરીના રોજ વાટાઘાટો અને બેઠક કરવા માટે કેન્દ્ર સરકારે આમંત્રણ આપ્યું હોવાનું કેન્દ્ર સરકારના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું. કેન્દ્રના કૃષિ અને કિસાન કલ્યાણ વિભાગના જોઈન્ટ સેક્રેટરી પ્રિયા રંજનની આગેવાનીમાં કેન્દ્ર સરકારના અધિકારીઓનું એક ડેલિગેશન આજે પંજાબ અને હરિયાણા વચ્ચેની ખંડોરી બોર્ડર પર ૫૪ દિવસથી આમરણાંત ઉપવાસ કરી રહેલા કિસાન નેતા જગજીતસિંહ ડલ્લેવાલને મળ્યું હતું અને વાટાઘાટો માટેનું કેન્દ્રનું આમંત્રણ એમને પાઠવ્યું હતું. આ બેઠક ચંદીગઢમાં મહાત્મા ગાંધી સ્ટેટ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન ખાતે યોજવાનું કેન્દ્ર સરકાર દ્વારા સૂચવાયું છે. પ્રિયા રંજને જણાવ્યું હતું કે કિસાન નેતા ડલ્લેવાલ હવે ઉપવાસનો અંત લાવશે અને વાટાઘાટોમાં ભાગ લેશે એવી મને આશા છે.



કિસાન નેતા ખેડૂતોની માગણીઓના ટેકામાં ૨૬ નવેમ્બરથી આમરણાંત ઉપવાસ કરી રહ્યા છે. કેન્દ્રનું આમંત્રણ મળ્યા બાદ કિસાન નેતાઓએ એમના નેતા ડલ્લેવાલને મંત્રણામાં ભાગ લઈ શકે એ માટે હવે તબીબી સહાય લઈ લેવાની અપીલ કરી છે.

# પશ્ચિમ બંગાળ : ઉત્તર દીનાજપુરમાં પોલીસ કસ્ટડીમાંથી નાસી ગયેલા કાચા કામના અપરાધીને પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર મરાયો

## જિલ્લાના ગોલપોખર વિસ્તારના કિચકતાલા ખાતે આરોપી સજ્જાક આલમે પોલીસ પર ગોળીબાર કર્યો હતો અને સ્વરક્ષણમાં પોલીસે વળતો ગોળીબાર કરતા આલમનું મૃત્યુ થયું હતું, સ્થાનિક મેડિકલ કોલેજના ડોક્ટર મોહમ્મદ આમીર લોધાને જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં લાવ્યા બાદ સજ્જાક આલમનું ઈજાઓને કારણે મૃત્યુ થયું હતું

(એજન્સી) કોલકાતા, તા.૧૯

બંગાળના ઉત્તર દીનાજપુર જિલ્લામાં પોલીસ કસ્ટડીમાંથી નાસી ગયેલા કાચા કામના એક આરોપીનું પોલીસ એન્કાઉન્ટરમાં મૃત્યુ થયું હતું. પોલીસે એવો દાવો કર્યો હતો કે આરોપી બાંગ્લાદેશ નાસી જવાની તૈયારીમાં હતો. જિલ્લાના ગોલપોખર વિસ્તારના કિચકતાલા ખાતે આરોપીએ પોલીસ પર ગોળીબાર કર્યો હતો તેમ કહેવાય છે અને પોલીસે બચાવમાં વળતો ગોળીબાર કરતા મોહમ્મદ હાલ સજ્જાક આલમને ગંભીર ઈજાઓ થઈ હતી. સ્થાનિક મેડિકલ કોલેજના ડોક્ટર



મોહમ્મદ આમિર લોધાને જણાવ્યું હતું કે આરોપીને હોસ્પિટલ લાવવામાં આવ્યો ત્યારે ઈજાઓને કારણે તેનું મૃત્યુ થયું હતું.

ડોક્ટરે ગયો હતો કે આલમને ત્રણ ગોળીઓ વાગી હતી. એડીજી જાવેદ સમીમે જણાવ્યું હતું કે આરોપીએ વાપરેલું હથિયાર પણ કબજે લેવામાં આવ્યું છે. આરોપીએ આ હથિયારમાંથી જ પોલીસ પર ગોળીબાર કર્યો હતો કે કેમ તેની ચકાસણી થઈ રહી છે. આલમની સાથે બીજો એક આરોપી હતો એ નાસી ગયો હતો અને તેને પકડવાની કોશિશ ચાલુ છે. મોહમ્મદ આલમ ૨૦૧૯માં થયેલા હત્યાના એક કેસમાં મુખ્ય આરોપી હતો અને બાદમાં પોલીસ કસ્ટડીમાંથી નાસી ગયો હતો.

# સૈફ અલી ખાન પર હુમલાનો મામલો : આરોપીના વકીલનો દાવો, 'પોલીસ પાસે બાંગ્લાદેશી હોવાનો કોઈ પુરાવો નથી'

(એજન્સી) તા.૧૯

મુંબઈ પોલીસે અભિનેતા સૈફ અલી ખાન પર તેના ઘરે હુમલો કરનાર ૩૦ વર્ષીય બાંગ્લાદેશી શંકાસ્પદ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહઝાદની ધરપકડ કરી છે. પોલીસે રવિવારે બપોરે શહેઝાદને બાંદ્રા કોર્ટમાં રજૂ કર્યો. જ્યાંથી તેને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. બીજી તરફ, આરોપીના વકીલનો દાવો છે કે મોહમ્મદ શહજાદ બાંગ્લાદેશી નાગરિક નથી અને તે ઘણા વર્ષોથી મુંબઈમાં રહે છે. પોલીસે આ મામલાની યોગ્ય તપાસ કરી નથી. સૈફ અલી ખાન હુમલા કેસના મુખ્ય આરોપી મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહઝાદને મુંબઈની બાંદ્રા હોલિડે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ૫ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. આરોપી શહેઝાદને બાંદ્રા પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો છે. મુંબઈ પોલીસે આ કેસની તપાસ માટે લગભગ ૩૫ ટીમો બનાવી હતી. આરોપી મોહમ્મદ શહજાદના વકીલ સંદીપ શેખાણેએ જણાવ્યું હતું કે,





"૫ દિવસની પોલીસ કસ્ટડી મંજૂર કરવામાં આવી છે. કોર્ટે પોલીસને ૫ દિવસમાં રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું છે. પોલીસ પાસે તે બાંગ્લાદેશી હોવાના કોઈ પુરાવા નથી. તેમણે કહ્યું કે તેઓ ૬ મહિના પહેલા અહીં આવ્યા હતા, આ ખોટું નિવેદન છે. તે ૭ વર્ષથી વધુ સમયથી અહીં રહે છે. તેમનો પરિવાર મુંબઈમાં છે... કોઈ યોગ્ય તપાસ થઈ નથી..." અહેવાલો અનુસાર, આરોપી મોહમ્મદ શહેઝાદે પોલીસને જણાવ્યું કે તેને ખબર નહોતી કે તે સૈફ અલી ખાનના ઘરમાં ઘુસી ગયો છે. તે ચોરીના ઈરાદે ત્યાં ગયો હતો અને જ્યાં પણ તેને સલામત રસ્તો મળતો, ત્યાંથી તે આગળ વધતો. આ રીતે તે અભિનેતાના ઘરે પહોંચ્યો. પોલીસને પ્રાથમિક તપાસમાં એ પણ જાણવા મળ્યું કે હુમલાખોરનો ઈરાદો ચોરી કરવાનો હતો પરંતુ તેને ખબર નહોતી કે તે બોલિવૂડ અભિનેતા સૈફનું ઘર છે.

# ટ્રમ્પની તેમના રાષ્ટ્રપતિ પદના પહેલા દિવસે આ ૧૦ મુખ્ય એક્ઝિક્યુટિવ ઓર્ડર્સ અમલમાં મૂકવાની યોજના

## તેમના પ્રથમ કાર્યકાળના પહેલા દિવસે રાષ્ટ્રપતિ-ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ફક્ત એક જ એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા, જે ઓબામાકેરને લક્ષ્ય બનાવે છે, પરંતુ આ વખતે, તેમણે ઘણા બધા આદેશોનું વચન આપ્યું છે, અહીં તેમાંથી કેટલાક છે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯

તેમના પ્રથમ કાર્યકાળના પહેલા દિવસે રાષ્ટ્રપતિ-ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ફક્ત એક જ એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા, જે ઓબામાકેરને લક્ષ્ય બનાવે છે. પરંતુ આ વખતે, તેમણે ઘણા બધા આદેશોનું વચન આપ્યું છે. અહીં તેમાંથી કેટલાક છે.

**સામૂહિક દેશનિકાલ કાર્યક્રમ :** ટ્રમ્પની ઈમિગ્રેશન યોજનાઓ તેમના પ્રથમ દિવસના એજન્ડાનો મુખ્ય પાસું છે. તેમણે બિનદસ્તાવેજીકૃત સ્થળાંતરકારોને લક્ષ્ય બનાવીને સામૂહિક દેશનિકાલ કાર્યક્રમ શરૂ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. ટ્રમ્પે ન્યૂ યોર્ક સિટીમાં એક રેલી દરમિયાન કહ્યું હતું કે,"પહેલા દિવસે, હું ગુનેગારોને બહાર કાઢવા માટે અમેરિકન ઈતિહાસનો સૌથી મોટો દેશનિકાલ કાર્યક્રમ શરૂ કરીશ." આ વચને ઈમિગ્રેશન હિમાયતીઓમાં ચિંતા ઊભી કરી છે, જેઓ દલીલ કરે છે કે આવો કાર્યક્રમ લોજિસ્ટિકલી પડકારજનક અને સંભવિત રીતે નુકસાનકારક હશે.

**જન્મજાત નાગરિકતાનો અંત લાવો :** ટ્રમ્પે ૧૪મા સુધારા હેઠળ યુનાઈટેડ સ્ટેટ્સમાં જન્મેલા કોઈપણ વ્યક્તિને આપવામાં આવેલ જન્મજાત નાગરિકતાનો અંત લાવવાનું પણ વચન આપ્યું છે. આ પગલાથી નોંધપાત્ર કાનૂની અને લોજિસ્ટિકલ પડકારોનો સામનો કરવો પડી શકે છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ પહેલા દિવસે જન્મજાત નાગરિકતાનો અંત લાવવાની યોજના ધરાવે છે, ત્યારે ટ્રમ્પે જવાબ આપ્યો, "ચોક્કસ." વધુમાં, ટ્રમ્પે બિડેન વહીવટીતંત્રની દરેક ખુલ્લી સરહદ નીતિને સમાપ્ત કરવાનું વચન આપ્યું છે, ત્યારે તેમણે એમ પણ કહ્યું છે કે તેઓ "ટાઈટલ ૪૨"નો ઉપયોગ કરશે, જે જાહેર આરોગ્ય કાયદો છે જે સ્થળાંતર કરનારાઓને ઝડપી દેશનિકાલ કરવાની મંજૂરી આપે છે.

**કેપિટોલ હિલ રમખાણકારોને માફી :** માફીના મુદ્દા પર ટ્રમ્પે ૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ યુએસ કેપિટોલ પરના હુમલામાં તેમની ભૂમિકા માટે દોષિત ઠેરવવામાં આવેલા આરોપીઓને માફ કરવાનું વચન આપ્યું છે. માફી માટે તેમની સમયરેખા વિશે પૂછવામાં આવતા ટ્રમ્પે કહ્યું, "હું પહેલા દિવસથી જોઈ રહ્યો છું." તેમણે એમ પણ કહ્યું છે કે તેઓ હિંસક ગુનાઓના આરોપી આરોપીઓને માફ કરવાનું વિચારશે, એમ કહીને, "અમે તેના પર નજર રાખી રહ્યા છીએ." આ પગલાથી વિવાદ થયો છે, ઘણા લોકો દલીલ કરે છે કે ૬ જાન્યુઆરીના હુમલામાં સામેલ લોકોને માફ કરવાથી કાયદાના શાસનને નુકસાન થશે. વધુમાં, તેમણે ટાઈમ મેગેઝિનને કહ્યું, "હું શરૂઆતમાં ત્નદ પર નજર રાખીશ, કદાચ પહેલી નવ મિનિટ."

**રશિયા-યુક્રેન યુદ્ધનો અંત :** વિદેશ નીતિની દ્રષ્ટિએ, ટ્રમ્પે બોલ્ડ દાવો કર્યો છે કે તેઓ પદ સંભાળ્યાના ૨૪ કલાકની અંદર અથવા તે પહેલાં પણ યુક્રેનમાં યુદ્ધનો અંત લાવી શકે છે. ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથેની ચર્ચા દરમિયાન કહ્યું હતું કે,"તે એક એવું યુદ્ધ છે જેનો ઉકેલ આવવાનો બાકી છે. હું રાષ્ટ્રપતિ બનતા પહેલા જ તેનો ઉકેલ લાવીશ." ટ્રમ્પે ઉમેર્યું હતું કે, "હું (યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર) ઝેલેન્સકીને ખૂબ સારી રીતે ઓળખું છું, અને હું (રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર) પુતિનને ખૂબ સારી રીતે ઓળખું છું. મારા સારા સંબંધો છે અને તેઓ તમારા રાષ્ટ્રપતિનો આદર કરે છે, ઠીક છે, તેઓ મારો આદર કરે છે. તેઓ બાઈડેનનો આદર કરતા નથી."

**ટેરિફ અમલીકરણ :** ટ્રમ્પે અમેરિકાના બે સૌથી મોટા વેપારી ભાગીદારો, મેક્સિકો અને કેનેડાથી આયાત કરાયેલા ઉત્પાદનો પર ટેરિફ લાગુ કરવાનું પણ વચન આપ્યું છે. આ પગલાથી અર્થશાસ્ત્રીઓમાં ચિંતા વધી છે, જેઓ દલીલ કરે છે કે આવા ટેરિફની યુએસ અર્થતંત્ર પર ગંભીર અને હાનિકારક અસરો થઈ શકે છે. ટ્રમ્પે ૨૫ નવેમ્બરના રોજ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે,"૨૦ જાન્યુઆરીના રોજ, મારા ઘણા પહેલા એક્ઝિક્યુટિવ ઓર્ડરમાંના એક તરીકે, હું મેક્સિકો અને કેનેડા પર યુનાઈટેડ સ્ટેટ્સ તેની હાસ્યાસ્પદ ખુલ્લી સરહદોમાં આવતા તમામ ઉત્પાદનો પર ૨૫% ટેરિફ અને લાદવા માટે તમામ જરૂરી દસ્તાવેજો પર હસ્તાક્ષર કરીશ." તેમણે ટેરિફ શબ્દનો ઉલ્લેખ "સમગ્ર શબ્દકોષમાં સૌથી સુંદર શબ્દ" તરીકે પણ કર્યો.



**બાઈડેનના 'ઈલેક્ટ્રિક વાહન આદેશ'નો અંત :** આર્થિક મુદ્દાઓ પર ટ્રમ્પે બાઈડેન વહીવટીતંત્ર દ્વારા લાગુ કરાયેલ ઈલેક્ટ્રિક વાહન "આદેશ" રદ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. ટ્રમ્પે હ્યુસ્ટનમાં એક ઝુંબેશ કાર્યક્રમ દરમિયાન કહ્યું હતું કે,"જે દિવસે હું પદ સંભાળીશ, તે દિવસે હું ક્રુક્ડ જોના ઈલેક્ટ્રિક વાહન આદેશને રદ કરીશ." ટ્રમ્પ જે આદેશ વિશે વાત કરી રહ્યા છે તે એક આદેશ છે જેમાં બિડેને ૨૦૩૦ સુધીમાં વેચાતી ૫૦% નવી કાર અને ટ્રકને શૂન્ય-ઉત્સર્જન કરવાનો રાષ્ટ્રીય ધ્યેય નક્કી કર્યો હતો. માર્ચમાં, પર્યાવરણીય સંરક્ષણ એજન્સીએ ટેઈલપાઈપ ઉત્સર્જન મર્યાદાને અંતિમ સ્વરૂપ આપ્યું હતું અને ઈલેક્ટ્રિક વાહનો લક્ષ્યો સુધી પહોંચવામાં મદદ કરશે તેવી અપેક્ષા હતી. ટ્રમ્પે આને "ઈલેક્ટ્રિક વાહન આદેશ" તરીકે ઓળખાવ્યો છે, જોકે કોઈને ચોક્કસ પ્રકારની કાર ખરીદવાની જરૂર નથી.

**ડ્રિલ, ડ્રિલ, ડ્રિલ :** તેમણે ફોક્સ ન્યૂઝના હોસ્ટ સીન હેનિટી સાથેના ટાઉન હોલ ઈન્ટરવ્યુ દરમિયાન યુનાઈટેડ સ્ટેટ્સમાં તેલ ડ્રિલિંગ વધારવાનું વચન પણ આપ્યું છે, "ડ્રિલ, ડ્રિલ, ડ્રિલ". ટ્રમ્પના મતે, યુ.એસ.માં તેલ ઉત્પાદન વધારવાથી ઉર્જા ખર્ચમાં ભારે ઘટાડો થશે.

આ પગલાથી પર્યાવરણીય જૂથોમાં ચિંતા ફેલાઈ છે, જેઓ દલીલ કરે છે કે તેલ ડ્રિલિંગમાં વધારો આબોહવા પરિવર્તનને વધુ ખરાબ કરશે.

**મહિલા રમતોમાં ટ્રાન્સજેન્ડર ખેલાડીઓ પર પ્રતિબંધ**

ટ્રમ્પનું ટ્રાન્સજેન્ડર અધિકારો પરનું વલણ વિવાદનો વિષય રહ્યું છે. તેમણે વારંવાર ટ્રાન્સજેન્ડર મહિલાઓને પુરૂષો તરીકે ઓળખાવી છે અને ટ્રાન્સજેન્ડર મહિલાઓ દ્વારા મહિલા રમતોમાં ભાગીદારી મર્યાદિત કરવાનું એમ કહીને વચન આપ્યું છે કે, "હું પુરૂષોને મહિલા રમતોથી ૧૦૦%, તરત જ, પહેલા દિવસે જ દૂર રાખીશ."

**લિંગ-પુષ્ટિ કરતી સંભાળ પ્રથાઓ સમાપ્ત કરો :** ટ્રમ્પે લિંગ-પુષ્ટિ કરતી સંભાળ પ્રથાઓ સમાપ્ત કરવાની પણ પ્રતિજ્ઞા લીધી છે, જેમાં હોર્મોન થેરાપીનો સમાવેશ થઈ શકે છે. ટ્રમ્પે તેમની ઝુંબેશ વેબસાઈટ પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં જણાવ્યું હતું કે,"પહેલા દિવસે, હું આ સંબંધી જો બાઈડેનની ક્રૂર નીતિઓને રદ કરીશ જે "જાતિની સંભાળની પુષ્ટિ કરે છે,". આ પગલાથી LGBTQ+ હિમાયતીઓમાં રોષ ફેલાયો છે, જેઓ દલીલ કરે છે કે આવી નીતિઓ ભેદભાવપૂર્ણ અને હાનિકારક હશે.

**મેડ-ઈન-અમેરિકન ઓટો ઉદ્યોગ :** વધુમાં, ટ્રમ્પે અમેરિકન ઓટો ઉદ્યોગને પુનર્જીવિત કરવાનું એમ કહીને વચન આપ્યું છે કે, "રાષ્ટ્રપતિ ટ્રમ્પને મત આપવાનો અર્થ એ છે કે ઓટોમોબાઈલનું ભવિષ્ય અમેરિકામાં જ બનશે." તેમણે અમેરિકન સપ્લાયર્સ દ્વારા મેળવેલી અને અમેરિકન મજૂરો દ્વારા બનાવવામાં આવેલી અમેરિકન ઊર્જાને પ્રોત્સાહન આપવાનું પણ વચન આપ્યું છે. આ પગલાથી ઓટો ઉદ્યોગમાં કેટલાક લોકોમાં ઉત્સાહ ફેલાયો છે, જેઓ ટ્રમ્પના વચનોને અમેરિકન ઉત્પાદન માટે સંભવિત વરદાન તરીકે જુએ છે. જેમ જેમ ટ્રમ્પ પદ સંભાળવાની તૈયારી કરી રહ્યા છે, તેમ તેમ હજુ સુધી તે ચોક્કસ નથી કે તેઓ આમાંથી કયા વચનોને પ્રાથમિકતા આપશે અને તે તેનો અમલ કેવી રીતે કરશે. જોકે, એક વાત ચોક્કસ છેઃ ટ્રમ્પનો પ્રથમ દિવસનો એજન્ડા મહત્વાકાંક્ષી અને દૂરગામી છે, જેમાં તેમના રાષ્ટ્રપતિ કાર્યકાળ અને યુનાઈટેડ સ્ટેટ્સના ભવિષ્યને આકાર આપવાની સંભાવના છે.

# સૈફ અલી ખાન પર હુમલો કરનાર હુમલાખોરની ધરપકડ બાંગ્લાદેશ લિંક મુદ્દે ભાજપ-વિપક્ષ સામ સામે

(એજન્સી) તા.૧૯

અભિનેતા સૈફ અલી ખાન પર તેના જ ઘરમાં હુમલો કરનાર ૩૦ વર્ષીય બાંગ્લાદેશી નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. મુંબઈ પોલીસે જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેનો ઈરાદો ચોરી કરવાનો હતો, પરંતુ તેને ખબર નહોતી કે તે બોલિવૂડ અભિનેતાના ઘરમાં ઘૂસી ગયો છે. તેમણે કહ્યું કે હુમલાખોરને થાણે જિલ્લાના ઘોડબંદર રોડ પર આવેલા હિરાનંદાની એસ્ટેટમાંથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે આરોપી બાંગ્લાદેશી નાગરિક છે અને ભારત આવ્યા પછી તેણે પોતાનું નામ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદથી બદલીને બિજોય દાસ રાખ્યું હતું. હવે આ મુદ્દા પર રાજકારણ પણ શરૂ થઈ ગયું છે. ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ આ મુદ્દે વિપક્ષી પક્ષો પર



નિશાન સાધ્યું. અમિત માલવિયાએ ઠ પર પોસ્ટ કરીને લખ્યું, 'મુંબઈ પોલીસે પુષ્ટિ આપી છે કે સૈફ અલી ખાન પર હુમલો કરનાર મોહમ્મદ શરીફુલ ઈસ્લામ બાંગ્લાદેશનો ગેરકાયદેસર રહેવાસી છે અને તેણે હિન્દુ ઓળખ અપનાવી છે. કોંગ્રેસ, ટીએમસી અને ઈન્ડિયાના અન્ય રાજકીય પક્ષો ગઠબંધનમા છે જેઓ આ ઈમિગ્રન્ટ્સનો ઉપયોગ તેમના માટે કરે છે.' વોટ બેંક અને હિન્દુઓને બદનામ કરવા માટે આ ઘટનાને સાંપ્રદાયિક રંગ આપવાનો પ્રયાસ કરી રહેલા લોકોએ માફી માંગવી જોઈએ. પોલીસે જણાવ્યું હતું કે આરોપી બાંગ્લાદેશના ઝાલોકાટીનો રહેવાસી છે અને છેલ્લા પાંચ મહિનાથી મુંબઈમાં રહેતો હતો અને નાના-મોટા કામ કરતો હતો. પોલીસે એવા દસ્તાવેજો એકત્રિત કરવાનું શરૂ કરી દીધું છે જેના દ્વારા આરોપી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યો હતો. ગુરૂવારે બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર એક હુમલાખોરે છરીના અનેક ઘા કર્યા. આ પછી, તેમને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોની ટીમે તેમની કરોડરજ્જુમાંથી ૨.૫ ઈંચનો તૂટેલો છરીનો ટુકડો કાઢ્યો.

# વોશિંગ્ટન ડાયરી : ડોનાલ્ડ ટ્રમ્પ મોદીથી અંતર રાખી રહ્યા છે

## ટ્રમ્પે પહેલેથી જ સંકેત આપી દીધા છે કે, તેઓ ભારત સાથે અમેરિકાના સંબંધોને ઓછા આંકતા નથી, પરંતુ તેઓ નરેન્દ્ર મોદી સાથે બિલકુલ પ્રેમાળ રહ્યા નથી

(એજન્સી) તા.૧૯

૨૪૮ વર્ષોમાં યુનાઈટેડ સ્ટેટ્સના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિના ઉદ્‌ઘાટન સમારોહ માટે કોઈ વિદેશી નેતાને આમંત્રણ આપવામાં આવ્યું નથી. ડોનાલ્ડ ટ્રમ્પે તે પરંપરા તોડવાનો નિર્ણય કર્યો. ૨૦ જાન્યુઆરીએ વ્હાઈટ હાઉસમાં તેમના પુનરાગમન નિમિત્તે વિદેશી સરકારના વડાઓ હાજરી આપશે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સિવાય કોઈ P5 (અથવા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના કાયમી સભ્ય) રાજ્યના વડાને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. G7 રાજ્યના વડા ઈટાલીના જ્યોર્જિયા મેલોની હાજર રહેશે. G20માંથી ફક્ત આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જાવિઅર મિલેઈ જ આ પ્રસંગે હાજરી આપશે. ટ્રમ્પે વિદેશી રાજકારણીઓના જમણેરી જૂથને પસંદ કર્યું હોય તેવું લાગે છે. તેમણે હંગેરિયન વડાપ્રધાન વિક્ટર ઓર્બન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અલ સાલ્વાડોરના ઓછા જાણીતા રાષ્ટ્રપતિ નાયબ બુકેલે અને ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ જેમની સામે ICC (આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત) દ્વારા કથિત યુદ્ધ ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. ટ્રમ્પે નેતાન્યાહૂના આગમન પર શંકા વ્યક્ત કરી હતી. બ્રાઝિલના પૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારો, જે પદ પર હતા ત્યારે સત્તાના દુરૂપયોગ માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા, તેઓ પણ આ મહેમાનની યાદીમાં હતા, પરંતુ વિદેશ પ્રવાસ માટે તેમને બ્રાઝિલની સુપ્રીમ કોર્ટની પરવાનગીની જરૂર છે. ટ્રમ્પ ચોક્કસપણે મોદીને જમણેરી નેતા સિવાય બીજું કંઈ ગણાતા નથી, તેથી તેઓને આમંત્રણનો અભાવ સૂચવે છે કે નમો તેમના માટે મહત્ત્વપૂર્ણ નથી કે મિત્ર નથી. કરોડો ભારતીય કરદાતાઓના પૈસા ખર્ચીને તેમને બંનેને મિત્ર તરીકે દર્શાવવના પ્રચારને ફટકો પડશે. અઠવાડિયાઓ સુધી, મીડિયાએ નરેન્દ્ર મોદીના આમંત્રણની ઝંખના અંગે અટકળો ફેલાવી હતી. ભારત સરકારને ભારતથી એક અધિકારીને આમંત્રણ આપવું અને ખાસ કરીને મોદીને નહીં તે એક સ્પષ્ટ નાપસંદગી છે. ટ્રમ્પે સંકેત આપ્યો કે જ્યારે તેઓ ભારત સાથેના અમેરિકાના સંબંધોને ઓછો આંકતા નથી પણ તેઓ પૂર્વ RSS પ્રચારકનું સ્વાગત કરશે નહીં, જેમને 'ધાર્મિક સ્વતંત્રતાના ગંભીર ઉલ્લંઘન' માટે યુએસ વિઝા નકારવામાં



આવ્યો હતો અને એક દાયકા સુધી અમેરિકાની મુલાકાત લેવા પર અસરકારક રીતે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. વિદેશ મંત્રી એસ. જયશંકર ટ્રમ્પના આ તમાશામાં સાઉથ બ્લોકની હાજરીને ચિહ્નિત કરશે, તેમના બોસ નહીં. પ્રોટોકોલ મુજબ તેઓ અમેરિકન સેક્રેટરી ઓફ સ્ટેટ-નિયુક્ત માર્કો રૂબિયોને મળી શકે છે. ઈન્ડો-સોવિયેત મિત્રતા સંધિના દિવસોની તુલનામાં આજે ભારત પ્રત્યે રશિયાનો અભિગમ વ્યવહારિક નથી. ન તો હિન્દી-ચીની ભાઈ-ભાઈ' આજે ઉપયુક્ત છે, ચીન આપણી સરહદો પર ખતરા તરીકે ફરી ઉભરી રહ્યું છે. બાંગ્લાદેશની વાત કરીએ તો જયશંકરને ભારત વિરોધી ભાવનાને શાંત કરવા અને તેનાથી ઉભા થયેલા સુરક્ષા પડકારનો સામનો કરવા માટે સાડા પાંચ મહિનાથી વધુ સમય મળ્યો છે. જો તેમને લાગે છે કે અમેરિકા ટ્રમ્પવાદી માનસિકતા તરફ આગળ વધી રહ્યું છે, તો તેમને બીજો વિચાર કરવાનો સમય મળશે. દક્ષિણ એશિયા આ રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિના રડાર પર નથી. રાષ્ટ્રપતિ જો બાઈડેન તેમના અનુગામીના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવાના રિવાજનું પાલન કરશે. જોકે, આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ધ્વજ અડધી કાઠીએ લહેરાશે, કારણ કે તે પૂર્વ રાષ્ટ્રપતિ જિમી કાર્ટરના ૩૦ દિવસનો રાજ્ય શોક આ સમયગાળામાં આવે છે. અંધશ્રદ્ધાળુઓ આને ખરાબ શુકન તરીકે જોઈ શકે છે. અમેરિકન રાજકારણનો ભ્રષ્ટાચાર એટલો જ સ્પષ્ટ છે. ટ્રમ્પ અને વાન્સના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ તરીકેના સમારોહ પહેલા, જે દાતાઓ તેમના વ્યવસાયિક હિત માટે લોબિંગ કરે છે તેમને જાણ કરવામાં આવી હતી કે ખાનગી રાત્રિભોજનનો ખર્ચ USD ૧૦ લાખ થશે, જે અગાઉના ચાર્જ કરતા બમણો હશે. ૧૮ અને ૧૯ જાન્યુઆરીના રોજ યોજાનાર મોંઘા રાત્રિભોજન માટે બે ટિકિટ અને ટ્રમ્પ હાજર રહેશે તેવા રાત્રિભોજન માટે છ ટિકિટનો સમાવેશ થાય છે. ટ્રમ્પની ઉદ્‌ઘાટન સમિતિ USD ૨૦ કરોડથી વધુ રકમ એકઠી કરવાની અપેક્ષા રાખે છે, જે રિસેપ્શન, લંચ, ડિનરના ખર્ચ કરતાં ઘણી વધારે છે. ચાર વર્ષ પહેલાં, બાઈડેનની ટીમે માત્ર USD ૬.૨ કરોડ એકત્ર કર્યા હતા. અમેરિકન અબજોપતિઓમાંથી ઘણા ટ્રમ્પના દૃષ્ટિકોણથી ચિંતિત છે. આમાં ટેક ક્ષેત્રનો સમાવેશ થાય છે, જે અનિયંત્રિત ખોટી માહિતીમાં ફસાઈ શકે છે. તેનો સંકેત મેટાના માર્ક ઝુકરબર્ગ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો કે તેમની કંપની સેન્સરશીપનું પ્રમાણ નાટકીય રીતે ઘટાડશે અને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને થ્રેડ્સ પર વધુ રાજકીય સામગ્રીની ભલામણ કરશે, જેનો ૩.૩ અબજ લોકો દરરોજ ઉપયોગ કરે છે. બ્રિટનના ગાર્ડિયનએ નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા પત્રકાર મારિયા રેસાને ટાંકીને કહ્યું હતું કે આનાથી 'પ્લેટફોર્મ પરના દરેક વ્યક્તિને જૂઠાણું, ગુસ્સો, ભય અને નફરત ચેપ લાગશે' અને તે 'તથ્યો વિનાની દુનિયા' તરફ દોરી જશે. ૧૦ જાન્યુઆરીના રોજ, તેમના શપથ ગ્રહણ માટે માત્ર ૧૦ દિવસ બાકી હતા ત્યારે, ટ્રમ્પને ન્યૂ યોર્કની એક અદાલતે એક કેસમાં ગુનાહિત આરોપસર ટીકા કરી હતી. ૨૦૨૦ની ચૂંટણીને ઉથલાવવાના કથિત પ્રયાસના વધુ ગંભીર કેસમાં, ટ્રમ્પ પર રાષ્ટ્રપતિ હોવા છતાં ચોક્કસપણે કાર્યવાહી કરવામાં આવશે નહીં. સ્પેશિયલ કાઉન્સેલ જેક સ્મિથ અને તેમની ટીમ માને છે કે તેઓ ટ્રમ્પને 'સત્તા જાળવી રાખવાના ગુનાહિત પ્રયાસો' માટે દોષિત ઠેરવી શક્યા હોત, જેનો ૧૪ જાન્યુઆરીના રોજ વોશિંગ્ટનમાં પ્રકાશિત ૧૩૦ પાનાના અહેવાલમાં ખુલાસો થયો છે. નવેમ્બરમાં અમેરિકન મતદારોએ ટ્રમ્પને ભારે જનાદેશ આપ્યા પછી સ્મિથે કેસ પડતો મૂક્યો છે. જો કે, તેમણે ૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ યુએસ એટર્ની જનરલ ગારલેન્ડને લખેલા એક ખાનગી પત્રમાં ભાર મૂક્યો હતો કે ટ્રમ્પનો સંપૂર્ણ મુક્તિનો દાવો ખોટો હતો અને તેઓ અને તેમનું કાર્યાલય તેમણે દાખલ કરેલા ફોજદારી દાવાને 'સંપૂર્ણપણે સમર્થન' આપે છે. ટ્રમ્પની એવી દલીલ પર ટિપ્પણી કરતા કે તેઓ તેમના વાણી સ્વાતંત્ર્યના અધિકારનો ઉપયોગ કરી રહ્યા હતા, તે અંગે સ્મિથે લખ્યું કે તેમના નિવેદનો 'પહેલા સુધારા (યુએસ બંધારણમાં) દ્વારા સુરક્ષિત નથી'.

# સૈફ અલી ખાન હુમલો કેસ : પોલીસનો દાવો નકારતા આરોપીના વકીલે કહ્યું કે, એ સાત વર્ષથી મુંબઈમાં જ રહે છે

## પોલીસે પકડેલા મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદના વકીલ સંદીપ શેખાણેએ પોલીસનો દાવો નકાર્યો અને કહ્યું કે, હજુ સુધી યોગ્ય પોલીસ તપાસ થઈ નથી

(એજન્સી) મુંબઈ, તા.૧૯

સૈફ અલી ખાન પર હુમલો કરવાના આરોપસર પકડાયેલા અને બાંગ્લાદેશી હોવાનું કહેવાતા મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદના વકીલે પોલીસનો દાવો નકારી કાઢ્યો છે અને કહ્યું છે કે, એ બાંગ્લાદેશી નાગરિક નથી. એ તો સાત વર્ષથી મુંબઈમાં જ રહે છે. આરોપીના વકીલ સંદીપ શેખાણેએ આક્ષેપ કર્યો કે, આ કેસમાં હજુ સુધી કોઈ યોગ્ય તપાસ થઈ નથી. વકીલે માહિતી આપી હતી કે, બાંદ્રા કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરી દીધા છે અને પોલીસને પાંચ દિવસમાં રિપોર્ટ આપવા અદાલતે સમય આપ્યો છે. મારો અસીલ બાંગ્લાદેશી છે એવો કોઈ પુરાવો પોલીસ પાસે નથી. એ છ મહિના પહેલાં અહીં આવ્યો એ પણ પોલીસનો દાવો ખોટો છે. શરીફુલ સાત વર્ષથી એમના પરિવાર સાથે મુંબઈમાં રહે છે. આરોપીના બીજા વકીલ દિનેશ પ્રજાપતિએ કહ્યું હતું કે, રિમાન્ડ માટે પોલીસો રજૂ કરેલા કારણો પૂરતા નથી. તેની પાસેથી કશુ વાંધાજનક મળ્યું નથી. તે બાંગ્લાદેશી હોવાનો પુરાવો પોલીસે રજૂ કર્યો નથી પણ કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ આપી દીધા છે. પોલીસના જણાવ્યા મુજબ શરીફુલ તેના વતનના ગામ નાસી જવાનો હતો એ પહેલાં થાણેની હિરાનંદાણી એસ્ટેટમાંથી તેની અટકાયત કરી લેવામાં આવી હતી.

# કિસાન નેતા ડલ્લેવાલે તબીબી સહાય લઈ લેતા ખનૌરી બોર્ડર પર આમરણાંત ઉપવાસ કરી રહેલા ૧૨૧ કિસાનોએ પારણા કર્યા

## સંયુક્ત કિસાન મોરચાએ ૨૦ જાન્યુઆરીના રોજ સાંસદોને આવેદનપત્ર મોકલવાનું નક્કી કર્યું છે, ૨૪ જાન્યુઆરીના રોજ મોરચાની જનરલ બોડીની બેઠક મળશે અને ૨૬ જાન્યુઆરીની ટ્રેક્ટર કૂચ માટે તૈયારીઓ શરૂ થશે

(એજન્સી) ચંદીગઢ, તા.૧૯

કિસાનોની માગણીઓ માટે ખનૌરી બોર્ડર પર આમરણાંત ઉપવાસ કરી રહેલા કિસાન નેતા જગજીત સિંઘ ડલ્લેવાલે તબીબી સહાય સ્વીકારી લેતા એમની સાથે આમરણ ઉપવાસ કરી રહેલા ૧૨૧ કિસાનોએ આજે પારણા કરી દીધા પરંતુ ખેડૂતો માટે MSPની કાનૂની ગેરંટી ન મળે ત્યાં સુધી ડલ્લેવાલ પારણા નહીં કરે. કિસાન આંદોલનની સંસ્થા સંયુક્ત કિસાન મોરચાએ આવતીકાલે ૨૦મીએ સાંસદોને આવેદન મોકલવાનો નક્કી કર્યું છે એ પછી ૨૪ જાન્યુઆરીના દિલ્હી ખાતે જનરલ બોડીની બેઠક યોજાશે અને ૨૬ જાન્યુઆરીની ટ્રેક્ટર કૂચની તૈયારીઓ શરૂ કરવામાં આવશે. આજે છાવણીમાં DIG મનદીપ સિદ્ધુ અને પટિયાલાના SP નાનક સિંઘના હાથે જ્યુસ પીને કિસાનોના જૂથે પારણા કર્યા હતા. ૭૦ વર્ષના ડલ્લેવાલ અત્યારસુધી તબીબી સરવાર લેતા નહોતા હવે તેમણે સ્વીકાર કરી લીધો છે કેમ કે, કેન્દ્ર સરકારે એમને મંત્રાણાનું ઈજન આપ્યું છે.

# મહાકુંભ મેળાના જૂના અખાડામાંથી 'IIT બાબા'ની હકાલપટ્ટી કરાઈ

## જૂના અખાડાના સંચાલક મહંત હરીગીરીએ કહ્યું કે, બાબા અભય સિંઘના કૃત્યો ગુરૂ-શિષ્યની પવિત્ર પરંપરા અને સંન્યાસના પાયાના આદર્શોનો ભંગ કરી રહ્યા હતા

(એજન્સી) અલ્હાબાદ, તા.૧૯

પ્રયાગરાજ મહાકુંભ મેળો શરૂ થયો ત્યારથી સોશિયલ મીડિયા પર ખૂબ લોકપ્રિય બનેલા મુંબઈ IITના ગ્રેજ્યુએટ અને IIT બાબા તરીકે ઓળખાતા અભય સિંઘની શિસ્ત ભંગના કારણોસર જૂનાઅખાડામાંથી હકાલપટ્ટી કરવામાં આવી છે. બાબાએ તેમના ગુરૂ મહંત સોમેશ્વર પુરી સાથે જ ગાળા ગાળી કરી હોવાની ફરિયાદ મળતા આ પગલું લેવામાં આવ્યું છે. એરોસ્પેસ એન્જિનિયરમાંથી સાધુ બની ગયેલા બાબાની લોકપ્રિયતા એકદમ વધી ગઈ હતી અને ઈન્સ્ટાગ્રામ પર તેમના એક લાખથી વધુ ફોલોઅર્સ છે. મહાકુંભમાં પણ તેમણે ધ્યાન ખેંચ્યું હતું. એક એન્જિનિયરમાંથી આધ્યતમિકતા ભણી પોતાની સફર અંગે તેમણે અનેક ઈન્ટરવ્યુ આપ્યા હતા. અખાડાના વડા મહંત હરીગીરીએ ખુલાસો કર્યો કે, સંન્યાસી માટે ગુરૂ પ્રતિ સન્માન અને સમર્પણ તથા શિસ્ત પાયાના આદર્શો છે પણ અભય સિંઘના કૃત્યોથી પવિત્ર ગુરૂ-શિષ્ય પરંપરા અને સંન્યાસના સિદ્ધાંતોનો ભંગ થઈ રહ્યો હતો. ગુરૂની અવહેલના કરવી એ સનાતન ધર્મના સજ્જડ અપમાન સમાન છે અને અખાડાના મૂલ્યોના અપમાન સમાન છે. એટલા માટે શિસ્ત સમિતિએ IIT બાબાની હકાલપટ્ટી કરી છે. તેઓ અખાડામાં આવી નહી શકે અને આસપાસના વિસ્તારોમાં પણ પ્રવેશી નહીં શકે. હરિયાણાના સસરૌલી ગામના બાબાએ કેનેડામાં રૂા.૩૬ લાખના વર્ષિક પગારની નોકરી મેળવી હતી પણ એમને સંસ્કૃતિ તથા ફિલસુફી અને આધ્યમિક્તા વિશે જાણવાની તથા તેમાં ઉંડે ઉતરવાની તેમાં લગણી લાગી હતી એટલે તેમણે સંન્યાસ લઈ લીધો હતો. જો કે, આધ્યામિકતાની દુનિયામાં એમની સફર વિવાદોથી ભરપૂર રહી છે એક સમયે તેમણે સોશિયલ મીડિયા પર પોતાના પિતાને હિરણ્યકશિપુ અને પોતાના ગુરૂને પાગલ ગણાવ્યા હતા. અભય સિંઘના પિતાને હજુ આશા છે કે, એમનો પુત્ર ઘરે પાછો આવશે અને સંસારિક જીવનમાં પરત ફરશે પણ બાબાએ પરિવાર સાથેના તમામ સંપર્કો કાપી નાખ્યા છે.

# અરવિંદ કેજરીવાલ પર કાર હુમલા માટે આતિશીએ ભાજપને દોષી ઠેરવતાં 'ગુંડાઓ'ની તસવીરો જાહેર કરી

## આતિશીએ બે માણસોના ફોટા જાહેર કર્યા, જેમની ઓળખ શંકી અને રોહિત ત્યાગી તરીકે થઈ છે અને કહ્યું કે, તેઓ ભાજપના સભ્યો છે અને નવી દિલ્હી વિધાનસભા બેઠકના પાર્ટીના ઉમેદવાર પરવેશ વર્માના નજીકના સાથી છે

### 'AAPએ ભાજપ પર અરવિંદ કેજરીવાલને ખતમ કરવાના ષડ્યંત્રનો આરોપ લગાવ્યો'




(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

આમ આદમી પાર્ટી (AAP)એ રવિવારે ભારતીય જનતા પાર્ટી (BJP) પર તેના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની હત્યા કરવાનું કાવતરૂં ઘડવાનો આરોપ લગાવ્યો અને દાવો કર્યો કે, ભાજપ આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં તેમને હરાવી શકશે નહીં.

**દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)નાં નેતા આતિશીએ રવિવારે આરોપ લગાવ્યો કે, નવી દિલ્હી વિધાનસભા બેઠક પર પ્રચાર દરમિયાન અરવિંદ કેજરીવાલની કાર પર ભાજપના ગુંડાઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો એક પ્રેસ કોન્ફરન્સમાં આતિશીએ બે માણસોના ફોટા જાહેર કર્યા, જેમની ઓળખ શંકી અને રોહિત ત્યાગી તરીકે થઈ છે અને કહ્યું કે, તેઓ ભાજપના સભ્યો છે અને નવી દિલ્હી વિધાનસભા બેઠકના પાર્ટીના ઉમેદવાર પરવેશ વર્માના નજીકના સાથી છે**

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)ના નેતા આતિશીએ રવિવારે આરોપ લગાવ્યો કે, નવી દિલ્હી વિધાનસભા બેઠક પર પ્રચાર દરમિયાન અરવિંદ કેજરીવાલની કાર પર ભાજપના ગુંડાઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. એક પ્રેસ કોન્ફરન્સમાં આતિશીએ બે માણસોના ફોટા જાહેર કર્યા, જેમની ઓળખ શંકી અને રોહિત ત્યાગી તરીકે થઈ છે અને કહ્યું કે, તેઓ ભાજપના સભ્યો છે અને નવી દિલ્હી વિધાનસભા બેઠકના પાર્ટીના ઉમેદવાર પરવેશ વર્માના નજીકના સાથી છે.

તેમણે કહ્યું કે, ગઈકાલે નવી દિલ્હીમાં નવી દિલ્હી વિધાનસભાની અંદર અરવિંદ કેજરીવાલની કાર પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલો ભાજપના ગુંડાઓ દ્વારા કરવામાં આવ્યો હતો. અરવિંદ કેજરીવાલ પર હુમલો કરનારા લોકો કોણ હતા ? એક 'શંકી', જે ભાજપના ઉપપ્રમુખ છે અને ઘણીવાર તેમના વિસ્તારમાં પ્રવેશ વર્માના પોસ્ટર લગાવતા જોવા મળે છે. વધુમાં તે વારંવાર પ્રવેશ વર્માની સાથે જોવા મળે છે. પ્રચાર દરમિયાન શંકી પરવેશ વર્મા સાથે ગાઢ રીતે સંકળાયેલા રહે છે. આતિશીએ વધુમાં કહ્યું કે શંકી, જેને રાહુલ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેની ગુનાહિત પૃષ્ઠભૂમિ છે અને તેની સામે અનેક કેસ પેન્ડિંગ છે. તેની સામે ગંભીર આરોપો દાખલ કરવામાં આવ્યા છે, જેના કારણે તેમને સાત વર્ષ સુધીની સજા થઈ શકે છે. તેમના પર આર્મ્સ એક્ટ હેઠળ પણ આરોપો છે. શકરપુર પોલીસ સ્ટેશનમાં તેમની સામે કેસ નોંધાયેલા છે. તેમની સામે હત્યાના પ્રયાસ, હુમલો અને લૂંટના આરોપો પેન્ડિંગ છે અને તે કેસ ચાલુ છે. પહાડગંજ પોલીસ સ્ટેશનમાં પણ તેમની સામે લૂંટ અને હુમલો કરવાનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેમના જેવા કટ્ટર ગુનેગારો, જેઓ પહેલાથી જ લૂંટ દરમિયાન લૂંટ અને હત્યાના આરોપી છે, તેમને અરવિંદ કેજરીવાલ પર હુમલો કરવા માટે મોકલવામાં આવ્યા હતા. આતિશીએ કહ્યું કે, આ હુમલામાં રોહિત ત્યાગીનો પણ સમાવેશ થાય છે. તેમના સોશિયલ મીડિયા પેજ પર પરવેશ વર્મા સાથે તેમના ફોટા છે અને તેઓ સતત પ્રવેશ વર્મા સાથે ઝુંબેશમાં ભાગ લેતા જોવા મળે છે. ત્યાગી પણ એક કટ્ટર ગુનેગાર છે અને તેના પર ગંભીર આરોપો છે. તેની સામે ચોરીના કેસ નોંધાયેલા છે, તેમજ ચોરી દરમિયાન હત્યાના પ્રયાસ સંબંધિત કલમો હેઠળ આરોપો છે. કેજરીવાલ પર વળતો પ્રહાર કરતા વર્માએ કહ્યું કે, AAP વડાની કારે તેમની સાથે વાત કરવા માંગતા ત્રણ યુવાનોને ટક્કર મારી હતી અને તેઓ હત્યાનો પ્રયાસની પોલીસ ફરિયાદ નોંધાવશે. પત્રકારો સાથે વાત કરતા વર્માએ કહ્યું કે, ત્રણેય યુવાનો કેજરીવાલના વાહને ટક્કર મારી હતી જેમાં તેઓ બેઠા હતા. ત્રણેય લોકોએ દાવો કર્યો હતો કે, તેઓ વાહનની સામે આવી ગયા હતા અને ડ્રાઈવરે બ્રેક લગાવી હતી. તેમણે કહ્યું કે, આ ઘટનાના ઘણા વીડિયો સ્થાનિક લોકોએ શૂટ કર્યા હતા જેમાં ત્રણ યુવાનોને વાહને 'ટક્કર મારતા' દર્શાવવામાં આવ્યા હતા. શું કેજરીવાલ સ્થાનિક યુવાનોને તેમની નોકરી વિશે પૂછશે ત્યારે વાહનથી મારવાનો અને કચડી નાખવાનો પ્રયાસ કરશે. કેજરીવાલ કહી રહ્યા છે કે, આ ત્રણ યુવાનો ગુંડા છે. પરંતુ તેઓ નવી દિલ્હીના સ્થાનિક રહેવાસીઓ અને મતદારો છે. શું કેજરીવાલને નોકરીઓ વિશે પ્રશ્નો પૂછનારા કોઈને ગુંડા કહેવાશે ? અરવિંદ કેજરીવાલ ગુસ્સે થયા તેનું કારણ એ છે કે, લોકો તેમને પૂછી રહ્યા છે કે, વચન આપેલી ગેરંટીઓ કેમ પૂર્ણ થઈ નથી. સંજય સિંહે આ આરોપોનો જવાબ આપતા ભાજપ પર મોટા ષડ્યંત્રના ભાગ રૂપે હુમલો કરવાનો આરોપ લગાવ્યો. તેમણે દાવો કર્યો કે, ભાજપ ૨૫ વર્ષથી વધુ સમય પછી દિલ્હીમાં સત્તામાં પાછા ફરવા માટે ઉત્સુક છે અને AAPની લોકપ્રિયતાનો સામનો કરવા માટે હિંસા અને ધાકધમકીનો આશરો લઈ રહી છે.

**પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલે ભાજપ પર તેમના પર હત્યાનો પ્રયાસ કરવાનો આરોપ પણ લગાવ્યો અને કહ્યું કે, ભગવો પક્ષ આ રીતે જ ચૂંટણી લડવાનું જાણે છે, આ વખતે આપણે જે પ્રકારનું અભિયાન જોઈ રહ્યા છીએ તે અલગ છે, દિલ્હીના લોકોએ ક્યારેય આવી હિંસા જોઈ નથી. પૂર્વ મુખ્યમંત્રી પર હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, મારૂં જીવન સમાજ અને રાષ્ટ્રને સમર્પિત છે, તેઓ ખરાબ રીતે હારી રહ્યા છે અને આ રીતે તેઓ ચૂંટણી લડવાનું જાણે છે**

પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલે ભાજપ પર તેમના પર હત્યાનો પ્રયાસ કરવાનો આરોપ પણ લગાવ્યો અને કહ્યું કે, ભગવો પક્ષ આ રીતે જ ચૂંટણી લડવાનું જાણે છે. આ વખતે આપણે જે પ્રકારનું અભિયાન જોઈ રહ્યા છીએ તે અલગ છે. દિલ્હીના લોકોએ ક્યારેય આવી હિંસા જોઈ નથી. પૂર્વ મુખ્યમંત્રી પર હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મારૂં જીવન સમાજ અને રાષ્ટ્રને સમર્પિત છે. તેઓ ખરાબ રીતે હારી રહ્યા છે અને આ રીતે તેઓ ચૂંટણી લડવાનું જાણે છે.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં નવી દિલ્હી મતવિસ્તારમાંથી કેજરીવાલ વર્મા સામે ચૂંટણી લડી રહ્યા છે. ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભાની ચૂંટણી પાંચ ફેબ્રુઆરીએ યોજાવાની છે. ૧૯૯૮થી દિલ્હીમાં સત્તાથી બહાર રહેલી ભાજપ ૨૦૧૫થી શહેરમાં શાસન કરતી AAPને ઉથલાવી પાડવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.

# AAPનો દાવો : પરવેશ વર્માના 'ગુંડાઓ'એ ચૂંટણી પ્રચાર દરમિયાન કેજરીવાલ પર 'ઈંટો' વડે હુમલો કર્યો

## અરવિંદ કેજરીવાલ ૨૦૧૩થી નવી દિલ્હી બેઠક પરથી ધારાસભ્ય છે અને સતત ચોથી વખત આ મતવિસ્તારથી AAP ઉમેદવાર છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

પાર્ટીએ આરોપ લગાવ્યો કે, આમ આદમી પાર્ટી (AAP)ના વડા અરવિંદ કેજરીવાલ પર નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારમાં પ્રચાર દરમિયાન હુમલો કરવામાં આવ્યો હતો. પ્રચાર દરમિયાન કેજરીવાલની કાર પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પાર્ટીએ વધુમાં જણાવ્યું હતું કે, આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરી રહેલા કેજરીવાલ પર હુમલો કરવા માટે ઈંટોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

AAPએ X પર એક પોસ્ટ શેર કરી જેમાં કેજરીવાલની કાર પર ઈંટોનો વીડિયો દર્શાવવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે, હારના ડરથી ભાજપ ગભરાઈ ગઈ હતી, તેણે તેના ગુંડાઓને અરવિંદ કેજરીવાલજી પર હુમલો કરવા માટે બોલાવ્યા હતા. BJP ઉમેદવાર પરવેશ વર્માના ગુંડાઓએ અરવિંદ કેજરીવાલજી પર ઈંટો અને પથ્થરોથી હુમલો કર્યો હતો જ્યારે તેઓ પ્રચાર કરી રહ્યા હતા જેથી તેઓ પ્રચાર ન કરી શકે. પાર્ટીએ આગળ કહ્યું, ભાજપના લોકો કેજરીવાલજી તમારા કાયર હુમલાથી ડરવાના નથી, દિલ્હીના લોકો તમને યોગ્ય જવાબ આપશે. આ દરમિયાન AAPના આરોપોને નકારી કાઢતા BJPએ કહ્યું કે, અરવિંદ કેજરીવાલની કારે બે લોકોને ટક્કર મારી હતી અને તેમને લેડી હાર્ડિંગ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. BJPના પરવેશ વર્માએ X પોસ્ટમાં કહ્યું કે, પ્રશ્ન પૂછતા જનતા પર @ArvindKejriwalએ બે યુવાનોને પોતાની કારથી ટક્કર મારી હતી. તેમણે ઘટનાનો વીડિયો પોસ્ટ કરતા ઉમેર્યું, બંનેને લેડી હાર્ડિંગ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. સામે હાર જોઈને તેઓ લોકોના જીવનનું મૂલ્ય ભૂલી ગયા. હું હોસ્પિટલ જઈ રહ્યો છું. ઉલ્લેખનીય છે કે, અરવિંદ કેજરીવાલ ૨૦૧૩થી નવી દિલ્હી બેઠક પરથી ધારાસભ્ય છે અને સતત ચોથી વખત આ મતવિસ્તારથી AAPના ઉમેદવાર છે. કોંગ્રેસે દિલ્હીના પૂર્વ ત્રણ વખતના મુખ્યમંત્રી શીલા દીક્ષિતના પુત્ર સંદીપ દીક્ષિતને નવી દિલ્હી વિધાનસભા બેઠક પરથી કેજરીવાલ સામે ઉમેદવાર બનાવ્યા છે જ્યારે BJPએ નવી દિલ્હી વિધાનસભા બેઠક પરથી પૂર્વ મુખ્યમંત્રી સાહિબસિંહ વર્માના પુત્ર પરવેશ વર્માને ઉમેદવાર બનાવ્યા છે. ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભા માટે મતદાન પાંચ ફેબ્રુઆરીએ થવાનું છે, જ્યારે પરિણામ ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે.

# બેંગ્લુરૂમાં મહિલા મિત્રને ઝેર આપી તેનું મૃત્યુ નોતરવાના આરોપસર ૫૪ વર્ષના એન્જિનિયરની ધરપકડ

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૯

બેંગ્લુરૂ પોલીસે પોતાની સ્ત્રી મિત્ર ઉઝમા ખાનને ઝેર આપીને તેનું મોત નોતરવાના આરોપસર ઈમદાદ પાશા નામના સોફટવેર એન્જિનિયરની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં ખૂલ્યુ છે કે, નવા વર્ષની ઉજવણી દરમિયાન ઈમદાદે તેની મહિલા મિત્રને ઝેર આપીને હત્યા કરી નાખી હતી અને ઘટનાને આપઘાતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ જણાવે છે કે, ૩૧ ડિસેમ્બરની ઉજવણી માટે ઉઝમા ખાન ઈમદાદના ફ્લેટ પર ગઈ હતી બંને તલાકશુદા છે અને ટૂંક સમયમાં લગ્ન કરવાના હતા પરંતુ ઉઝમાના સંબંધ એક પાકિસ્તાની મૂળના ઓસ્ટ્રેલિન નાગરિક સાથે થયું હતું એટલે ઉઝમા તેના પાકિસ્તાની નવા મિત્ર સાથે લગ્ન કરવા જઈ રહી હતી એટલે પ્રેમાંદ બનેલો પાશા હત્યારો બની ગયો હતો અને ઉઝમાને ઝેર અપાવી દીધો હતો. તેણે ઉઝમાના ખોરાકમાં એ રાત્રે ઝેર ભેળવી દીધો હતો અને સગા-સંબંધીને એવો વીડિયો સંદેશ



મોકલી દીધો હતો કે, અમે બંને આપઘાત કરી રહ્યા છીએ. આથી પરિવારજનો ફ્લેટ પર દોડી ગયા હતા. ત્યારે ઉઝમા મૃત હાલતમાં મળી હતી અને ઈમદાદ અર્ધબેભાન હાલતમાં મળ્યો હતો. પોલીસને તુરંત શંકા ગઈ હતી અને તપાસમાં જાણ થઈ હતી કે, ઉઝમાનું મોત થઈ ગયાના ૭-૮ કલાક બાદ ઈમદાદે આપઘાતના સંદેશા મોકલ્યા હતા. તેણે ગુનો કબૂલ કરી લીધો છે અને પોલીસે ધરપકડ કરી લીધી છે. આ ઘટનાએ બેંગ્લુરૂમાં ભારે ચકચાર મચાવી દીધી છે.

### અમદાવાદમાં ભાજપના સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

# રાજનીતિક, આધ્યાત્મિક, ધર્મના આંદોલન હોય આ તમામમાં ગુજરાતનો ફાળો રહ્યો છે : જે.પી. નડ્ડા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૯

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડા અમદાવાદની મુલાકાતે આવ્યા છે. આ દરમ્યાન તેઓ શહેરના બાપુનગર વિસ્તારમાં કાર્યક્રમમાં પહોંચ્યા હતા. જ્યાં તેમણે બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરી શ્રદ્ધાંજલિ આપી હતી. અહીં જાહેરસભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર દેશમાં ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ત્યારે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડ્ડા સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત આજે (૧૯ જાન્યુઆરી) રવિવારે અમદાવાદના બાપુનગર ખાતેના કાર્યક્રમમાં પહોંચ્યાં આ



## મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય પ્રમુખે ડો.આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કર્યા

અભિયાન અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના નેતાઓ-કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડ્ડાએ આંબેડકર ચોકમાં ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કર્યા હતા. કાર્યક્રમમાં રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડ્ડા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મન કી બાતનો કાર્યક્રમ સાંભળ્યો હતો. મન કી બાત કાર્યક્રમ શરૂ થઈ ગયો છતાં ભાજપ સોશિયલ મીડિયાની ટીમ દ્વારા સમયસર મન કી બાત કાર્યક્રમનું લાઈવ કરી શકી નહોંતી. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ૨૦૨૫નું વર્ષ દેશનું ગૌરવ ઉજાગર કરવાનું છે. આ વર્ષે દેશમાં લગાવેલી કાળા દિવસ કટોકટીનું ૫૦મુ વર્ષ છે. આ દિવસોમાં બંધારણના મૂલ્યોની અવદશા તે સમયની સરકારે કરી હતી, તે ભૂલવી જોઈએ નહિ. બંધારણના સ્વીકાર નિર્માણમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર સાથે ગુજરાતીઓએ પણ યોગદાન આપ્યું છે. ભાજપે સંવિધાનને સર્વોચ્ચ માન્યું છે. દર વર્ષે ૨૬મી નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવીએ છીએ. બંધારણ દેશનું ગૌરવ છે. આપણે સૌ સાથે મળી સંવિધાન ગૌરવ અભિયાન ઘર-ઘર સુધી પહોંચાડીએ. નાગરિકોને સંબોધતા કેન્દ્રિય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડ્ડાએ જણાવ્યું હતું કે, દેશમાં ગૌરવ યાત્રા ચાલી રહી છે. ગુજરાત આવું છું, ત્યારે કહ્યું છું કે રાજનીતિક, આધ્યાત્મિક, ધર્મના આંદોલન હોય તમામમાં ગુજરાતનો ફાળો રહ્યો છે. ગુજરાતમાં નેતૃત્વનું સ્થાન આગવું છે. ડો. બાબાસાહેબ આંબેડકરને અમે હમણાં માળા પહેરાવી છે. માત્ર માળા પહેરાવી દેવાથી કશું થતું નથી, તેમની દૂરદર્શિતા જોવાની જરૂર છે. સંવિધાન સારી રીતે ચલાવશે તે કામયાબ થશે. આઝાદી મળી ૨ વર્ષમાં ૫૫૨ રજવાડાને ભારતમાં ભેળવ્યા છે, પરંતુ માત્ર જમ્મુ-કાશ્મીર મારા પર છોડી દો એવું જવાહર નેહરુએ કહ્યું હતું. જવાહરલાલ નેહરુએ ધારા ૩૭૦ લાગુ કરી હતી. ૧૯૫૪માં નેહરુએ ધારા ૩૫-A જોડી દીધું, જેમાં ભારત અને જમ્મુની નાગરિકતા અલગ કરી દીધી હતી. સંસદમાંથી પસાર ન કરી, પરંતુ રાષ્ટ્રપતિ પાસે પસાર કરાવ્યું હતું. આ એમના પરપોતા જે સંસદની ચિંતા કરે છે એમને ખબર નથી કે શું કરેલું છે. ૧૨૬ કાનૂન ભારતની સાંસદે પાસ કર્યા હતા. જે તે સમયના સાંસદે પાસ કર્યા તે જમ્મુ-કાશ્મીર પર લાગુ નહોતા થતાં. મહિલાઓ પર અને બાળકો પર થતા અત્યાચારના કાયદા લાગુ થતાં નહોતા. વાલ્મીકિ સમાજના છોકરા મેડિકલ અને એન્જિનિયરિંગ કોલેજમાં એડમિશન લઈ શકતા નહોંતા. સરકારી નોકરી કરી શકતા

## જાહેરસભામાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે કોંગ્રેસ પર કર્યા આકરા પ્રહારો

નહોતા. માત્ર સફાઈ જ કરી શકતા હતા. જે.પી. નડ્ડાએ વધુમાં જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહે ધારા ૩૭૦ હટાવી દીધી. કોણ સંવિધાનને બગાડે છે અને સારું કરે છે તેને જોવાનું છે. ૧૨ જૂન ૧૯૭૫માં ઈલાહાબાદ હાઈકોર્ટે ઈન્દિરા ગાંધી વિરૂદ્ધમાં ફેંસલો આપ્યો અને ૬ મહિના સુધી ચૂંટણી લડી શકે નહિ. ભારતમાં ૨૫ જૂને ૧૯૭૫એ ઈમરજન્સી લગાવી દીધી હતી. વરિષ્ઠ નેતાઓને જેલમાં નાખી દેવામાં આવ્યા હતા. જેલમાં ગયા પરંતુ ઈમરજન્સીમાં લડ્યા હતા. હજારો પરિવારો બરબાદ થયા હતા. માત્ર પોતાની ખુરશી માટે ઈન્દિરા ગાંધીએ ઈમરજન્સી લગાવી. ડો. બાબાસાહેબે કહ્યું હતું કે, કઈ સરકાર જોઈએ તે જનતા નક્કી કરશે. સંવિધાન સાથે મજાક કરવામાં આવી હતી. ઈમરજન્સી રાતે લાગુ કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધારા ૩૭૦ હટાવી દીધી છે. સંવિધાનને કાયદાકીયમાં લાવવામાં આવ્યું છે. આજે કોંગ્રેસના નેતાઓ કહે છે ફાઈટ અગેન ઈન્ડિયન સ્ટેટ. આ કેવી વાતો કરે છે. GST લાગુ થયો, ૩૭૦ હટાવી દીધી. OBC સવૈધાનિક દરરજ્જો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપ્યો છે. જમ્મૂ કાશ્મીરમાં હમણાં ચૂંટણી થઈ હતી અને પહેલી વાર ભારતના સંવિધાન પર શપથ લીધા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે કહ્યું કે, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, મલેશિયા, ઈન્ડોનેશિયા, બાંગ્લાદેશમાં ત્રીપલ તલાક નથી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રિપલ તલાક દૂર કરી દીધો છે. ૧૦૦ વખત રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું. ઈન્દીરા ગાંધીએ ૫૦ વખત કર્યું. વડાપ્રધાને જમ્મુમાં અમે ચૂંટણી કરાવીશું કહીને લાગુ કર્યું અને ત્યારબાદ ચૂંટણી થઈ છે. કોંગ્રેસે ડો. બાબાસાહેબને ભારતરત્ન આપવાની ના પાડી દીધી હતી. મુંબઈથી ચૂંટણી જીતવા દીધા નહોતા. ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસે પણ ગૌરવયાત્રાને પણ યાદ કરીશું.

### ગીરગઢડામાં માનવભક્ષી દીપડાએ મચાવ્યો હાહાકાર

# દીપડાએ બે અલગ-અલગ ઘરની ઓંસરીમાં સુતેલા બે વૃદ્ધ પર હુમલો કરતા એકનું મોત

(સંવાદદાતા દ્વારા)
ઊના, તા.૧૯

ગીરગઢડાનાં દ્રોણ, કોદીયા ગામના પ્લોટ વિસ્તાર તેમજ ખેતિ વાડી સીમ વિસ્તારમાં માનવભક્ષી દીપડાએ આતંક મચાવ્યો છે છેલ્લા ચાર માસમાં બે વૃદ્ધાને મોતને ઘાટ ઊતારી દીધા છે અને ચાર જેટલાં લોકોને ગંભીર ઈજા કર્યાની ઘટના બની જતાં આ વન્ય પ્રાણીની હેરાનગતિના કારણે સમગ્ર વિસ્તાર થરથર ધ્રુજવા લાગ્યો છે અને વન્ય ફોરેસ્ટ વિભાગ તેમજ બીડ ગાર્ડ સામે સવાલો ઊઠાવી વન્ય વિભાગની બેદરકારી આવી ઘટના પાછળ જવાબદાર હોવાના આક્ષેપ થયા છે.

ગીરગઢડા તાલુકાના જંગલ બોર્ડરના કોદિયા ગામે ગતરાત્રીના ત્રણ વાગ્યાના સમયે શિકારની શોધમાં ચડી આવેલા એક માનવભક્ષી દીપડાએ બે અલગ-અલગ ઘરની ઓસરીમાં સુતેલા વૃદ્ધો પર હુમલો કરીને હાહાકાર મચાવી દેતાં સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી તેમ છતાંય વન્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ ઘટના સ્થળે કલાકો પછી પહોંચ્યા હોવાનાં કારણે લોકો માં રોષ ફાટી નીકળ્યો હતો.



## ગંભીર ઈજાગ્રસ્ત વૃદ્ધને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયા

કોદિયા ગામનાં પ્લોટ વિસ્તારમાં છેડે મકાન ધરાવતાં વાધાભાઈ સાદુલભાઈ વાઘેલા (ઉવ. ૫૦) પોતાના ઘરની ઓસરીમાં ખાટલે ભર નિદ્રામાં પોઢી રહ્યા હતા ત્યારે રાત્રિનાં ત્રણ વાગ્યાના સમયે દીપડો ચડી આવીને ગળું પકડી ચોંટી ગયો હતો વાંધાભાઈનો અવાજ સંભળાય તે પહેલા દીપડાએ પલંગ ઉપરથી ઢસડીને ખાટલા થી દુર લઈ જઈ મોતને ઘાટ ઉતારી દીધા હતા.

આ ઘટનાનો અવાજ સાંભળી ઘરની અંદર સુતેલા પરિવારના સભ્યો જાગી જતાં બૂમાબૂમ મચાવતાં આજુબાજુના લોકો દોડી આવી ભેગા થતાં દીપડો ત્યાંથી પાછળના ભાગે નાસી છૂટયો હતો અને બાજુની વાડીમાં આવેલા બટુકભાઈ ભીમાભાઈ બારૈયાના ઘરમાં ધુસી અગાસીમાં સુતેલા બટુક ભીમાભાઈ બારૈયા (ઉવ. ૫૫) ઉપર જીવલેણ હુમલો કરીને મોઢા, માથા અને પીઠના ભાગે ૧૫ જેટલી જગ્યા એ નોર અને દાંતથી ઈજા પહોંચાડી નાશી છુટતા દેકારો બોલી ગયો હતો. તાત્કાલિક મૃતક વાધાભાઈ સાદુલભાઈ વાઘેલાનો મૃતદેહ ગીરગઢડા હોસ્પિટલમાં પી એમ માટે ખસેડવામાં આવ્યો હતો તેમજ ગંભીર ઈજાગ્રસ્ત બટુક ભીમાભાઈ બારૈયાને ૧૦૮ મારફતે ઊના ખાનગી સંસ્થાની હોસ્પિટલમાં લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા. મધરાત્રે બનેલી વન્યપ્રાણી દ્વારા માનવી પર હુમલાની ઘટનાથી સમગ્ર ગ્રામજનોમાં ભારે રોષ ભભુકી ઉઠયો હતો અને મોટી સંખ્યામાં લોકો ભેગા થતાં ભય નાં માર્યા થરથરી રહ્યા હતા. આખી રાત વન્યપ્રાણીનો ભોગ બનેલા મૃતકો મૃતદેહ બનાવસ્થળે પડી રહ્યો હતો. આખરે લોકોના આક્રોશ બાદ સવારે લાશને પી.એમ. અર્થે ખસેડાયું હતું.

### નવી જાહેર થયેલી મહાનગરપાલિકામાં ભરતી પ્રક્રિયા હાથ ધરાશે

# ગુજરાત સરકારે આપી મંજૂરી : GPSC મારફતે નવી મનપામાં વર્ગ-૧-૨ની જગ્યાઓની ભરતી કરાશે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

રાજ્ય સરકારે તાજેતરમાં જ ગુજરાતમાં ઘણી નવી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની જાહેરાત કરી હતી, ત્યારે હવે આ નવી જાહેર થયેલી મનપામાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મનપામાં વર્ગ ૧ અને ૨ની જગ્યાઓની ભરતી કરવામાં આવશે. ગુજરાત સરકારે જગ્યાઓ ભરવા માટે મંજૂરી આપી છે. GPSC દ્વારા ભરતી પ્રક્રિયા ટૂંક સમયમાં કરવામાં આવશે. સરકાર એક વખત જગ્યાઓ નક્કી કરે ત્યારબાદ ભરતી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે. હસમુખ પટેલ દ્વારા આ અંગે ટ્વિટ કરીને જાણકારી આપવામાં આવી છે.

રાજ્યની નવી જાહેર થયેલી ૯ મહાનગરપાલિકાઓમાં અધિકારીઓની ભરતી કરવા સરકારે લીલી ઝંડી આપી છે. વર્ગ ૧ અને વર્ગ ૨ની જગ્યાઓ ભરવા માટે મંજૂરી આપવામાં આવી છે. GPSC જગ્યાઓ ભરવા માટે ટૂંક સમયમાં ભરતી પ્રક્રિયા શરૂ કરશે. સરકારી વિભાગમાંથી જગ્યાઓ અંગે વિગત મળ્યા બાદ ભરતી પ્રક્રિયા શરૂ તેમ GPSCના ચેરમેન હસમુખ પટેલે જાણકારી આપી છે.

## GPSCના ચેરમેન હસમુખ પટેલે ટ્વિટ દ્વારા આપી માહિતી

GPSCના ચેરમેન હસમુખ પટેલે X પર પોસ્ટ કરી છે કે, “રાજયમા હાલ કુલ ૧૭ મહાનગરપાલિકાઓમાં રાજ્યની અંદાજિત ૪૮ % વસતિ વસવાટ કરી રહી છે. રાજયની મહાનગરપાલિકામાં વસતાં લોકોને પાયાની સુવિધાઓ સુદ્રઢ રીતે અને સમયમર્યાદામાં પુરી પાડવી આવશ્યક છે. આ સેવાઓ નાગરિકોને સમયમર્યાદામા પુરી પાડવા માટે રાજયની મહાનગરપાલિકાઓમાં ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯, પાણી, રોડ રસ્તા, સેનીટેશન, STP, SWM, ટેન્ડરીંગ, ખરીદ પધ્ધતિ, આરોગ્ય, ઓડિટ, એકાઉન્ટીંગ, ટેક્સ વગેરે બાબતેની કામગીરી માટે સક્ષમ માનવબળની આવશ્યકતા રહે છે. આ સેવાઓ/જગ્યાઓ પરની સીધી ભરતી સ્પર્ધાત્મક, તંદુરસ્ત અને પારદર્શિ હોવી ખૂબ જ જરૂરી છે. જેથી રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકાઓ હસ્તકની વર્ગ ૧ અને ૨ જગ્યાઓની સીધી ભરતી ગુજરાત જાહેર સેવા આયોગ મારફત કરવાની અનુમતિ આપવામા આવેલ છે. આમ, મહાનગરપાલિકાઓ હસ્તકની વર્ગ-૧ અને ૨ જગ્યાઓની સીધી ભરતી ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે કરવા બાબતે સૂચનાઓ ધ્યાને લેવા વિનંતી છે. તેમ તેઓએ જણાવ્યું છે.”

આ સાથે કેટલાક સૂચનો પણ રજૂ કરવામાં આવ્યા છે : (૧) મહાનગરપાલિકાઓ હસ્તકની વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓનાં ભરતી નિયમો સામાન્ય વહીવટ વિભાગના "ભરતી નિયમો ઘડતી વખતે વિચારણા લેવાની બાબતો અંગે માર્ગદર્શક સૂચનાઓ" અંગેના તા.૧૪.૦૨.૨૦૧૯ ના ઠરાવ ધ્યાનેનાં રહેશે. (૨) મહાનગરપાલિકાઓ હસ્તકની જગ્યાની સીધી ભરતી આયોગ મારફત કરવા માટે સંબંધિત મહાનગરપાલિકાએ તેઓની સામાન્ય સભા/સક્ષમ સત્તાની મંજૂરી મેળવીને દરખાસ્ત આયોગ ને મોકલી આપવાની રહેશે. (૩) સંબંધિત મહાનગરપાલિકા દ્વારા સામાન્ય વહિવટ વિભાગના "માંગણીપત્રકનો નમૂનો અદ્યતન કરવા અંગે"ના તા.૧૨.૧૨.૨૦૨૪ના પરિપત્ર અને વખતો વખતના નિતી-નિયમોને ધ્યાને લઈને માંગણીપત્રક, ભરતી નિયમો, પરિક્ષા નિયમો સહિતની મ્યુનિસિપલ કમિશનરની સહી સાથેની દરખાસ્ત આયોગ ને કાર્યવાહી અર્થે મોકલી આપવાની રહેશે. (૪) મહાનગરપાલિકાઓ હસ્તકની જગ્યાના ભરતી નિયમોમા સીધી ભરતીની જોગવાઈ, રાજય સરકાર હસ્તકની સમાન પ્રકારની જગ્યાની સીધી ભરતીની જોગવાઈ સાથે સુસંગત હોય તો તેવી જગ્યાઓની સીધી ભરતી GPSC મારફતે કરી શકાશે. (૫) મહાનગરપાલિકાઓ હસ્તકની જે જગ્યાઓની સીધી ભરતી કરવા બાબતે દરખાસ્ત આયોગને પ્રાપ્ત થાય તે જગ્યાઓ પર જ સીધી ભરતી આયોગ મારફતે કરવાની થશે. (૬) મહાનગરપાલિકાઓ હસ્તકની આયોગ મારફત ભરવામાં આવેલ જગ્યાઓ સંબંધિત મહાનગર પાલિકાઓની ગણાશે. આ જગ્યાઓ રાજય સરકારની જગ્યાઓ ગણાશે નહીં. (૭) સીધી ભરતીની કાર્યવાહી માટે જે પણ ખર્ચ થાય તે ખર્ચ સબંધિત મહાનગરપાલિકાએ આયોગને ચૂકવવાનો રહેશે. રાજ્ય સરકારે કોઈ પણ પ્રકારનો ખર્ચ ચૂકવવાનો રહેશે નહીં.

### રિમાન્ડ માટે પોલીસે ૧૨ મુદ્દા રજૂ કર્યા

# ખ્યાતિકાંડના મુખ્ય આરોપી કાર્તિક પટેલના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર

## હોસ્પિટલમાં કાર્તિક પટેલના કહેવાથી જ બધી કામગીરી થતી હતી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલકાંડનો ભાગેડુ મુખ્ય આરોપી કાર્તિક પટેલના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. રિમાન્ડ મંજૂર થતા હવે પોલીસ દ્વારા વિવિધ મુદ્દાઓને લઈને પૂછપરછ કરવામાં આવશે.

ખ્યાતિકાંડ બાદ ૬૫ દિવસથી નાસતો મુખ્ય આરોપી અને હોસ્પિટલનો ડાયરેક્ટર કાર્તિક પટેલની ૧૭ જાન્યુઆરીની મોડીરાત્રે અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપાયો હતો. આજે (રવિવારે) પોલીસ દ્વારા ૧૪ દિવસના રિમાન્ડની માગણી સાથે આરોપીને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે ૧૦ દિવસના મંજૂર કર્યા છે.

દુબઈથી અમદાવાદ આવવા માટે કાર્તિક પટેલે કાયદાકીય રીતે બચવા અને જામીન મેળવવા માટે પ્રયાસો કર્યા હતા, પરંતુ તેના આ પ્રયાસો સફળ થયા નહોતા. તે પોલીસને થાપ આપવા દુબઈથી અમદાવાદની ફ્લાઈટની ટિકિટ ખરીદતો, પણ ફ્લાઈટમાં બેસતો નહીં. ક્રાઈમ બ્રાન્ચે કૌભાંડના પુરાવા અને ખૂટતી કડીઓ જોડવા માટેના પ્રયાસો શરૂ કર્યા છે. આજે તેનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવશે.



ક્રાઈમ બ્રાન્ચનાં સૂત્રોએ જણાવ્યું હતું કે ખ્યાતિની કુલ આવકના ૫૬ ટકા પગારમાં બતાવી નુકસાનમાં લઈ ગયો અને પગાર ઉપાડીને આવકનું સેટલમેન્ટ ખર્ચમાં કરી કરોડોનું કૌભાંડ આચર્યું હતું.

કાર્તિક પટેલને રિમાન્ડની માગણી સાથે રજૂ કરવામાં આવ્યો હતો. સરકારી વકીલ દ્વારા અલગ અલગ ૧૨ મુદ્દા રજૂ કરી રિમાન્ડની માગણી કરવામાં આવી હતી.

રિમાન્ડ અરજી પર દલીલ દરમિયાન સરકારી વકીલે જણાવ્યું હતું કે હોસ્પિટલમાં કાર્તિક પટેલના કહેવાથી જ તમામ કામગીરી થતી હતી. નવા કાયદા મુજબ નવા પકડાયેલા આરોપીને આગાઉ પકડાયેલા આરોપી સાથે રાખીને પૂછપરછ કરવી હોય તો રિમાન્ડ માગી શકાય છે. સહઆરોપીના નિવેદનમાં જણાવેલી બાબતોની તપાસ માટે આરોપીની જરૂર છે.

આરોપીના વકીલે રજૂઆતમાં જણાવ્યું કે રિમાન્ડ આપવા કે નહીં એ કેસની હકીકત અને પુરાવા પર આધારિત હોય છે. કયા સંજોગોમાં રિમાન્ડ ન આપી શકાય એ માટે જયરાજસિંહ અંગેનો ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો મૂક્યો હતો.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં આવેલો કાર્તિક પટેલ પોપટની જેમ બોલવા લાગ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ જ્યારે તેને પૂછી રહી હતી કે તારી સામે ત્રણ ફરિયાદ અમદાવાદમાં અને એક પ્રોહિબિશનનો ગુનો નોંધાયો છે ત્યારે તેણે સામેથી કહ્યું કે સાહેબ, મારી સામે હજી એક ઈડીનો ગુનો છે અને એ કેસનો નંબર પોપટની જેમ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી સામે બોલવા લાગ્યો હતો એટલે તેને તમામ વાતની ખબર હતી કે તે હવે કોઈપણ રીતે બચી શકશે નહીં.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં જ્યારે કોઈ આરોપીને લાવવામાં આવે છે ત્યારે ખરેખર ભલભલાના પગ ધ્રૂજતા હોય છે, એવા સમયે અમદાવાદમાં કરોડો રૂપિયાની જમીનો અને વૈભવી ફાર્મહાઉસ ધરાવતા કાર્તિક પટેલે ક્રાઈમ બ્રાન્ચની લોકઅપમાં રાત વિતાવી રહ્યો છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કાર્તિક પટેલ સામેની તપાસના મુદ્દા તૈયાર કરવાની શરૂઆત કરી છે. એમાં મહત્ત્વની બાબત એ છે કે ખ્યાતિ હોસ્પિટલની માલિકી મેળવ્યા બાદ તેણે ક્યાં ક્યાં રોકાણ કર્યું અને આવકમાંથી તેણે કોઈ જગ્યાએ રૂપિયા રોક્યા છે કે કેમ? બીજી તરફ સીએના રિપોર્ટની વિસંગતતા બાબતે પણ કાર્તિક પટેલની પૂછપરછ કરવાની બાકી છે. એનો રિપોર્ટ આવ્યા બાદ આવક અને ખર્ચ બાબતે તેણે શું કર્યું છે અને તેણે બીજી એજન્સીઓને ગેરમાર્ગે દોરવા કોઈ કંપનીઓ બનાવી છે કે કેમ ? એમાં ટ્રાન્ઝેક્શન થયાં છે કે નહીં ? એ જાણવાની ક્રાઈમ બ્રાન્ચે તૈયારી શરૂ કરી છે. આ બધાની સાથે ચિરાગ રાજપૂત રાહુલ જૈન અને હાર્દિક પટેલ ત્રણે ભેગા મળીને કઈ રીતે આખું કૌભાંડ ચલાવ્યું એની પણ આગામી દિવસોમાં કાર્તિક પટેલ પાસે કડક પૂછપરછ કરવામાં આવશે.

## ખિરાજે અકીદત



મર્હૂમ યુનુસભાઈ અહમદ પટેલ (અમદાવાદી)

યુનુસભાઈ અમદાવાદી જેવા બાહોશ, લાગણીશીલ, સમર્પિત સમાજસેવીની ફાની દુનિયાથી વિદાયને પગલે ભરૂચ જિલ્લા સહિત મુસ્લિમ સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેઓએ સમાજ હિતમાં સમગ્ર જીવન વ્યતીત કર્યું તેઓ સાચા લીડર, હમદર્દ અને પ્રેરણા સ્ત્રોત હતા. તેઓનું જીવન આપણા માટે ઉજ્જવળ ઉદાહરણ હતું. તેમના ઉચ્ચ મૂલ્યો અને સેવાઓની યાદગીરી હંમેશને માટે સંભારણારૂપ બની રહેશે.

આ દુઃખદ સમયે પાક પરવરદિગાર તેમના પરિવારજનો તેમજ સગા-સંબંધીઓને સબ્રે જમીલ અતા કરે. અલ્લાહતઆલા મહુર્મ યુનુસભાઈને જન્નતુલ ફીરદૌશમાં આલા મકામ અતા કરે એવી દિલી દુઆઓ છે.

**દુઆગો**

- ઇબ્રાહિમ બાજીભાઈ -- મુસ્તાક તાંદરજાવાલા
-- મુસ્તાક અફુજી (મુ.દયાદરા,તા.જી.ભરૂચ)

# આજથી ધોરણ-૯થી ૧૨ની સ્કૂલોમાં પ્રિલીમ-દ્વિતીય પરીક્ષાનો પ્રારંભ

## રાજ્યની ૧૨ હજાર કરતાં વધુ સ્કૂલોમાં ૩૦ લાખથી વધુ વિદ્યાર્થી પરીક્ષા આપશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના એકેડેમિક કેલેન્ડર મુજબ સોમવારથી ધોરણ-૯થી ૧૨ના અંદાજે ૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓની દ્વીતીય અને પ્રિલીમ પરીક્ષા શરૂ થશે. રાજ્યમાં આવેલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓ મળી કુલ ૧૨ હજાર કરતા વધુ સ્કૂલોમાં પરીક્ષા લેવામાં આવશે, જે ૨૮ જાન્યુઆરી સુધી ચાલશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દર વર્ષની જેમ આ વખતે પણ શૈક્ષણિક વર્ષની શરૂઆત સાથે જ સમગ્ર વર્ષ માટેનું એકેડેમિક કેલેન્ડર જાહેર કરી દેવામાં આવ્યું હતું. આ કેલેન્ડરમાં બંને સત્રના શિક્ષણકાર્યના દિવસો, પરીક્ષા, જાહેર રજા તેમજ દિવાળી અને ઉનાળુ વેકેશનનો સમયગાળો જાહેર કરવામાં આવ્યો હતો. કેલેન્ડર મુજબ ધોરણ-૯ અને ૧૧ની દ્વિતિય પરીક્ષા અને ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પ્રિલિમ પરીક્ષાનો સોમવારથી સત્તાવાર પ્રારંભ થશે. આ પરીક્ષા ૨૮ જાન્યુઆરીના રોજ છેલ્લા પેપર સાથે પુર્ણ થશે. રાજ્યની સ્કૂલોમાં દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ ૧૮ નવેમ્બરથી કુલ ૧૩૫ દિવસના બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો. બીજા સત્રના ૧૩૫ દિવસમાથી હવે ૫૫ દિવસ બાકી રહ્યાં છે. જેમાં જાન્યુઆરીમાં ૭, ફેબ્રુઆરીમાં ૨૩, માર્ચમાં ૨૪, એપ્રિલમાં ૨૨ અને મે મહિનામાં ૩ દિવસ રહેશે. આ દિવસોમાં પરીક્ષાઓનું પણ આયોજન થશે. મોટાભાગે સ્કૂલોએ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ પૂર્ણ કરી દેવામાં આવ્યો છે અને હાલમાં આ વિદ્યાર્થીઓ ઘરેથી જ બોર્ડની પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પ્રિલીમ પરીક્ષા ૨૮ જાન્યુઆરીના રોજ પુર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ પાસે બોર્ડની પરીક્ષા માટે એક માસ જેટલો સમય બાકી રહેશે. ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થનાર છે. જેથી પ્રિલીમ પરીક્ષા બાદ વિદ્યાર્થીઓ પ્રશ્નપત્ર લખવાની પ્રેક્ટિસ અને રિવિઝન કરવા લાગશે.

# ધોરણ-૯ અને ૧૧ની નવી સ્કૂલો શરૂ કરવા ૩૧મી સુધી અરજી કરી શકાશે

## અરજી કરવાની મુદત પૂર્ણ થયા બાદ બોર્ડે મુદતમાં વધારો કર્યો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૯

રાજયમાં નવા શૈક્ષણિક વર્ષથી ખાનગી ધોરણ-૯ અને ધોરણ-૧૧ની સ્કૂલો શરૂ કરવા માટે ઓનલાઈન અરજી કરવાની મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. ૨૦ ડિસેમ્બરથી શરૂ થયેલી આ કાર્યવાહીમાં ૧૯ જાન્યુઆરી સુધીની મુદ્દત અપાઈ હતી. જોકે, હવે શિક્ષણ બોર્ડ દ્વારા વધુ સ્કૂલો શરૂ કરવા માટે અરજી કરી શકે તે માટે ૩૧ જાન્યુઆરી સુધીની મુદત વધારવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે નવી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ૨૦ ડિસેમ્બરથી ઓનલાઈન અરજી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સંસ્થાઓ ૧૯ જાન્યુઆરી સુધી જરૂરી આધાર પુરાવા સાથે ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. દરમિયાન, સંચાલક મંડળ દ્વારા નવી સ્કૂલો શરૂ કરવા માટે સંસ્થાઓને આપવામાં આવતા દિવસોમાં વધારો કરવા માટે રજૂઆતો કરવામાં આવી હતી. જેમાં સંચાલક મંડળે વધુ પંદર દિવસની મુદત લંબાવવામાં આવે તો અનેક સંસ્થાઓ જે પુરતા ડોક્યુમેન્ટ એકત્ર કરી શકી ન હોવાથી અરજી કરી શકી ન હોવાથી તેમને તક મળે તે માટે માગણી કરાઈ હતી. દરમિયાન શિક્ષણ બોર્ડ દ્વારા હવે નવી સ્કૂલો શરૂ કરવા માટેની અરજી કરવાની મુદ્દતમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. જે અનુસાર, હવે સંસ્થાઓ ૩૧ જાન્યુઆરી સુધી નવી સ્કૂલો શરૂ કરવા માટે અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS